# વિશ્લેષણ

દાદા ધર્માધિકારી

18930
ધર્માધિકારી
ચિંતનિકા

10 DEC 1966
29 JAN 1967
22 MAR 1967

गांधी स्मृति ग्रंथालय
भावनगर

G 50
300
DHA
18930

GANDHI SMRITI LIBRARY
BHAVNAGAR

# વિશ્લેષણ

[ વડોદરા વિચાર-શિબિરનાં આઠ વ્યાખ્યાનો ]

દાદા ધર્માધિકારી

યજ્ઞ પ્રકાશન : ભૂમિપુત્ર : હુઝરાતપાગા, વડોદરા

પહેલી આવૃત્તિ : ૨૫૦૦ : ૧૧ સપ્ટેમ્બર ૧૯૬૧

કીમત રૂ. ૧-૨૫

યજ્ઞ પ્રકાશન વતી કિશન ત્રિવેદીએ
યજ્ઞ મુદ્રિકા, હુજરાતપાગા, વડોદરાથી છાપીને પ્રગટ કર્યું

# પ્રકાશકીય

" આ પુસ્તકનું નામ શું રાખીશું ? " એક મિત્રને પૂછ્યું.

" મેં ઝીણવટથી આ બધાં વ્યાખ્યાનો વાંચ્યાં નથી. પણ તમે કહો કે બધાં વ્યાખ્યાનોનો મુખ્ય સૂર શું હતો ? દાદા આ વખતની વ્યાખ્યાનમાળામાં ખાસ શું કહેવા માગતા હતા ? "

મેં માથું ખંજવાળ્યું, " જુદા જુદા વિષય પરનાં આ વ્યાખ્યાનો હતાં. એમાંથી કોઈ એક ધ્રુવપદ ઊપસી આવતું'તું એમ ન કહેવાય. દરેક વિષયનું દાદાએ પોતાની લાક્ષણિક ઢબે વિશ્લેષણ કરી આપ્યું. રાજકીય, આર્થિક, સામાજિક, આધ્યાત્મિક વગેરે વિવિધ વિષયોનું એમણે પૃથક્કરણ કરી બતાવ્યું, એમ કહેવાય. "

" બસ, તો નામ રાખો —' વિશ્લેષણ ' "

" હં, પણ... એ Catchy નહીં બને, ચોટડૂક નહીં બને. "

" હા, એ ખરું પણ એ શબ્દ દાદાની શૈલિના હાર્દને છતું કરે છે. સર્વોદય વિચારનું એક આચાર્યની શાસ્ત્રીય ઢબે વિવરણ કરવું એ સર્વોદયને દાદાની દેણ છે. અને આવાં વસ્તુના સત્ત્વને અભિવ્યક્ત કરતાં નામો તો દાદા જેવાના પુસ્તક દ્વારા લોકજીભે નહીં ચઢે તો બીજા કોના દ્વારા પ્રચલિત બનશે ? "

અને એમ આ પુસ્તકને નામ મળ્યું —' વિશ્લેષણ '. ૯ જુલાઈથી ૧૨ જુલાઈ ૧૯૬૧ દરમ્યાન વડોદરામાં થયેલ વ્યાખ્યાનમાળાનાં આઠ વ્યાખ્યાનો આ પુસ્તકમાં સંઘરાયાં છે. પરિસ્થિતિ આજે જ્યારે માણસના પુરુષાર્થનું ઉપાદાન બનવાને બદલે માણસના માથા પર સવાર થતી જણાય છે ત્યારે એનું સર્વોદય દૃષ્ટિએ થયેલ આ વૈજ્ઞાનિક વિશ્લેષણ એ પરિસ્થિતિને પલાણવા માટે ઉપયુક્ત થશે એવી આશા સાથે અમે આ પુસ્તક ગુજરાતને ચરણે ધરીએ છીએ. આશા છે દાદાનાં અગાઉનાં ત્રણ પુસ્તક —' વિચારક્રાંતિ ', ' શાંતિ-વિચાર ' અને ' બુદ્ધ–શંકર–માર્ક્સ–ગાંધી '—ની જેમ આને પણ ગુજરાત હોંશભેર આવકારશે.

# વ્યાખ્યાનમાળા


| | | |
|---|---|---|
| ૧ | સર્વોદયના સંદર્ભમાં જાગતિક પરિસ્થિતિ | ૫ |
| ૨ | લોકસત્તાની સ્થાપના | ૨૨ |
| ૩ | વાસ્તવિક લોકસ્વરાજ્ય | ૩૫ |
| ૪ | માનવીય દષ્ટિએ અર્થવ્યવસ્થા | ૪૯ |
| ૫ | ગ્રામસ્વરાજ્ય અને વિશ્વબંધુત્વ | ૬૭ |
| ૬ | વિજ્ઞાનયુગમાં અધ્યાત્મ | ૮૧ |
| ૭ | અહિંસક સંગઠન | ૯૫ |
| ૮ | રાષ્ટ્રીય એકતા | ૧૧૩ |

: ૧

# સર્વોદયના સંદર્ભમાં જાગતિક પરિસ્થિતિ

આજે કેટલાંક વરસો પછી આપ સૌના દર્શનનું ભાગ્ય ફરીથી મને પ્રાપ્ત થયું. મિત્રોએ આસ્થાપૂર્વક અને સ્નેહપૂર્વક મને આગ્રહ કર્યો કે હું અહીં આવી જાઉં. એટલા માટે હું તમારી સૌની સેવામાં ઉપસ્થિત થયો છું.

આમ તો ચાલીસ વરસોથી લગાતાર સાર્વજનિક અને નાની નાની સભાઓમાં ભાષણ કરતો રહ્યો છું. જે વ્યક્તિ આટલું બધું બોલી હોય એની પાસે બોલવાનું કંઈ શેષ રહી જાય છે તેવું ન તો હું માનું છું ન તમે માનો છો. હું કંઈ કવિ નથી કે રોજ નવી નવી કવિતા લખું. કોઈ ગાવાવાળો ગવૈયો હોય તો એનાં એ જ ગીતોને જુદા જુદા રાગોમાં ગાઈ બતાવે. હું તો એક સાધારણ વિદ્યાર્થી છું. પરિસ્થિતિનું અધ્યયન કરું છું. હું કદી કોઈ નિષ્કર્ષ કાઢતો નથી. સામાન્ય રીતે નિષ્કર્ષ એ માણસ કાઢે છે, જે પરિસ્થિતિમાંથી કંઈક સત્તા પ્રાપ્ત કરવા ઇચ્છે છે. અધ્યયન કરનારનો તો એ સ્વભાવ હોય છે કે સમસ્યાઓને સમજવા પ્રયત્ન કરવો. સમસ્યાનું સ્વરૂપ તમે સમજી લો એટલે તમારું કામ સમાપ્ત થાય છે.

### સમસ્યાને સમજવી એ જ એનો ઉકેલ

ગૂંચવણમાંથી જ સમસ્યા પેદા થાય છે. પહેલાં દિમાગ ગૂંચવાય છે, પછી દિલ અને પછી માણસ અંદરોઅંદર ગૂંચવાય છે. ગૂંચવણનું નામ જ સમસ્યા છે. એટલે સમસ્યા કે પ્રશ્નનો

કોઈ ઉત્તર જ નથી હોતો. જેવી રીતે ગણિતમાં Simplification નો દાખલો હોય છે એમાં તમે Simplify કરી લો એટલે દાખલો પતી જાય છે. જે સામાન્ય રૂપ, પ્રાથમિક રૂપ સુધી તમે પહોંચી જાઓ છો પછી પ્રશ્ન પ્રશ્ન નથી રહેતો, પરંતુ પ્રશ્ન ઉકેલાઈ જાય છે. હું પણ આવું જ કરતો રહ્યો છું.

કેટલીક વ્યક્તિઓ એવી હોય છે જેમનામાં અંતરસ્ફૂર્તિ હોય છે અને જેમની અંદરથી નિત્યનૂતન ઉન્મેશ પ્રગટ થાય છે. એવી વ્યક્તિઓની પ્રતિભા ઉંમરની સાથે વધતી જતી હોય છે. કાળ એમની પ્રતિભાનો નાશ નથી કરી શકતો. જેમના જીવનનો સતત વિકાસ થાય છે એવી વિભૂતિઓ સંસારમાં ઓછી જોવા મળે છે. ગાંધી–વિનોબા આવી વિભૂતિઓમાં આવી જાય છે. પશ્ચિમમાં પણ એવી કેટલીક વ્યક્તિઓ આજે છે જેમની પ્રતિભાનો વિકાસ ઉંમરની સાથે સાથે લગાતાર થતો રહ્યો છે. પરંતુ આ વ્યક્તિઓ તો પ્રતિભાસ્વરૂપ જ હોય છે. બીજી કેટલીક વ્યક્તિઓમાં ઉંમર વધવાની સાથે પ્રતિભા સમાપ્ત થાય છે, પણ બુદ્ધિનો આવેગ શેષ રહી જાય છે. અને એ આવેગને કારણે લગાતાર સો વરસની ઉંમર સુધી કંઈ ને કંઈ કહ્યા કરે છે. પરંતુ એમાં ન કંઈ ઉપયોગિતા હોય છે કે ન કંઈ પ્રગતિશીલતા.

ઇંગ્લૅન્ડમાં એક ઈલીયટ નામનો કવિ કેટલાંક વરસ પહેલાં થઈ ગયો. આજના યુગનું વર્ણન કરતાં એ કહે છે કે An age that advances progressively backward. આજનો યુગ ઉત્તરોત્તર પ્રગતિ તો કરે છે, પરંતુ એની પ્રગતિ પુચ્છ–પ્રગતિ છે. આવા પ્રકારના યુગમાં કદાચ આપણે લોકો રહીએ છીએ. આજના ઘણા બુદ્ધિમાન લોકોમાં પ્રતિભા ઓછી છે. હું એ બન્ને પ્રકારની વ્યક્તિઓમાંથી એકેયમાંનો નથી. મારામાં બુદ્ધિના આવેગ પણ ઓછા થઈ ગયા છે, ઉન્મેશ સમાપ્ત થઈ ગયો છે. આજે હું કંઈક સંકોચની સાથે આપની સમક્ષ આવ્યો છું.

મેં શ્રોતાઓને મારા આરાધ્ય દેવતા માન્યા છે. વાણીની ઉપાસનામાં બીજો કોઈ દેવતા હોઈ શકે નહીં.

श्रोता वक्ता च भगवान् परमात्मा वासुदेवः ।

વાણી જેની ઉપાસના છે તેનો શ્રોતા સિવાય બીજો કોણ દેવતા હોઈ શકે ? જે બોલે છે તે અધ્યયન કરે છે, જે સાંભળે છે તે અધ્યયનમાં સહયોગ આપે છે. આ દૃષ્ટિથી આજે આપણે જાગતિક પરિસ્થિતિનો વિચાર કરવાનો છે. એક અધ્યયનશીલ વિદ્યાર્થીની દૃષ્ટિએ એમાં તટસ્થતા હોય છે અને તટસ્થ હમેશાં નમ્ર હોવો જોઈએ. જે નમ્ર નથી તે તટસ્થ ન થઈ શકે.

જેનામાં બૌદ્ધિક અહંકાર હોય, બૌદ્ધિક ઉન્માદ હોય એવો માણસ અધ્યયનશીલ નથી હોતો. તે પોતાની બુદ્ધિને જ પોતાના વિજયનું અસ્ત્ર બનાવી લે છે. અને જેની બુદ્ધિ અસ્ત્ર બને છે તે બીજાની બુદ્ધિને પરાસ્ત કરે છે. પહેલાં શાસ્ત્રાર્થ ચાલતો હતો. માર્કર્સે Dialectics કહ્યું એમાં પણ બે સિદ્ધાન્ત એકબીજાના મુકાબલામાં ઊભા રહીને એકબીજાની સાથે ટકરાય છે. એમાં ત્રીજો આવી જાય છે અને તે પણ એક નવો સિદ્ધાન્ત બની જાય છે. એના મુકાબલામાં વળી બીજો આવે છે. આમ અનંત પરંપરા ચાલતી રહે છે. આમાં એક મનુષ્ય બીજા મનુષ્યની બુદ્ધિને હરી લે છે, સુવડાવી દે છે, હતપ્રજ્ઞ કરી દે છે, હતવીર્ય કરી દે છે. હું માનું છું કે માણસના શરીરની હત્યાથી આ હત્યા વધારે ભયંકર છે. એક મનુષ્યની બુદ્ધિ બીજા માણસને પરાસ્ત કરે છે એનાથી વધારે મોટો બૌદ્ધિક અત્યાચાર બીજો હોઈ ન શકે ખરી રીતે હોવું એમ જોઈએ કે આપણે એકબીજાની બુદ્ધિને જાગ્રત કરીએ. જો મારી બુદ્ધિ તમારી બુદ્ધિને વિકસિત કરે છે અને તમારી બુદ્ધિ મારી બુદ્ધિને વિકસિત કરે છે તો આપણે બન્ને બુદ્ધિનિષ્ઠ છીએ. પરંતુ મારી બુદ્ધિ તમને પરાસ્ત કરવામાં

લાગેલી છે અને તમારી બુદ્ધિ મારી બુદ્ધિને પાડી દેવામાં, મૂર્છિત કરી દેવામાં જ રુચિ રાખે છે તો આપણે સંપ્રદાયવાદી છીએ, બુદ્ધિનિષ્ઠ નથી.

**સર્વોદયની દૃષ્ટિ એટલે નિરુપાધિક સ્વચ્છ દૃષ્ટિ**

આટલી પ્રસ્તાવના કરવાનું કારણ એ છે કે આજના વિષયનું નામ છે: સર્વોદયની દૃષ્ટિએ જાગતિક પરિસ્થિતિ. આપણે પરિસ્થિતિનું અધ્યયન સ્વચ્છ દૃષ્ટિએ જ કરવું છે. બીજી કોઈ પણ દૃષ્ટિએ નહીં; એ દૃષ્ટિ ન તો ગાંધીની હશે, ન વિનોબાની, ન માર્ક્સની, ન ક્રુશ્ચોવની, ન કેનેડીની કે ન માઓની. આ બધાઓના ચશ્માના નંબર અલગ અલગ છે. કેટલાકના પ્લસ છે, કેટલાકના માયનસ છે. એમાં વળી આપણે એક સર્વોદયના ચશ્મા લગાવીએ તો એમાં આંખ જ નહીં રહે. આપણે જરૂર છે સાબૂત આંખની. એટલે દુનિયામાં જે મોટી મોટી વિભૂતિઓ થઈ ગઈ, તેમનાં ચરણોમાં આપણે વંદન કરીશું પરંતુ એમનું શબ્દ-પ્રામાણ્ય નહીં માનીએ. દરેકની આંખ તેના પોતાને માટે પ્રમાણ છે.

હમણાં જ કેટલાક દિવસ પહેલાં મુંબઈમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ જઈ રહ્યો હતો. એમાં પુલ ઉપરથી ટ્રેઇન અને નીચેથી મોટર પસાર થઈ રહી હતી. વરસાદ ખૂબ હતો. નાળામાં પાણી ભરાયું હતું. હું જે મોટરમાં બેઠો હતો તે મોટરનો ડ્રાયવર અટકી ગયો. એને ડર હતો કે પાણી એન્જીનમાં ન જતું રહે. નજીકમાં જ બે-ચાર માણસો બેઠા હતા. એ લોકોએ કહ્યું કે ચિંતા ન કરશો. પાણીમાંથી મોટર નીકળી જશે, ચાલવા દો. પણ પેલો ડ્રાયવર ગભરાતો હતો. પેલા લોકોએ કહ્યું કે તું શા માટે ગભરાય છે? પાણીમાં જો મોટર અટકી જશે તો એને ધકેલવા માટે અમે અહીં બેઠા છીએ. પણ પેલો ડ્રાયવર ચલાવે જ નહીં. મેં એને કારણ પૂછ્યું તો કહે કે આ લોકો અહીં એટલા માટે જ બેઠા છે કે આ ખાડામાં મોટર અટકી જાય તો આઠ–દસ રૂપિયા લઈને મોટર

કાઢી આપે. તો વરસાદની તરફ જોવાની એમની પણ એક દૃષ્ટિ હતી. એ જ મુંબઈમાં નીચાણવાળા ભાગમાં બીજી એક જગ્યાએ પાણીનું ખાબોચીયું ભરાયું હતું. એમાં કેટલાંક બાળકો રમતાં હતાં. બાળકોને **એકબીજા** ઉપર પાણી ઉડાવવામાં બહુ આનંદ આવતો હતો. તો આવી રીતે પેલા માણસોને વરસાદ આવ્યાની ખુશી હતી કે પાણીમાં મોટર ફસાઈ જાય તો ૧૦–૨૦ રૂપિયા કમાઈ લઈએ, જ્યારે પેલો ડ્રાયવર બિચારો હેરાન–પરેશાન હતો કે આ જ વખતે આ વરસાદ શું કામ આવ્યો ? અને આ ખાડો શું કામ ભરાયો ? દરેકનાં ચશ્મા અલગ અલગ થઈ ગયાં. વસ્તુ તો એટલી જ થઈ કે વરસાદ પડ્યો અને ખાડો ભરાયો. પરંતુ આ વસ્તુની તરફ જોવાનાં દરેકનાં દૃષ્ટિબિન્દુ અલગ અલગ છે. આવી જ રીતે આપણી પણ જો દૃષ્ટિ હોય તો વસ્તુસ્થિતિ વસ્તુસ્થિતિ નહીં રહે. એના ઉપર કોઈ ને કોઈ રંગ ચડી જશે. તટસ્થતામાં એ કોશિશ થવી જોઈએ કે એના ઉપર કોઈ રંગ ન ચડે.

### તટસ્થતા એ અનાસ્થા કે લાપરવાહી નથી

તો શું તટસ્થતા અનાસ્થા છે ? લાપરવાહી છે ? દુનિયાનું ગમે તે થઈ જાય પણ હાથી ચલત હૈ અપની ગતમેં ! શું આપણું વલણ આ પ્રકારનું હશે ? જો આપણું વલણ આવું હશે તો આ વલણ વિરક્તિનું વલણ કે વૈરાગ્યનું વલણ નહીં હોય પણ નિર્ઘૃણતાનું હશે. જે ઘટનાઓ દુનિયામાં બની રહી છે, દુનિયામાં જે પરિસ્થિતિ પેદા થઈ રહી છે એનો આપણા હૃદય ઉપર કોઈ આઘાત નહીં થાય ? એને માટેની કોઈ સંવેદના આપણા હૃદયમાં નહીં જાગે ? શું આપણું હૃદય પત્થર રહેશે ? જો આપણું હૃદય પત્થર જ રહે તો તો પછી આપણે જડત્વની દિશામાં પ્રયાણ કર્યું પછી એમાં કોઈ પણ પ્રકારની સજીવતા નહીં રહે. આને disinterestedness—તટસ્થતા ન કહેવાય.

ઈંગ્લાંડમાં પાર્લામેન્ટનો એક નિયમ હોય છે કે પાર્લામેન્ટનો સભ્ય તટસ્થ હોવો જોઈએ, disinterested હોવો જોઈએ.

તે વખતે ચર્ચીલ પ્રધાનમંત્રી હતો. એણે તટસ્થતાની વ્યાખ્યા કરી કે This is the assembly of gentlemen, who are not interested in anything! જેમને કોઈ પણ વસ્તુમાં રસ નથી એવી વ્યક્તિઓની આ સભા છે, સમુદાય છે! એ કહે છે કે This is ridiculous—આ હાસ્યાસ્પદ છે. It might happen in heaven, fortunately not here. આવું સ્વર્ગમાં થઈ શકે, સદ્ભાગ્યે અહીં નહીં.

માણસના ચિત્તમાં જીવનને માટે સહાનુભૂતિ હોય, પક્ષપાત હોય, સમાજપરિવર્તનની ઉત્કટતા હોય, પરંતુ એમાં પોતાનો કંઈ સ્વાર્થ સાધવાની દાનત ન હોય, એવી વૃત્તિને તટસ્થ વૃત્તિ કહે છે. એવી તટસ્થ વૃત્તિમાં નમ્રતા હોય છે. પરિસ્થિતિનું મારું જે નિદાન છે તે જ સાચું છે અને તમારું ખોટું છે એમ હું નહિ કહું, પરંતુ જો પરિસ્થિતિનું મારું નિદાન તમારા નિદાનથી ભિન્ન હશે તો તેને હું સમજવાનો પ્રયત્ન કરીશ. અને મને જો ખબર પડે કે મારું નિદાન તમારા સ્વાર્થની સાથે ટકરાય છે અથવા તો મારા વિકારની સાથે જોડાએલું છે તો મારું નિદાન પણ ખોટું અને તમારું નિદાન પણ ખોટું અને બન્ને મળીને એકડે એકથી અધ્યયન કરવું જોઈએ. આજે જે પરિસ્થિતિમાં તમે અને હું છીએ એનો વિચાર કરવામાં પ્રાસ્તાવિક નિવેદન એ છે કે આપણે સૌ આટલી તટસ્થતા અને નમ્રતાની ભૂમિકાથી વિચાર કરીશું, તો આપણે એક પરિણામ પર પહોંચી શકીશું. નહીં તો વિચારવું જ અસંભવ છે. કેટલા મોટા મોટા માણસોની બુદ્ધિ આજે કુંઠિત થઈ ગઈ છે. એમનું માથું જ કંઈ કામ કરતું નથી. તો પછી હું તો કોણ મોટો સ્વર્ગથી ઊતરી આવ્યો છું કે પોતાની બુદ્ધિમાં એવો અહંકાર રાખું કે જે વાત બીજું કોઈ નથી સમજતું એ વાત હું સમજું છું. પરંતુ તટસ્થતાપૂર્વક સમજવાની કોશિશ કરીએ તો શુદ્ધ, તટસ્થ વિચાર લઈને તટસ્થતાની ભૂમિકાએ દુનિયાની પરિસ્થિતિ જોવી પડશે.

## માણસ અને વિજ્ઞાન

બાળપણનો એક પ્રસંગ છે. અમારા સ્કૂલમાસ્તર રોજ એક છીંકણીની ડબ્બી લાવતા હતા. એ ડબ્બી ગોળ હતી. પૃથ્વી કેવી હોય છે તે સમજાવવા માટે તેનો ઉપયોગ કરતા. પૃથ્વી કેવી છે? તો કે આ ડબ્બી જેવી ગોળ. એક દિવસ ઇન્સ્પેક્ટર સાહેબ શનિવારે ઇન્સ્પેકશન માટે આવ્યા. અને તે દિવસે કમનસીબે માસ્તર સાહેબ ભૂલથી ગોળ ડબ્બીને બદલે ચોરસ ડબ્બી લઇ આવેલા. ઇન્સ્પેક્ટર સાહેબે છોકરાઓને પૂછ્યું કે પૃથ્વી કેવી છે? પેલો છોકરો બિચારો ગભરાયો. પેલા માસ્તરે ડબ્બી બતાવી. તે જોઈને પેલા છોકરાએ જવાબ આપ્યો કે The earth is round on other days but square on Saturday— શનિવારે ચોરસ હોય છે અને બાકીના દિવસે ગોળ હોય છે.

વિજ્ઞાને આજે આપણી સાથે આવું કર્યું છે. The world is always round but it has suddenly become very small. પૃથ્વી ગોળ તો હમેશાંને માટે રહી છે પણ એકાએક તે એટલી બધી નાની થઇ ગઇ છે કે આપણાં દિલ એની સાથે તાલ મેળવી ન શકયાં અને તે નાનાં જ રહી ગયાં. દુનિયા નાની થઈ ગઈ એની સાથે સાથે દિલ પણ નાનું થઇ ગયું. વિજ્ઞાનની એક અદ્‌ભુત શક્તિ આપણા હાથમાં આવી ગઈ પરંતુ દિલ પહેલાનું જ કાયમ રહ્યું એટલે વિજ્ઞાનને કારણે સ્પર્ધાનો આરંભ થયો. સામ્યવાદ, સમાજવાદ વગેરે દુનિયામાં સ્પર્ધા, પ્રતિયોગિતા બંધ કરવા સારુ પ્રવૃત્ત થયા. દુનિયામાંથી પ્રતિયોગિતાનો અંત આવશે એવું આ લોકો કહે છે પરંતુ થઈ રહ્યું છે ઊલટું અંદેશો છે કે જો કાલે ઊઠીને વિશ્વ આખું નાનું થઇ જાય અને આપણે આવાં જ નાનાં દિલ લઇને ચંદ્ર, મંગલ, બુધમાં જઈશું? ત્યાં જઈને પણ આપણે એક-બીજા ઉપર શસ્રાસ્ર ચલાવવાનો મોકો શોધીશું? મનુષ્યનો સ્વભાવ નથી બદલાયો ત્યાં સુધી વિજ્ઞાનમાં પણ સ્પર્ધા રહેશે.

એક કિસ્સો છે ને ? કે ઘોડા ઉપરથી એ પડી ગયો પણ ઘોડો હોશિયાર હતો. એણે એને ઉઠાવીને પીઠ પર બેસાડી દીધો અને સવારને હોસ્પિટલમાં લઈ ગયો. લોકોએ એનાં વખાણ કર્યાં. છાપાંવાળાઓએ અભિનંદન આપ્યાં કે ઘોડાએ સવાર પડી જતાં જ એને ઉઠાવીને દવાખાના ભેગો કર્યો. તો પેલાએ કહ્યું કે મને તમારા બધાંના દિમાગની દયા આવે છે. ઘોડો હોશિયાર તો ખૂબ હતો પણ એ મને માણસોની હોસ્પિટલમાં નહીં પરંતુ પશુની હોસ્પિટલમાં લઈ ગયો ! વિજ્ઞાન આ મહાનુભવોની સાથે આવું જ કરી રહ્યું છે. સવાર સાવધાન નથી અને ઘોડો અવળી દિશામાં ગતિપૂર્વક દોડી રહ્યો છે. આ ઘોડાની ગતિ અને મતિને આશરે આજના બધા નેતા ચાલી રહ્યા છે !

### યુદ્ધ અને શાંતિ

આજ દુનિયામાં જાતજાતના વિચારો રજૂ થાય છે. એમાં આ પણ એક વિચાર છે કે War is no lenger a continuation of politics—રાજનીતિનો વિસ્તાર કરવાનું સાધન હવે યુદ્ધ નથી રહ્યું. એનાથી કોઈ પણ આંતરરાષ્ટ્રીય ઉદ્દેશ કે સ્વાર્થ હવે સિદ્ધ ન થઇ શકે. પહેલાં શું હતું ? પહેલાં શાંતિ જીવનનો નિયમ હતો અને વચમાં વચમાં કોકવાર યુદ્ધ ફાટી નીકળતાં હતાં. પરંતુ મુખ્યત્વે શાંતિ જ રહેતી હતી. War was interruption of peace. શાંતિમાં યુદ્ધ વિઘ્ન રૂપ, અંતરાય રૂપ થતું હતું. થોડા દિવસો માટે શાંતિમાં વિક્ષેપ આવતો હતો, એને યુદ્ધ કહેતા હતા. પરંતુ હવે Peace is interval between wars. બે યુદ્ધો વચ્ચેની જે અવધિ હોય, સંધિકાળ હોય એને શાંતિ કહે છે. અને આ બે યુદ્ધ પણ કેવાં ? જેમાંથી કોઈ આંતરરાષ્ટ્રીય ઉદ્દેશ કે સ્વાર્થ સિદ્ધ ન થઈ શકે. એટલા માટે કેનેડીના સલાહકારોમાંથી એક મોટા સલાહકારે કહ્યું કે We must work for an unarmed world, under the law. આપણે એવી દુનિયા માટે કામ કરવું

જોઈએ જેમાં શસ્ત્રાસ્ત્ર નથી, પરંતુ જેમાં રાજ્ય કાનૂનનું છે, સંવિધાનનું છે. એણે Balance of terror ની જગ્યાએ Balance of World Securityની વાત કહી. માનવીય સુરક્ષિતતા તરફ ડગલાં માંડવાં જોઈએ. તમે મને આતંકિત કરો, હું તમને આતંકિત કરું છું, બન્ને એકબીજાને આતંકિત કરીએ છીએ. યુદ્ધનાં નગારા ઉપર ધ્રૂજતે પગે ઊભા છીએ.

આવી પરિસ્થિતિમાં World Collective Security—માનવજાતની સુરક્ષિતતા તરફ ડગલાં માંડવાં જોઈએ, એમ કૈનેડી કહે છે, જ્યારે બીજી બાજુ ક્રુશ્ચેવ અને માઓ કહે છે કે અમે ધાર્યું હતું કે સમાજવાદ આવશે, સામ્યવાદ આવશે તો દુનિયામાંથી હથિયાર ખતમ થઈ જશે અને ઓજાર જ ઓજાર રહેશે. દુનિયામાં શસ્ત્રોની પ્રતિષ્ઠા નહીં રહે, ઉપકરણોની પ્રતિષ્ઠા રહેશે. પરંતુ જોઈએ છીએ કે જે લોકોએ ઓજારની પ્રતિષ્ઠા-ઇજ્જત વધારવાની પ્રતિજ્ઞા કરી હતી તે જ રશિયા અને ચીનમાં હથોડા અને દાતરડાની Dictatorship ચાલી રહી છે. ઓજાર સિંહાસન પર સવાર થતાં જ હથિયાર બની ગયું. લિંકને કહ્યું હતું કે લોકોને જે ડરામણી અને ભયંકર લાગતી પલટણ છે એમાં આપણી શક્તિ નથી પરંતુ આપણી શક્તિ Spirit of the World Freedom—સ્વતંત્રતાની વૃત્તિમાં, સ્વતંત્રતાની આકાંક્ષામાં, છે જે સ્વતંત્રતા માટે આપણે માન્યું હતું કે This is the birth-right of all men in all the countries at all times everywhere—દરેક માણસનો દરેક દેશમાં દરેક વખતે, દરેક જગ્યાએ જે જન્મસિદ્ધ અધિકાર છે, તે સ્વતંત્રતાની વૃત્તિ એ જ આપણી સાચી શક્તિ છે. આજે ત્યાં શું છે? એ જ દેશમાં આજે ડોલર ડેમોક્રસી છે. ડેમોક્રસી છે, લોકતંત્ર છે પણ એ બધું જ સુવર્ણ વડે તોળાય છે. આપણે ત્યાં જેવી રીતે રાજામહારાજાઓને સુવર્ણ વડે તોલતા હતા,

આગાખાન જેવો તો હીરામાં તોળાતો હતો, ત્યારે ત્યાં તો લોકતંત્રની તુલા જ સોનામાં થઈ ગઈ છે.

ત્યાં રશિયામાં People's Democraey છે એમ કહે તો છે પણ છે Dictatorship. Dialectiesનો સિદ્ધાન્ત લાગુ પડે ને ? જો શાંતિ ઈચ્છતા હો તો શાંતિ વર્ગવિગ્રહમાંથી, વર્ગસંઘર્ષમાંથી મળશે.—Peace from class struggle. જો વર્ગહીન સમાજ ઇચ્છતા હો તો એક વર્ગની બીજા વર્ગ ઉપરની અધિસત્તા સ્વીકારો. એ વર્ગીય અધિરાજ્યમાંથી વર્ગહીન સમાજ આવશે, રાજ્ય સંસ્થાનું વિલીનીકરણ જોઇતું હોય તો તે સર્વાંકુશ—Omnipotent રાજ્યમાંથી આવશે. આવી રીતે દરેક વિષયમાં કહ્યું છે કે વિરોધમાંથી બધું મળી રહેશે. એનું પરિણામ એ છે કે આજે માઓ કહે છે કે War is politics with bloodshed and politics is war without bloodshed. પછી એ કદી cold war થાય છે તો કદી hot peace થાય છે. શાંતિ અગ્નિના ભડકાની જેમ ભડકે બળે છે અને યુદ્ધ બરફની જેમ માણસના લોહીને થીજાવી દેનારું હોય છે.

આવી રીતે કદી યુદ્ધ તો કદી શાંતિ આજની દુનિયામાં થયા કરે છે. આજે દુનિયાના બન્ને પક્ષ બે તરફ વહેંચાઈ ગયા છે. અમેરિકામાં આજે ડોલર ડેમોક્રસી છે. એ ડોલર ડેમોક્રસીમાં એક વિચારશીલ સમાજશાસ્ત્રીએ એક જબરદસ્ત સવાલ પૂછયો છે. એ ખૂબ મહત્ત્વનો સવાલ છે. Are you going to earn money by selling food to hungry and crying, starving people ?—આજે જે લોકો ભૂખ્યા છે એ લોકોને રોટી વેચીને તમે પૈસા કમાવા ઇચ્છો છો ? રશિયા અને ચીન કહે છે કે અમે રોટી વેચીશું નહીં, રોટી આપીશું. પરંતુ શા માટે આપીશું ? જેટલા ભૂખ્યા લોકો છે એના આત્મા ઉપર કબજો થાય એટલા માટે. સ્પર્ધાનું સ્તર જ બદલાઈ

ગયું છે. ૧૯૧૪ થી ૧૯૧૮ સુધીના મહાયુદ્ધોમાં Rich countriesની Civil war થઈ હતી. બીજા મહાયુદ્ધ પછી જે Colonial હતા તે દેશોની ચેતના જાગ્રત થઈ, એમનામાં કંઈક આત્મપ્રત્યય જાગ્રત થયો, એવા દેશોના આત્મા ઉપર કબજો જમાવવો જોઈએ. જમીન પર કબજો મેળવવાની કે બજાર ઉપર કબજો મેળવવાની વાત નહીં, આત્મા ઉપર કોનું પ્રભુત્વ થશે એ સવાલ ત્યાં હતો.

## શસ્ત્ર અને સત્તાની સ્પર્ધા

આ બધું વિશ્લેષણ હું એટલા માટે કરી રહ્યો છું કે આપણે સત્તાનો Content—સંભાર શો છે એ સમજી લઈએ. આજે સત્તાને માટે સાઠમારી છે. પરંતુ સત્તાનું સ્વરૂપ શું છે, સત્તા કયા દ્રવ્યની બનેલી છે, તે સમજી લેવાની જરૂર છે. એનું રંગ–રૂપ કેવું છે?—સૈકાઓ સુધી સત્તાનો રંગ શ્વેત હતો. તો હવે તેનો રંગ કેવો છે? કેનેડીની જ્યારે ચૂંટણી થવાની હતી ત્યારે અમેરિકાની પરિસ્થિતિ પર એણે એક પુસ્તક લખ્યું એમાં એણે સત્તાના સ્વરૂપનું વર્ણન કર્યું છે કે આજે જે સંઘર્ષ દુનિયામાં ચાલી રહ્યો છે તે સંઘર્ષમાં આપણે ઇચ્છીએ છીએ શું? માની લો કે અત્યાર સુધી સત્તાનો રંગ ગોરો હતો, તે હવે કાળો થઈ રહ્યો છે, ગોરા અને કાળા માણસોના વંશજોમાં યુદ્ધ થઈ રહ્યું છે. જાગ્રત આફ્રિકા આજની પ્રધાન સમસ્યા છે. આજે જે દેશોમાં નૂતન જાગૃતિ આવી રહી છે તેઓ પણ સત્તા અને શસ્ત્રની સ્પર્ધામાં સામેલ થયા છે.

આપણો દેશ અમુક અંશે અપવાદરૂપ છે. અમુક અંશે કહું છું, પૂર્ણ રીતે નહીં. નહેરુની નીતિ અને દેશની રાષ્ટ્રીય ભૂમિકાને કારણે અપવાદરૂપ છે. પરંતુ એને છોડીને કુલ મળીને જેટલા નૂતન જાગૃત દેશ છે એ બધા જ શસ્ત્રાસ્ત્રમાં, યુદ્ધ-કૌશલ્યમાં, રાષ્ટ્રવાદમાં એટલે કે રાષ્ટ્રીય અહંવાદમાં પશ્ચિમની બરાબરી કરવા ઇચ્છે છે.

જાપાને રશિયાને જ્યારે હરાવી દીધું ત્યારે સુરેન્દ્રનાથ બેનરજીએ કહ્યું હતું કે હવે સૂરજ ફરીથી પૂર્વમાં ઊગવા લાગ્યો— અત્યાર સુધી પશ્ચિમમાં ઊગતો હતો, હવે ફરીથી પૂર્વમાં ઊગી રહ્યો છે. પશ્ચિમના રાષ્ટ્રને પૂર્વના રાષ્ટ્રે હરાવી દીધું. તુર્કસ્તાનમાં કમાલ પાશાની ક્રાંતિ થઈ. તુર્કસ્તાન આમ તો હતું યુરોપમાં જ. પણ યુરોપના લોકો કહેતા કે આ એક એશિયાનો દેશ યુરોપમાં આવી ગયો છે! એને યુરોપનો દરદી દેશ કહેતા. ત્યારે કમાલ પાશાએ કહ્યું કે હું મારા દેશને એશિયામાંથી ઉડાવીને યુરોપમાં મૂકી દઈશ. આ જ સ્પર્ધા આજે આફ્રિકન દેશોમાં છે. એકેએક રાષ્ટ્ર યુદ્ધ-કૌશલ્યમાં, શસ્ત્ર-શક્તિમાં અને રાષ્ટ્રીય અહંવાદમાં યુરોપની બરાબરી કરવા ઇચ્છે છે. હિન્દુસ્તાન એક મર્યાદામાં આ બાબતમાં અપવાદરૂપ છે.

પરંતુ બાકીનાં રાષ્ટ્ર જે કરવા ઇચ્છે છે એમાંથી આજે જાગતિક પરિસ્થિતિ પેદા થઈ છે. અને એ જાગતિક પરિસ્થિતિનો આજે જવાબ નથી મળી રહ્યો. નવજાગ્રત રાષ્ટ્રોના માનસમાંથી જે એક સમસ્યા પેદા થઈ છે એનો જવાબ શું છે? આજે દુનિયામાં આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં સ્પર્ધા નવજાગ્રત દેશોમાં પણ છે જ. હવે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં અતિ-રાષ્ટ્ર બની ગયાં છે. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં હવે અલગ અલગ રાષ્ટ્ર નથી રહ્યાં. માત્ર બે જ મહારાષ્ટ્રો Super-states રહ્યાં છે. એક અમેરિકા અને બીજું રશિયા. અમેરિકામાં ઇંગ્લૅન્ડ આવી જાય છે. અને રશિયામાં ચીન આવી જાય છે. ચેસ્ટર બાઉલ્સ લખે છે કે ચીની પૂંછડું રશિયન કૂતરાને હલાવી રહ્યું છે.

## યુદ્ધનું પલટાયેલું સ્વરૂપ

આ પરિસ્થિતિએ યુદ્ધનું સ્વરૂપ જ બદલી નાખ્યું છે. શસ્ત્રાસ્ત્ર તો બદલાઈ ગયાં હતાં. પરંતુ યુદ્ધની પરિસ્થિતિ, યુદ્ધનું વાતાવરણ context જ બદલાઈ ગયો. અણુશસ્ત્રોને કારણે આયુધ તો બદલાઈ જ ગયાં છે પણ યુદ્ધનું સ્વરૂપ પણ પૂરેપૂરું બદલાઈ

ગયું છે કારણ કે બે સુપર-સ્ટેટ્સ થયાં છે. પહેલાં લશ્કરી મથકો પર યુદ્ધ થતું હતું. જ્યાં યુદ્ધ સામગ્રી રહેતી ત્યાં હુમલો કરવામાં આવતો. પરંતુ હવે તો The whole region has become the target—દુનિયાનો આખો ભૂ-ભાગ હવે લક્ષ્ય બની ગયો છે. કોઈ એક ખાસ વિશિષ્ટ લક્ષ્ય હવે રહ્યું નથી. Civil અને Militaryના ભેદ હવે ખતમ થઈ ગયા છે. આ નાગરિક છે કે આ સૈનિક છે, શહેરનો આ નાગરિક વિભાગ છે કે આ લશ્કરી છાવણી છે એવો ભેદ નગરરચનામાં હવે નથી રહેતો. મતલબ કે જેટલાં લોકો વડોદરામાં રહે છે તે બધાં જ આજે સૈનિક છે કારણ કે એ બધાં જ આજે યુદ્ધમાં મરી શકે છે. હવે વીરગતિને માટે ભગવાનની કૃપાની જરૂર નથી, બધાંને માટે એ સુલભ થઈ ગઈ છે!

પહેલાં જે શસ્ત્રાસ્ત્રમાં પણ નિયમો હતા એ પણ આજે ગઈ કાલની વસ્તુ બની ગઈ છે. વિહીત કે અવિહીત શસ્ત્રોનો ફરક આજે નથી રહ્યો. લીગ ઑફ નેશન્સમાં વારંવાર કહેવાયેલું કે હવે એવો સમય આવી ગયો છે કે કેટલાંક શસ્ત્રોનો તો હવે યુદ્ધમાં ઉપયોગ જ નહીં થવો જોઈએ. એ બધાં શસ્ત્રોની એક યાદી પણ કરવામાં આવી. પરંતુ યુદ્ધમાં માણસની બુદ્ધિ સ્થિર નથી રહેતી, યુદ્ધનો આવેશ, આવેગ માણસ ઉપર સવાર થઈ જાય છે ત્યારે એ પોતાની જાતને ભૂલી જાય છે. એ નશામાં એને ભાન નથી રહેતું કે હું કયાં ઓજારનો ઉપયોગ કરી રહ્યો છું, મારા હાથમાં અત્યારે કયું સાધન છે. તમે રામાયણ વાંચવા બેઠા છો એટલામાં તમારા નોકર પર કે સ્ત્રી પર ગુસ્સે થઈ જાઓ છો તો એ જ રામાયણ એના ઉપર ફેંકી મારો છો, જે રામાયણ પર થોડી વાર પહેલાં માથાનો સ્પર્શ કરીને ફૂલ-અક્ષત ચડાવ્યાં હતાં. કારણ કે ભાન નથી રહેતું. આ યુદ્ધનું Dialectics છે. યુદ્ધમાં માણસની એક મનસ્થિતિ હોય છે. એ મનસ્થિતિને કારણે એ ઓજારમાં વિવેક નથી કરી શકતો. ઉન્મત્ત મનુષ્ય વિવેક નથી

કરી શકતો. એ તો એમ જ કહે છે કે મારો જાન ભલે જાય પણ હું તને તો નહીં જ જીવવા દઉં પછી ભલેને મને ફાંસીએ કેમ ન લટકાવે! જેટલી હત્યાઓ અને ખૂન થાય છે એ બધાં આ મનોવૃત્તિથી થાય છે. આપણા મર્યા પછી દુનિયાની આપણે શી ફિકર? અમારો અંત એ જ અમારે મન દુનિયાનો અંત છે. आप मुए पिछे डूब गई दुनिया।

### વાદાવાદનો ઉન્માદ

બર્ટ્રાન્ડ રસેલ અને સીડની હૂક વચ્ચે આ અંગે શાસ્ત્રાર્થ થયો. રસેલ કહે છે કે સામ્યવાદ એ એક એવી વસ્તુ છે કે જે સ્થિર નથી રહી શકતી. એ એક અસ્થાયી તત્ત્વ છે. એનામાં કોઈ સ્થૈર્યનું તત્ત્વ નથી. સંપત્તિ અને સત્તા જો લોકવ્યાપી થઈ જાય તો સામ્યવાદનો અંત આવી જાય. આ પ્રમાણે જોઇએ તો આજે સામ્યવાદ ક્યાં હોવો જોઇએ? ઇંગ્લેન્ડ, જર્મની, ફ્રાંસ અથવા અમેરિકામાં આવવો જોઇતો હતો. પરંતુ આજે સામ્યવાદની અપીલ આફ્રિકા–એશિયામાં છે કારણ કે ત્યાં ભૂખ્યા માનવો છે. ભૂખ્યા માણસનું દિમાગ અને દિલ પેટમાં રહે છે. નેપોલીયને અંગ્રેજો વિશે કહ્યું છે કે Englishman's heart is in their pocket—અંગ્રેજોનું હૃદય એમના ખીસામાં હોય છે, એમ ભૂખ્યા માણસની સામે પેટ સિવાય બીજું કંઈ રહેતું નથી.

આ એક મોટામાં મોટી કમજોરી છે. જે તત્ત્વજ્ઞાનને, જે દર્શનને ભૂખ અને ગરીબી પર નિર્ભર રહેવું પડે છે, તે જીવનનું સ્થિર તત્ત્વ ન બની શકે. રસેલે કહ્યું કે આવી વસ્તુ ટકશે નહીં. એ વસ્તુ વહેલી મોડી જવાની જ છે. પરંતુ જો અણુયુદ્ધ થશે તો પછી માણસ જ નહીં રહે. તો પછી કોને માટે પરિવર્તન? પરિસ્થિતિને બચાવવી કોને માટે? પરંતુ સીડની હૂકે કહ્યું કે સામ્યવાદ આવે એ કરતાં તો મનુષ્ય જ ન રહે એ ઠીક છે. આ એક ઉન્માદ છે. સાધારણ મનુષ્ય યુદ્ધના આવેશમાં જ્યારે ભાન ગુમાવી બેસે

છે ત્યારે એને હથિયારનું ભાન રહેતું નથી. રસેલ લગાતાર કહે છે કે આ એક ઉન્માદ જ છે.

આ ઉન્માદને થોડી ઘણી મર્યાદામાં, એક હદ સુધી આપણા દેશે ઓળખ્યો છે અને કાબૂમાં રાખ્યો છે. એનું ઘણું મોટું શ્રેય આપણા દેશના જૂના અને નવા નેતાઓને છે. આમાં બધા પક્ષોના નેતા આવી જાય છે. સામ્યવાદી પણ કેટલાક નેતા આમાં સામેલ થાય છે. પરંતુ બીજા દેશોએ એ બરાબર સમજી લીધું નથી કે યુદ્ધથી કોઈ પણ રાષ્ટ્રનો સવાલ ઊકલતો નથી આવી પરિસ્થિતિમાંથી કયો રસ્તો નીકળી શકે ?

### પ્રજા–પ્રજા વચ્ચેનો સીધો સંપર્ક

મારા પોતાના અભિપ્રાય મુજબ એક રસ્તો છે જેનો સંકેત કેનેડી પહેલાં આઈઝનહોવેરે કર્યો હતો: People to people diplomacy. We are passengers on the same planet—પ્રજા પ્રજા વચ્ચે સીધો સંપર્ક થાય. આપણે સૌ એક જ નાવના પ્રવાસી છીએ. સરકાર અને રાજ્યોને મનુષ્યના કરતાં પ્રભુત્વની આકાંક્ષા વધારે છે. એમને મન જીવનના મૂલ્ય કરતાં પ્રભુત્વનું મૂલ્ય વધારે છે એટલે જ રાષ્ટ્રની શાળાઓ, ખેતરો, વ્યાપારી ક્ષેત્રો, અરે જીવનના એકેએક ક્ષેત્રમાંથી રાજપુરુષો આવવા જોઇએ અને તેઓ આંતરરાષ્ટ્રીય રાજદૂત–લોકદૂત હશે. એમનાં ચિત્તમાં શાંતિની આકાંક્ષા હશે, પ્રભુત્વની આકાંક્ષા નહીં. માત્ર સર્વોદયના મંચ પરથી જ નહીં પણ અનેક વ્યાસપીઠ ઉપરથી આ વસ્તુની માગણી થઈ છે.

દુનિયામાં સાધારણ મનુષ્યનો એકબીજાની સાથેનો સંપર્ક વધવો જોઇએ. કેટલાક વિશિષ્ટ લોકોનાં શિષ્ટ મંડળો કરતાં પ્રજા પ્રજા વચ્ચે ગાઢ સંપર્ક થાય એ જરૂરી છે. વળી આઈઝનહોવર કહે છે, આજની પ્રક્ષુબ્ધ દુનિયામાં એક દેશના લોકો બીજા દેશમાં જાય એ બહુ મહત્ત્વની વસ્તુ છે. માત્ર એકબીજાના દેશ જોવા માટે જ જાય, એકમેકને ઓળખવા, સમજવા જાય. અને

જેને તટસ્થતા કહે છે તેવી તટસ્થતાપૂર્વક જાય, પોતાનો કોઈ સ્વાર્થ લઈને નહીં. જો સ્વાર્થ લઈને જશે તો દરેક માણસ ત્યાંથી પોતાના સ્વાર્થને અનુકૂળ કંઈ ને કંઈ લઈ આવશે.

એક વેપારી મિત્ર રાજસ્થાન ગયા હતા. તો ત્યાંના પહાડોમાં સંગેમરમરના પત્થરોની મૂર્તિઓ જોવાને બદલે સંગેમરમરનો ભૂકો સસ્તો પડશે એમ સમજીને મૂર્તિ જોવાનું બાજુએ મૂકીને સંગેમરમરના પાવડરની યોજનામાં પડી ગયા. પરંતુ જો સાધારણ મનુષ્યની આંખ લઈને જે કોઈ જશે તે જોશે કે દુનિયાભરમાં સાધારણ મનુષ્ય સ્નેહના સિવાય બીજું કંઈ નથી ઇચ્છતો. એને આતિથ્યનો પ્રત્યક્ષ અનુભવ થશે.

## સાધારણ મનુષ્યની આકાંક્ષાની અભિવ્યક્તિ

આપ મને ક્ષમા કરો. આ દુનિયાની એકતાના વિશ્વાસની જે આવશ્યકતા છે તે વિજ્ઞાન પૂરી નથી પાડી શકતું. તે માટે એકબીજાના સમાગમની આવશ્યકતા છે. આ પ્રકારનો પ્રચાર દુનિયામાં થઈ રહ્યો છે. હું કોઈ Official પ્રચારની વાત નથી કરતો કે Peace marcher કે Pacifistના અભિયાનની વાત નથી કરતો. એમ તો દરેક રાષ્ટ્રોમાં શાંતિના કંઈ ને કંઈ અભિયાન ચાલે છે. પરંતુ દુનિયામાં તમે અને હું એવા છીએ જેનો કોઈ અભિયાન કે કોઈ મોરચો ચાલતો નથી. આપણે તો દુનિયાના બીજા લોકોને સમજવા ઇચ્છીએ છીએ, એમની સાથે રહેવા માગીએ છીએ.

આ આકાંક્ષાની અભિવ્યક્તિની આજે જરૂરત છે. આને કાર્યાન્વિત કરવા માટે કેવો કાર્યક્રમ—કેવી યોજના કરવી જોઈએ તે બધું એ લોકોને સોંપો, જેમને વ્યવહારનું અધિક જ્ઞાન ને અનુભવ છે. એ મારી મર્યાદાની બહારની વાત છે. આજની જાગતિક પરિસ્થિતિમાં સાધારણ મનુષ્ય એક આશાસ્થાન છે. નિરાશ થવાનું આજે પણ કંઈ કારણ નથી. મારે માટે પ્રકાશનું સ્થાન છે

તે મેં તમારી સમક્ષ રજૂ કરી દીધું. હું માનું છું કે જ્યાં સુધી સાધારણ મનુષ્યનું હૃદય આબૂત છે, જ્યાં સુધી એનું દિમાગ પરાભવ નથી પામ્યું ત્યાં સુધી માનવતાને માટે આશા છે

વિલીયમ ફોકનેરને જ્યારે નોબેલ પ્રાઈઝ મળ્યું ત્યારે જે સમારંભ થયો તેમાં ટ્રુમેને અધ્યક્ષપદેથી કહ્યું કે Humanity is under the sentence of death—માનવતાને ફાંસીની સજા થઈ ગઈ છે. ત્યારે ફોકનેરે કહ્યું કે મનુષ્યને આવા પ્રકારની સજા તો કેટલીય વાર થઈ ચૂકી છે પરંતુ જેણે મનુષ્યને પેદા કર્યો છે એણે કદી આવો ફેંસલો આપ્યો નથી, એણે કદી આવી સજા સંભળાવી નથી મનુષ્યની અંદર જ્યાં સુધી માનવતાનો અંશ છે ત્યાં સુધી મનુષ્ય નાશ નહીં પામે. The man shall not perish. આને માટેની આશા કઈ છે? આની આશા સાધારણ મનુષ્ય છે. સાધારણ મનુષ્ય આજના યુગની વિભૂતિ છે.

***

[ કોઇ પણ સમસ્યાને સાંગોપાંગ સમજવી એ જ એનો ઉકેલ છે. એક અધ્યયનશીલ વિદ્યાર્થીને નાતે તટસ્થતા ને નમ્રતા તેમ જ સહૃદયતાપૂર્વક જાગતિક પરિસ્થિતિનું અવલોકન કરવું છે. વિજ્ઞાને આજે દુનિયાને નાની બનાવી દીધી છે. પણ એની સાથોસાથ આપણાં દિલ પણ સાંકડાં બન્યાં છે. આજે યુદ્ધ નિત્યરૂપ અને શાંતિ અપવાદરૂપ થઇ ગઇ છે. શસ્ત્ર અને સત્તાની સ્પર્ધા ચાલી રહી છે. રાષ્ટ્રીય અહંવાદ ઉગ્ર પ્રબળ છે. વાદાવાદના ઉન્માદમાં માનવજાતનો વિનાશ વહોરી લેવાય છે. આવી પરિસ્થિતિમાં પ્રજા-પ્રજા વચ્ચેનો સીધો સંપર્ક આવશ્યક છે. સામાન્ય મનુષ્યના દિલની શાંતિ માટેની આકાંક્ષાની અભિવ્યક્તિની આજે જરૂરત છે. સામાન્ય મનુષ્યમાં જ્યાં સુધી માનવતાનો અંશ છે, ત્યાં સુધી માનવજાત માટે આશા છે. ]

: २

# લોકસત્તાની સ્થાપના

આ ભાષણ માટે જે વિષય નક્કી કરવામાં આવ્યો છે તે મારે માટે કે જનતા માટે નવો નથી. આ વિષય સંબંધમાં મારા જે વિચારો છે તેને બધાય પ્રાંતોમાં મારી ભૂદાનયાત્રા ચાલતી હતી ત્યારે પણ વ્યક્ત કરી ચૂક્યો છું. પણ આજે એનું કંઈક પ્રાસંગિક મહત્ત્વ છે. અને લોકોને આ વિષયમાં ખાસ દિલચસ્પી છે, વિશેષ રુચિ છે. એટલે આ વિષયનું વિવેચન કરવું એ એક નાજુક કામ છે. છતાંય જેમ સવારે મેં પરિસ્થિતિનું તટસ્થભાવે વિશ્લેષણ કરી દીધું હતું, એવી જ રીતે આનું પણ તટસ્થ ભાવે વિશ્લેષણ કરીશ.

'લોકશાહી અને ચૂંટણી' એ આજનો વિષય છે. હું એમાં થોડા ફેરફાર કરીશ. લોકશાહી નહીં, લોકસત્તા કહીએ. લોકશાહી, લોકરાજ્ય અને લોકસત્તા એ ત્રણેયમાં મારે મન થોડો થોડો ફરક છે. અબ્રાહમ લિંકને લોકશાહીની વ્યાખ્યા કરેલી કે તેમાં તંત્ર સંપૂર્ણપણે લોકોના હાથમાં હોય છે. લોકરાજ્ય એટલે લોકોનું પોતાના ઉપર પોતાને હાથે ચાલતું રાજ્ય. જ્યારે લોકસત્તા એ છે, જેમાં લોકોનું અસ્તિત્વ અભિવ્યક્ત થાય છે.

રાજ્યપદ્ધતિ એ એક ચીજ છે, તંત્ર એ વળી બીજી ચીજ છે અને લોકોની સત્તા, એમનું અસ્તિત્વ સર્વ જગ્યાએ પ્રતીત થાય એ બિલકુલ અલગ ચીજ છે.

વિનોબા ઈશ્વર વિશે ઘણી વાર કહે છે કે એ એટલો અવ્યક્ત છે કે એના અસ્તિત્વ વિશે પણ આપણને સંદેહ થાય છે. છતાંય

એ એટલો તો વ્યક્ત છે કે જેના ઉપર ઈશ્વર-નિષ્ઠાના સંસ્કાર છે તેને સારુ ઈશ્વરથી અધિક સત્ય બીજું કંઈ નથી. આવો અનુભવ મનુષ્ય વિશે પણ થાય છે. ઘરમાં માબાપ એક ખૂણામાં બેઠાં હોય તો પણ આખું ઘર ભર્યું ભર્યું લાગે છે, આખુંય ઘર એમની સુગંધે જાણે મઘમઘી ઊઠે છે.

'લોક' નામની જે વસ્તુ છે, પદાર્થ છે એના અસ્તિત્વ વિશે આજે આપણને આવી પ્રતીતિ થાય છે ખરી? જવાબ એ છે કે જેવી પ્રતીતિ થવી જોઈએ એવી આજે થતી નથી.

## લોકશાહી સામેનો યક્ષપ્રશ્ન

હેગલે લોકની વ્યાખ્યા એમ કરી છે કે રાજ્યના એ અંગનું નામ લોક છે, જેને ખબર નથી કે પોતાને શું જોઈએ છે. હેગલ એમ માનતો કે રાજ્ય અને લોક એક છે. એનો અર્થ શો? રાજ્ય-સંસ્થા લોકસમાજમાં વિલીન થઈ જશે કે લોકસમાજ રાજ્ય-સંસ્થાના પેટમાં સમાઈ જશે. આ બંને એકીકરણની પ્રક્રિયા છે એમાંથી લોકશાહીની પ્રક્રિયા કઈ હશે?

આજે આ આપણી સામેનો યક્ષપ્રશ્ન છે, જીવનમરણનો સવાલ છે. એમાંની કઈ પ્રક્રિયા લોકસત્તાને અનુકૂળ થશે અને કઈ પ્રતિ-કૂળ થશે? આ કેવળ સર્વાંકુશ સરમુખત્યારશાહી રાજ્ય માટેનો જ પ્રશ્ન નથી, કલ્યાણરાજને પણ તે લાગુ પડે છે. બંનેનું એકીકરણ જરૂર થશે પણ કોણ કોનામાં વિલીન થશે?

સામ્યવાદીઓ પણ ક્રાંતિકારી છે અને આખરે તેઓ પણ એમ ઇચ્છે છે કે એક દિવસ કેવળ લોકો જ રહેશે, રાજ્ય નહીં રહે. પરંતુ એની પ્રક્રિયા શી? તેઓનો તો સિદ્ધાંત જ છે કે શાંતિ ઇચ્છો છો તો વર્ગસંઘર્ષનો સ્વીકાર કરો, વર્ગવિહીન સમાજ જોઈતો હોય તો એક વર્ગના અધિરાજ્યનો સ્વીકાર કરો, રાજ્યનું વિલીનીકરણ ઇચ્છતા હો તો પહેલાં સર્વાંકુશ રાજ્ય સ્વીકારી લો.

આવી એક વિરોધી પ્રક્રિયા તેઓએ આપણી સામે મૂકી છે. પરંતુ આ પ્રક્રિયાથી રાજ્યનું વિલીનીકરણ નહીં થઈ શકે, એ હવે કંઈ વિવાદની વાત રહી નથી. માર્ક્સવાદીઓમાં પણ કેટલાક એવા નીકળ્યા જેમને વિચાર કર્યા પછી એવી પ્રતીતિ થઈ કે આ પ્રક્રિયાથી રાજ્ય લોકસમાજમાં વિલીન થાય એ અસંભવ છે.

### કેવળ મનુષ્યના ગૌરવ ને પ્રતિષ્ઠાની સ્થાપના

હવે બીજી પ્રક્રિયા એ છે કે લોકજીવનમાં રાજ્યસંસ્થાનો પ્રવેશ, રાજ્યસત્તાનો હસ્તક્ષેપ, તેનું નિયંત્રણ ઓછામાં ઓછું હોય. આ માટે સૌ પ્રથમ સૌથી મોટી આવશ્યકતા એ છે કે સમાજમાં ગુણ-નિરપેક્ષ, જાતિનિરપેક્ષ, સામાજિક-મોભાનિરપેક્ષ, ધર્મ નિરપેક્ષ કેવળ મનુષ્યના ગૌરવ ને પ્રતિષ્ઠાની સ્થાપના થાય. આજની વિભૂતિ સાધારણ નાગરિક છે. ભગવાને પીપળાના પાનથી માંડીને હિમાલય અને ગંગા સુધી અને દ્યુતથી લઈને કપિલમુનિ સુધી બધાંને વિભૂતિ કહ્યાં. પણ આજે એ બધી વિભૂતિઓથી શ્રેષ્ઠ વિભૂતિ મનુષ્ય છે. એટલે વિશુદ્ધ માનવ, કેવળ મનુષ્યની નિરપેક્ષ પ્રતિષ્ઠા સ્થાપિત થવી જોઈએ, નિરપેક્ષ માનવતાનું ગૌરવ દેશ અને દુનિયામાં કાયમ થવું જોઈએ.

આ યક્ષપ્રશ્નનો વિચાર આ દેશની પરિસ્થિતિના સંદર્ભમાં કરીશ. આમ તો સામાન્ય રીતે હું સિદ્ધાંતોનું પરિસ્થિતિનિરપેક્ષ વિવેચન કરું છું. પણ આજે આ દેશની પરિસ્થિતિસાપેક્ષ વિચાર કરવો છે, દેશની પરિસ્થિતિના સંદર્ભમાં વિચારવું છે.

આપણા દેશમાં આજે જે લોકશાહી છે એનો આરંભ અંગ્રેજોના આગમન બાદ થયો, એ વાતનો નમ્રભાવે સ્વીકાર કરવો જોઈએ. અગાઉ આપણે ત્યાં ગણરાજ્ય હતાં, કેટલાંક પ્રાતિનિધિક રાજ્યો પણ હતાં પરંતુ જે લોકશાહીની પ્રાણ-પ્રતિષ્ઠા અંગ્રેજોએ અહીં કરી એવી અગાઉ આપણા દેશમાં કદીયે નહોતી. એ અંગ્રેજોની દેણ છે.

અને આ દેશે ખુલ્લા દિલે એનો સ્વીકાર કર્યો છે. આ સંસદીય લોકશાહીનો કોઈએ વિરોધ નથી કર્યો.

## દુનિયાના ઇતિહાસમાં એક અપૂર્વ ઘટના

હું તમને કહેવા માગું છું કે દુનિયાના ઇતિહાસમાં આ એક અપૂર્વ ઘટના છે. જેની પરંપરામાં ક્યાંય આ પ્રકારની લોકસત્તા નહોતી, જેની પરંપરામાં ધર્મનિરપેક્ષ સત્તા કદી હતી જ નહીં, જેની પરંપરાએ બધા માણસને એક સ્તર પર માન્યા જ નહોતા, એવી પ્રજાએ વગર વિરોધે અનાયાસ આ લોકસત્તાનો સ્વીકાર કરી લીધો એ એક અદ્ભુત ઘટના છે. એનું શ્રેય આપણા નેતાઓને છે.

નિરપેક્ષ માનવની પ્રતિષ્ઠા સ્થાપિત કરવાનો પ્રયાસ આ દેશમાં રાજા રામમોહન રાયથી માંડીને મોહનદાસ કરમચંદ ગાંધી સુધી લાગલાગટ ચાલતો રહ્યો. એમાં પ્રત્યક્ષ શ્રેય વધારેમાં વધારે લોકમાન્ય તિલકને છે. એમણે ઘોષણા કરી કે સ્વરાજ્ય આંદોલન લોકોનું આંદોલન હોય, સ્વરાજ્યપ્રાપ્તિનાં સાધન લોકસુલભ હોય, કે જેથી લોકો એમાં સક્રિય ભાગ લઈ શકે અને એનાથી લોકશક્તિનો વિકાસ થતો રહે. આવાં સાધનની ખોજ ને પ્રયોગ તિલકે કર્યાં. પછી ગાંધીએ દેશમાં લોકશક્તિનું આવાહન કર્યું, લોકશક્તિ જાગૃત કરી અને એના પ્રભાવશાળી પ્રયોગ કર્યા. એમની સાથે જવાહર, સુભાષ, જયપ્રકાશજી વગેરે આપણા બીજા નેતાઓ હતા જ, જેમણે આ દેશમાં લોકસત્તાની પ્રાણ-પ્રતિષ્ઠા કરવાની કોશિશ કરી. એને પરિણામે દુનિયામાં બીજે ક્યાંય ન થયો હોય એવો સંસદીય લોકશાહીનો અભૂતપૂર્વ પ્રયોગ આવડા મોટા પ્રમાણમાં અહીં થયો અને અપેક્ષા કરતાં વધારે યશસ્વી નીવડ્યો.

આટલી મોટી સંખ્યામાં વિવિધ પ્રકારના લોકો, જેમાં અસંખ્ય પુરાણપ્રિય અને જીર્ણમતવાદીઓનો સમાવેશ થતો હોય એવા

લોકોનો આવડો મોટો પ્રયોગ બીજે ક્યાંય થયો નથી. આ વાત તમારા ધ્યાન પર ખાસ એને વાસ્તે લાવું છું કે હવે જો આ લોકશાહી ભારતવર્ષમાં સફળ ન થઈ તો એને માટે દુનિયામાં કોઈ આશા નહીં રહે.

### દેશના રાજકીય પક્ષોના શ્રેયનો સ્વીકાર

લોક કહેતા આવ્યા છે કે ઇંગ્લાંડ અને અમેરિકા સ્વતંત્રતાનાં મંદિર છે. એ હશે પરંતુ આજે લોકશાહીનું પુણ્યક્ષેત્ર તો ભારત જ છે. એટલે અહીં જો લોકશાહી જીવંત નહીં રહે તો એને માટે બીજે કશે આશા નથી.

તટસ્થતાથી વિચારીશું તો આ માટેનું મોટું શ્રેય કોંગ્રેસને છે. મેં તમને કહેલું કે જે કંઈ વિચાર કરીશું તે તટસ્થતાપૂર્વક કરીશું, પણ એ તટસ્થતામાં સહૃદયતા હશે. સામ્યવાદીઓએ રશિયામાં ન્યાયાધીશો માટે એક નિયમ બનાવ્યો છે : A judge shall be impartial but not impassive—ન્યાયાધીશ પક્ષપાત નહીં કરે પરંતુ એ હૃદયહીન પણ નહીં હોય. તટસ્થતા હોવી જોઈએ પણ એમાં સૌહાર્દ, બધા માટે સમાન સખ્યની ભાવના હોવી પણ આવશ્યક છે. સ્વતંત્રતા આવ્યા પછી કોંગ્રેસે આ દેશમાં સંસદીય લોકશાહીનો આરંભ કર્યો. બંધારણમાં સર્વને સમાન અધિકાર મળ્યો એટલું જ નહીં, એ બંધારણના મુખ્ય ઘડવૈયા તરીકે ડો. આંબેડકર જેવા એક હરિજન-નેતાને સ્થાન મળ્યું. સ્વરાજ્ય બાદ દેશી રાજ્યોનું વિલીનીકરણ થયું. આવી કેટલીક સિદ્ધિ કોંગ્રેસે મેળવી છે, જેનું શ્રેય એને મળવું જોઈએ. બે સામાન્ય ચૂંટણીમાં કરોડો લોકોએ મતદાન કર્યું અને આપણે જોયું કે સત્તાનો દુરુપયોગ ક્યાંય નથી થયો. એ વાત જુદી છે કે કોઈ હાર્યું હોય ને કહે કે કોંગ્રેસવાળાએ સત્તાનો ઉપયોગ કર્યો એટલે મારી હાર થઈ અને જો જીત્યો હોય તો કહે કે મારી લાયકાતને લીધે, મારી લોકપ્રિયતાને લીધે જીત્યો

છું, આમ સૌ પોતપોતાની ભૂમિકા પરથી કહેશે, પરંતુ .તટસ્થ રીતે જોતાં માનવું પડશે કે બંને ચૂંટણીમાં સત્તાનો ઉપયોગ નથી થયો. કેટલીક વ્યક્તિઓએ છૂટોછવાયો કર્યો હોય પણ બીજા સરમુખત્યારશાહી દેશમાં જેમ થાય છે તેમ અહીં કદી નથી થયું. જો કે મારે નમ્રતાપૂર્વક કહેવું જોઈએ કે કોંગ્રેસ ધીરે ધીરે આ ભૂમિકાથી નીચે પડી રહી છે.

પ્રજા સમાજવાદી પક્ષે આ દેશમાં સમાજવાદ અને લોકશાહીનો સમન્વય કરવાની ભૂમિકાનો સ્વીકાર કર્યો છે. અલબત્ત સમાજવાદ અને લોકશાહીનો આવો સમન્વય કરવાની ભૂમિકા સમાજવાદના અગ્રદૂત જવાહરલાલની રહી છે પણ જવાહરલાલના પક્ષની નહીં. જેમ કોંગ્રેસે ગાંધી ખાતર અહિંસાને માની લીધેલી તેમ એણે જવાહરલાલ ખાતર સમાજવાદને પણ માની લીધો. પરંતુ લોકશાહી અને સમાજવાદના સંમન્વયની કોશિશ સમાજવાદી પક્ષે કરી.

સામ્યવાદી પક્ષે સૌ પ્રથમ ‘ લોક ’ શબ્દને વ્યાપક બનાવવાનો પ્રયત્ન કર્યો. ‘ લોક ’ શબ્દ આટલો વ્યાપક માર્કસવાદી વિચાર પહેલાં કદી નહોતો. આ ‘ લોક ’ એટલે કોણ ? વિવેકાનંદે ‘ દરિદ્ર-નારાયણ ’ શબ્દનો પ્રયોગ કર્યો. ગાંધીએ પણ કહ્યું કે આ દેશનો આરાધ્યદેવ દરિદ્રનારાયણ છે. લોકમાન્ય તિલકે જનતાત્માને પરમેશ્વર કહ્યો. પરંતુ સૌ પ્રથમ સામ્યવાદીઓએ કહ્યું કે દેશના ખેડૂત અને મજૂર એ ‘ લોક ’ છે. લોકસત્તાનું સિંહાસન ખેડુત અને મજૂરનું છે. આવું પહેલાં કોઈએ નહોતું કહ્યું.

આમ આ બધા પક્ષોનું જે જે શ્રેય છે એનો આપણે સ્વીકાર કરીએ છીએ અને આપણે માથે ચઢાવીએ છીએ, વધાવીએ છીએ, એમનાં ચરણોમાં વંદના કરવા તૈયાર છીએ; પણ આજની સમસ્યા આટલેથી ઊકલતી નથી.

### વરરાજાનો જ પત્તો નથી

આપણે એવી પરિસ્થિતિનો વિચાર કરવાનો છે, જેમાં બીજા

બધાય નજરે ચઢે છે પણ 'લોક' નામના અધિષ્ઠાતા—મુખ્ય વિભૂતિનો જ પત્તો નથી. આ કંઈક એવો લગ્નોત્સવ છે, જેમાં જાન તો આવી ગઈ છે પણ વરરાજાનો જ પત્તો નથી. જાનૈયા ખુશ થઈ રહ્યા છે, આતશબાજી થઈ રહી છે, મહેફિલો ઊડી રહી છે, પણ વરરાજા જ ખોળ્યો જડતો નથી! છોકરીવાળા પૂછે છે કે વરરાજા ક્યાં છે? આજની લોકશાહીમાં બધાય નજરે ચઢે છે; માત્ર 'લોક'નો પત્તો નથી.

ભણેલાગણેલા ઘણી વાર કહે છે કે અહીંના અભણ ગમાર અક્ષરશત્રુ લોકોને અકકેક મત આપી દીધો એટલે પછી જે થવાનું હતું તે થયું. હું અદબપૂર્વક પૂછવા માગું છું કે ચૂંટણીઓમાં જે ભ્રષ્ટાચાર થાય છે તે ગામડાંઓના મતદાનક્ષેત્રમાં વધુ થાય છે કે યુનિવર્સિટીઓના? જવાબ મળે છે કે સૌથી વધુ તો વાઇસ ચાન્સેલરની ચૂંટણી વખતે થાય છે. એટલે આ પરિસ્થિતિનું મુખ્ય કારણ નિરક્ષરતા નથી.

કદાચ આ પરિસ્થિતિનું મુખ્ય કારણ એ છે કે આપણે એમ માની લીધું છે કે સામાન્ય માણસમાં સમજ નથી અને સમજવાની શક્તિયે નથી. લિંકને એક વાર કહેલું કે ભગવાને શું બે પ્રકારના લોકો પેદા કર્યા છે? એક પીઠ પર બોજો ઊંચકનારા અને બીજા એના પર સવારી કરનારા? કેટલાકના હાથમાં ચાબૂક દઈ દીધી, તેમને સવાર બનાવી દીધા અને બીજાઓને એમના ઘોડા બનાવ્યા, જેમના પર જીન કસેલું છે?

### ઇતિહાસનો વિષય કે ઇતિહાસનો વિધાતા?

આ દેશના બધા પક્ષોએ લોકોને clientele—ઘરાક માની લીધા છે. તેઓ એમ માને છે કે અમે રાજ્યકર્તા છીએ, વ્યવસ્થાપક છીએ અને જેમની વ્યવસ્થા કરવાની છે, તેનું નામ લોક છે. પરિણામ એ આવ્યું છે કે The common man has

become not the agent of history but the object of history—સામાન્ય માણસ ઇતિહાસનો વિષય બની ગયો છે. અને ઇતિહાસ રચવાનાં સાધન જેના હાથમાં રાજસત્તા છે એના હાથમાં જતાં રહ્યાં છે. આની જ આપણને વેદના છે. આપણે માટે આ પરિસ્થિતિ અસહ્ય છે. એક માણસ બીજા માણસનો વિષય બને, એ સહી શકાય તેમ નથી. જેના નામ પર આ બધી સત્તા ચાલે છે એ સાધારણ નાગરિક શું ઇતિહાસના ઘડવૈયાને બદલે તેનો વિષય હોય ?

જ્યોર્જ ઓરવેલે એક વ્યંગકથા લખી છે એમાં બધા પશુ જ રહે છે. પાર્લમેન્ટના સભ્ય ઘોડા છે. એ ઘોડા બંધારણ ઘડવા ભેગા થયા. પહેલું વાક્ય લખાયું કે બધાં પ્રાણી સમાન છે. એમ તો લખવું જ જોઇએ, નહીં તો લોકશાહી ન કહેવાય. ત્યાં એક ઘોડાએ કહ્યું કે આમ તો રાજ્ય આપણા હાથમાં નહીં રહે. બધાં પ્રાણી સરખાં છે તો પછી સત્તા તમારા હાથમાં કેવી રીતે રહેશે ? માટે આમાં એક વાક્ય ઉમેરીએ : બધાં પ્રાણી સમાન છે પણ એમાંનાં કેટલાંક બીજાં કરતાં અધિક સમાન છે. આ જ પક્ષનિષ્ઠા, સંપ્રદાયનિષ્ઠા, સમુદાયનિષ્ઠા, વિશિષ્ટસમૂહનિષ્ઠા, જાતિનિષ્ઠા કહેવાય છે. All citizens are equal, but congress-men are more equal than other citizens. બધા નાગરિક સમાન છે પણ કોંગ્રેસીઓ બીજા કરતાં અધિક સમાન છે. All citizens are equal but the members of the P. S. P. are more equal—બધા નાગરિક સમાન છે પણ સમાજવાદી પક્ષના સભ્યો અધિક સમાન છે !

## નાગરિકતા અને સભ્યપદ

આમ થવાથી નાગરિકતા કરતાં સભ્યપદ શ્રેયાન થઇ ગયું. થવું તો એમ જોઇએ કે સભ્યપદથી નાગરિકતા તરફ પગરણ થાય. પણ આપણે જઈ રહ્યા છીએ નાગરિકતાથી સભ્યપદ તરફ. આજે

દરેક પક્ષમાં પોતાના પક્ષને વધુ બળવાન બનાવવાની પ્રતિજ્ઞા લેવાય છે. કોંગ્રેસ કહે છે કે અમે અમારા પક્ષને મજબૂત બનાવીશું. પી. એસ. પી. કહે છે કે અમે અમારા પક્ષને મજબૂત બનાવીશું. સામ્યવાદી કહે છે અમે અમારા પક્ષને મજબૂત બનાવીશું. એમનામાંથી કોઈ એમ નથી કહેતું કે અમે 'લોક'ને બળવાન બનાવીશું, રાષ્ટ્રને બળવાન બનાવીશું. તમે પૂછો કે એમ કેમ નથી કહેતા? તો કહેશે કે પક્ષ બળવાન બનશે તો લોકો બળવાન થઈ જશે. મારો સમુદાય બળવાન થશે તો એ શક્તિ લોકોને જ મળશે, કેમ કે લોકશક્તિ એ મારી શક્તિ છે. આનું પરિણામ શું આવ્યું?

પરિણામ એ આવ્યું છે કે અલગ અલગ જૂથ ઊભાં થઈ ગયાં છે. આ સંગઠન કોનું? તો કહે ખેડૂતોનું. આ કોનું? મજૂરોનું. આ કોનું? વ્યાપારીઓનું. બધાના સ્વાર્થ ભિન્ન ભિન્ન છે. હવે દરેકના ભિન્ન ભિન્ન સ્વાર્થ એ functional organisations છે. એટલે વિશિષ્ટ ભૂમિકાથી, વિશિષ્ટ વ્યવસાય માટે, વિશિષ્ટ વર્ગ માટે બનેલાં સંગઠનો છે. અને હંમેશનો એવો એક સિદ્ધાંત છે કે આવો જૂથવાદ માનવીય મૂલ્યો વિશે અંધ હોય છે. It is colour-blind to all human values. એને પોતાના સિવાય બીજા કશા રંગ દેખાતા નથી. માનવીય મૂલ્યોના મેઘધનુષ જેવા રંગો એને નથી દેખાતા, પણ પોતાનો એક જ રંગ દેખાય છે. સાધારણ નાગરિક જે નિષ્પક્ષ છે, તે પક્ષાપક્ષીની દુનિયામાં ભૂલો પડયો છે. બધા અલગ અલગ જૂથોમાં વહેંચાઈ ગયા છે અને જે બાકી રહ્યા છે તે સામાન્ય નાગરિક છે. અસલમાં તો પ્રાધાન્ય નાગરિકનું રહેવું જોઈતું હતું.

આ તો રાજકીય પક્ષોની વાત થઈ. ધર્મોની સ્થિતિ કેવી છે? મુસલમાનને પૂછો તો કહેશે કે માનવીય સમાનતાની વાત જેવી ઈસ્લામ ધર્મમાં કહી છે એવી બીજા કોઈ ધર્મમાં નથી કહેવાઈ. ખ્રિસ્તીઓને પૂછીશું તો કહેશે કે અમારા ધર્મમાં તો ઈશ્વર અમારો

પિતા છે ને મનુષ્ય માત્ર અમારા ભાઈ છે. હિંદુ ધર્મ કહેશે કે અમે તો ઘટઘટમાં ઈશ્વર જોઇએ છીએ. પથ્થરથી માંડી મનુષ્ય સુધી બધામાં ભગવાન છે. અમારો તો અધિક સમતાનો ધર્મ છે. પણ જ્યારે આ બધા પોતપોતાના સંગઠન બનાવે છે ત્યારે શું થાય છે?

બધા માણસો સરખા છે, પણ મુસલમાનો વધુ સરખા છે. બધા માણસો સમાન છે, પણ તેમાં હિંદુઓ બીજા કરતાં વધુ સમાન છે. અને વળી હિંદુઓમાં પણ ગુજરાતીઓ વધુ સમાન છે, મહારાષ્ટ્રીઓ વધુ સમાન છે. આમ પક્ષવાદ, સંપ્રદાયવાદ આપણી લોકસત્તાને કલુષિત કરે છે.

### પક્ષહીન લોકશાહી અસંભવિત છે?

લોકો પૂછે છે કે પક્ષો વગર લોકશાહી સંભવી શકે ખરી? હવે આનો શું જવાબ આપવો? હું એમને પૂછું છું કે પહેલાં લોકશાહી આવી કે પહેલાં પક્ષ આવ્યો? તો કહે, આવી તો પહેલાં લોકશાહી પણ તે પક્ષ વગર રહી શકે ખરી?

હું હરિજનને ત્યાં ભોજન કરવા ગયો ત્યારે મારા દાદાએ કહ્યું કે તું શું કરવા બેઠો છે? મેં કહ્યું કે હવે આજના જમાનામાં આ નાતજાત નથી રહેવાનાં. તો કહે કે નાતજાત વગરનો તે કોઈ સમાજ હોઈ શકે? મેં કહ્યું કે હિંદુઓ સિવાય ક્યાંય જાતિવાદ નથી. મુસલમાન, ખ્રિસ્તી વગેરેમાં નાતજાત નથી અને છતાં એમનો સમાજ છે, અને તમે કહો છો કે નાતજાત વિનાનો સમાજ સંભવી જ ન શકે!

હવે આધુનિક રાજ્યશાસ્ત્રીઓ મને કહે છે કે પક્ષો નહીં હોય તો લોકશાહી પણ નહીં હોય. આ બધાઓનો આપણા પિતૃઓમાં સમાવેશ કરી દેવો જોઇએ! એ સિવાય બીજો કંઈ ઉપાય નથી. પેલા કહે છે કે જાતિ નહીં હોય તો સમાજ નહીં રહે અને આ કહે

છે કે પક્ષો નહીં રહે તો લોકશાહી જ નહીં સંભવે ! આજ આપણે પ્રત્યક્ષ જોઈએ છીએ કે પક્ષનિષ્ઠા, સંપ્રદાયનિષ્ઠા જ્યાં સુધી રહેશે ત્યાં સુધી લોકનિષ્ઠા ક્ષીણ થતી જશે.

## ચૂંટણી લોકશિક્ષણનું પર્વ છે

અમને પૂછે છે કે ચૂંટણીમાં તમે શું કરશો ? તમે જ અમને શીખવ્યું છે કે આ તો લોકશિક્ષણનું પર્વ છે, પ્રભાવશાળી લોકમત નિર્માણ કરવાનું મુહૂર્ત છે. ૧૮૬૦માં ઇંગ્લાંડમાં એક સમિતિ નિમાયેલી. સર રોબર્ટ લો એના પ્રમુખ હતા. એ સમિતિએ કહ્યું કે લોકતંત્રને જો સફળ બનાવવું હશે તો લોકશિક્ષણ કરવું પડશે. આપણે આપણા માલિકોને શિક્ષણ આપવું પડશે. કયું શિક્ષણ આપવું પડશે ? અમને રાજા બનાવવા એ તમારા હિતમાં છે એમ સમજાવીશું કે ? આમાંથી લોક-શિક્ષણ થશે કે ? ના. તો અમે ચૂંટણી દરમ્યાન વિશુદ્ધ લોકશિક્ષણનું કામ કરીશું.

આજે કયો પક્ષ એવી પ્રતિજ્ઞા કરે છે કે અમે મત એકઠા કરવા નહીં જઈએ, મત નિર્માણ કરવા જઈશું ? જે મત એકઠા કરવા જાય છે તે મત નિર્માણ નથી કરી શકતો. આજે આ દેશમાં તમે અને હું અગર પ્રભાવશાળી લોકમત નિર્માણ ન કરી શક્યા તો આખી દુનિયામાં સૌથી સારી લોકશાહી પદ્ધતિ હોવા છતાં તે કંઈ કામની નહીં રહે. જે લોકો માટે આ લોકતંત્ર છે, એમને આ લોકતંત્રનાં મૂલ્યોનું, મૂળભૂત સિદ્ધાંતોનું શિક્ષણ અપાવું આવશ્યક છે. પણ જે પોતે મતયાચક નથી એ જ આવું લોકશિક્ષણ કરી શકે. મતયાચકને સંખ્યા સાથે મતલબ છે, મતપરિવર્તન સાથે નહીં.

અમે ભૂદાનવાળાઓ પણ કંઈ દૂધમાં ધોયેલ નથી રહ્યા ! અમે ૫ કરોડ એકર જમીન મેળવવાનો સંકલ્પ કરેલો. જમીન પ્રાપ્ત થતી ગઈ. પણ દિલ બદલવા તરફ ધ્યાન ન અપાયું. હવે આજે રોઈ રહ્યા છીએ કે જમીન તો ખડકાઈ ગઈ પણ લોકોના હૃદયનો

કણમાત્ર હાથ ન આવ્યો. એ આવે પણ કેવી રીતે ? બધુંય ધ્યાન જમીન એકત્ર કરવા પાછળ હતું.

ચૂંટણીમાં જે ઉમેદવાર હોય તેને ચિંતા જીતવાની હોય છે અને તેથી એનું ધ્યાન મત ભેગા કરવા તરફ હોય છે એને તો લોકોના દિલનું પરિવર્તન કરવાની ફિકર કે ફુરસદ નહીં હોય. આજે જરૂર લોકોના દિલ બદલવાની છે.

## લોકસત્તા વિના બીજો કોઈ માર્ગ નથી

આજે કેટલાય એમ કહેતા સંભળાય છે કે આ દેશમાં લોકશાહી સફળ નહીં થઈ શકે. જેઓ આમ કહે છે તેઓ ભ્રમમાં છે. યાદ રાખજો કે આ દેશમાં તમે ને હું જો પ્રભાવશાળી લોકમત નિર્માણ ન કરી શકયા તો આખી દુનિયામાં લોકશાહી વિશે કોઈ આશા નહીં રહે. અને એટલીયે ગાંઠ વાળી રાખજો કે આ દેશમાં સરમુખત્યારશાહી સેના કે પક્ષની નહીં પણ કોઈ જાતિની હશે.

લોકસત્તા સિવાય આ દેશ માટે બીજો કોઈ માર્ગ નથી. અમેરિકામાં એક કહેતી છે, જે તેમને બહુ પ્રિય છે. બધાં જ દૂષણો ને ન્યૂનતા નિવારવાનો એક જ ઈલાજ—અધિક લોકશાહી, તેનાથીય અધિક લોકશાહી, ઉત્તરોત્તર અધિક લોકશાહી.

આલ્બેર કામૂએ એક વાત કહી છે કે None of the evils that Totalitarianism claims to remedy is worse than Totalitarianism itself—સર્વાંકુશ રાજ્યસત્તા જે કંઈ બૂરાઈઓ નિવારવાનો દાવો કરે છે, એમાંની કોઈ પણ બૂરાઈ સર્વાંકુશ રાજ્યસત્તા જેટલી ખરાબ નથી. સૌથી મોટી બૂરાઈ સર્વાંકુશ રાજ્યસત્તા છે

## લોકશાહીની મહત્તા

કૃપલાણીજીએ મોસ્કો જઈ આવ્યા બાદ ત્યાંની બહુ તારીફ કરી. મેં એમને પૂછયું કે ત્યાંનાં આટલાં વખાણ કરો છો તો

મોસ્કો જેવું અહીં થવું જોઈએ, એમ કાં નથી કહેતા? એમણે જવાબ આપ્યો કે એમ હું નહીં કહું, કેમ કે આજે આ દેશની પાર્લમેન્ટમાં ઊભો થઈને સૌથી મોટા નેતા જવાહરલાલજી વિશે હું કહી શકું છું કે એ મહાન મૂરખરાજ છે. જ્યારે રશિયામાં પાર્લ-મેન્ટમાં તો નહીં જ પણ સડક પર કે હોટેલમાં કે તમારા ઘરના ખૂણામાં, શયનખંડમાં તમારી પત્નીના કાનમાં પણ એવી વાત કરો તો બીજે દિવસે તમારું માથું સલામત ન રહે. આ દેશમાં આ જે સ્વતંત્રતા છે એનું મૂલ્ય મારે મન સૌથી અધિક છે.

મનુષ્યની પ્રતિષ્ઠા ને સ્વતંત્રતાની જગ્યા કોઈ ચીજ ન લઈ શકે. માણસની પ્રાથમિક આવશ્યકતાની પૂર્તિયે થાય અને સાથો-સાથ એની સ્વતંત્રતાનોય વિકાસ થાય, એની નાગરિકતાનો વિકાસ થાય એવો સમન્વય સાધી શકાય કે? કલ્યાણકારી રાજ્ય નહીં, કલ્યાણકારી સમાજ રચાય. આ દિશામાં લોકતંત્રનો ઉપયોગ થઈ શકે કે? આ શોધનો વિષય છે, લોકશિક્ષણનો વિષય છે. લોકોને સમજાવવું જોઈએ કે લોકસત્તા મારફત, લોકસત્તાની પરિસ્થિતિમાં લોકસત્તાનાં સાધનોથી સમાજ-પરિવર્તન થઈ શકશે. લોકોને આ સમજાવવાનું અત્યંત આવશ્યક છે. ★

[ રાજ્યસંસ્થા લોકસમાજમાં વિલીન થઈ જશે કે લોકસમાજ રાજ્યસંસ્થાના પેટમાં સમાઈ જશે—આ લોકશાહી સામેનો આજનો યક્ષપ્રશ્ન છે. આજની લોકશાહીમાં 'લોક'નો પત્તો નથી. આજે સામાન્ય નાગરિક ઇતિહાસનો વિધાતા નહીં પણ એનો વિષય બની ગયો છે. આજે લોકનિષ્ઠા કરતાં પક્ષનિષ્ઠા, સંપ્રદાય નષ્ઠા, વિશિષ્ટ સમુદાયનિષ્ઠા પ્રબળતર બની બેઠી છે. લોકોમાં એક એવો ભ્રમ ઘર કરી ગયો છે કે પક્ષો વના લોકશાહી સંભવી જ ન શકે. આ ભ્રમ જ્યાં સુધી રહેશે ત્યાં સુધી લોક-નિષ્ઠા ક્ષીણ થતી જશે. ચૂંટણી એ લોકશિક્ષણનું પર્વ છે. જે પોતે મતયાચક નથી એ જ આ લોકશિક્ષણનું પાયાનું કામ કરી શકે. આવા લોકશિક્ષણ મારફત આ દેશમાં પ્રભાવશાળી લોકમત તૈયાર નહીં કરાય તો લોકશાહી વિશે કોઇ આશા નહીં રહે. લોકસત્તા મારફત, લોકસત્તાની પરિસ્થિતિમાં લોકસત્તાનાં સાધનોથી સમાજ-પરિવર્તન થઇ શકશે એવી પ્રતીતિ લોકોને કરાવવાની છે. ]

: ૩ :

# વાસ્તવિક લોકસ્વરાજ્ય

કાલ મેં તમારી સમક્ષ બે મુખ્ય વાત રજૂ કરેલી; પહેલો સવાલ તમારી સામે એ મૂકેલો કે રાજ્ય લોકસમાજમાં વિલીન થઈ જશે કે લોકસમાજ જ રાજ્યના પેટમાં ખોવાઈ જશે ? બીજો સવાલ એ કે સભ્યપદ નાગરિકતામાં વિલીન થઈ જશે કે નાગરિકતા જ નિષ્પ્રભ થઈને સભ્યપદને કારણે ક્ષીણ થઈ જશે ? લોકસત્તાની સૌથી મુખ્ય, સૌથી મહત્ત્વપૂર્ણ સમસ્યા આ છે. સાધારણ રીતે એમ જણાય છે કે આજે પક્ષનિષ્ઠા, સંપ્રદાયનિષ્ઠા, વિશિષ્ટ સમુદાયનિષ્ઠા, ક્ષેત્રનિષ્ઠા વગેરે એટલી ઉત્કટ બની ગઈ છે કે એને કારણે વ્યાપક નાગરિકતાની ભાવના ક્ષીણ થતી જાય છે. આના ઉદાહરણ રૂપે કહેલું કે કેટલાક લોકો વધુ સમાન છે. બધાં પશુ સમાન છે, પરંતુ કેટલાંક પશુ બીજા કરતાં અધિક સમાન છે. એનો અનુવાદ મેં સંપ્રદાય, પક્ષ અને ક્ષેત્રની ભાષામાં કરેલો. માનવ માત્ર સમાન છે, પણ કૉંગ્રેસીઓ અધિક સમાન છે. આખા માનવસમાજમાં પ્રજા સમાજવાદી અધિક સમાન છે, મુસલમાન, ખ્રિસ્તી અધિક સમાન છે. બ્રાહ્મણ અધિક સમાન છે. ગુજરાતી, મરાઠી, આસામી કે બંગાળી અધિક સમાન છે. આમ નાગરિકતાની ભાવના ક્ષીણ થાય છે. વ્યાપકતા ઓછી થતી જાય છે. વ્યાપક ભાવનાને બદલે સંકીર્ણ ભાવનાથી કામ થાય છે.

પહેલાંના વખતમાં અખિલ યુરોપનો એક સંઘ બનાવવાના બહુ પ્રયત્નો થયા. જે લોકોએ એવા પ્રયત્નો કર્યા એમાં બે નામ આગળ પડતાં છે. એક તો ઇરેઝમસ્ટનું અને બીજું માર્ટિન લ્યુથરનું.

ઇરૅઅમસ્ટે યુરોપને સમાન ભૂમિકા પર એક કરવાની કોશિશ કરી. એણે કહ્યું કે જાગતિક સંઘ બનશે. પરંતુ એમાં ઉમેરાયું કે એ સંઘ ગોરા લોકોનો હશે. humanity—માનવતાનો નહીં, white humanity—શ્વેત માનવતાનો સંઘ હશે. અન્ય માનવ એમાં સામેલ નહીં થઈ શકે. એમ કહેવાય છે કે લ્યુથરનું જે ધર્મ-સુધારણાનું આંદોલન થયું એની પૂર્વપીઠિકા આ ઇરૅઝ-મસ્ટે તૈયાર કરી આપી. પરંતુ એ પણ વિશિષ્ટ લોકોના—શ્વેત માનવોના સંગઠન તરફ વળી ગયો.

સેસિલ રૂહોડ્ઝ, જેનું નામ આફ્રિકા સામે સંકળાયેલું છે, એણે એક બીજી વાત કહી: equality of all civilized people—બધા સભ્ય લોકોની સમાનતાની વાત કરી. અર્થાત વર્ણ ગયો, કાળા-ગોરાનો ભેદ નાબૂદ થયો પરંતુ સભ્ય અને અસભ્યતાનો બીજો ભેદ ત્યાં આવી ગયો. પુરાતન કાળથી તે આજ સુધી લોકોએ મનુષ્યની નિરપેક્ષ સમાનતા, સાર્વત્રિક સમાનતાની ઘોષણા કરી છે, પરંતુ એની પ્રવૃત્તિનો ઝોક વિશિષ્ટ સમાનતાઓ, સંકીર્ણ સમાનતાઓ તરફ ચાલ્યો ગયો છે. આમ જ્યાં સંકીર્ણ સમાનતા હોય છે ત્યાં વાસ્તવમાં સમાનતા સંભવી જ નથી શકતી.

## સામાન્ય નાગરિકની નિષ્ક્રિયતા ને અનિષ્ઠા

આનું પરિણામ એ આવ્યું છે કે સાધારણ નાગરિકના ચિત્તમાં અનાસ્થા પેદા થઈ છે. એ કેવળ નિષ્ક્રિય જ નથી બન્યો; નિષ્ક્રિ-યતાની સાથોસાથ એના ચિત્તમાં ઉપેક્ષાભાવ પણ જન્મ્યો છે. આ ઉપેક્ષાભાવ પણ ક્યારેક મોકળા મન અને અનાગ્રહમાં ખપાવાય છે. આને open mindedness માનવા લાગીએ છીએ. આ માણસ એવો છે કે એનો પોતાનો કોઈ આગ્રહ નથી. તે સર્વની વાત સાંભળવા તૈયાર છે. સૌની વાત સાંભળવાની તૈયારી એ તો ઋજુતાનું લક્ષણ છે અને એ બુદ્ધિનિષ્ઠા કહેવાય, પણ આજે તો

સામાન્ય નાગરિકના મનમાં બુદ્ધિનિષ્ઠા નહીં, અનિષ્ઠા છે. એના મનમાં કોઈ પણ વાત વિશે કશો વિશ્વાસ નથી, કોઈ ચીજની એના મનમાં કશી સ્પષ્ટતા નથી. બૌદ્ધિક નિશ્ચયનો જ અહીં અભાવ છે. કોઈ વાત તરફ ગંભીરતાપૂર્વક જોવાની દૃષ્ટિ જ નથી. આવો બૌદ્ધિક અનિશ્ચય એ કંઈ અનાગ્રહ નથી. એ તો અસ્પષ્ટ, ધૂંધળા દર્શનમાંથી જન્મ્યો હોય છે. ( આજે સામાન્ય નાગરિક કયાં દ્રવ્યોનો, કયા મસાલાનો, કઈ સામગ્રીનો બન્યો છે, એ બતાવી રહ્યો છું. ) આ સહિષ્ણુતા પણ નથી. સહિષ્ણુતાનો અર્થ સાર્વત્રિક ઉપેક્ષાભાવ ન હોઈ શકે. આજના નાગરિકમાં તો કોઈ વસ્તુ વિશે કશી લગન નહીં, કશી ઉત્કટતા નહીં! એનું પરિણામ સામાન્ય નાગરિકની અનિર્ણયની મનોવૃત્તિમાં આવ્યું છે. કોઈ બાબતમાં કશો નિર્ણય કરવાની ઇચ્છા જ નહીં, પ્રવૃત્તિ જ નહીં. તેથી મેં કહ્યું કે સાર્વત્રિક શંકાશીલતા અને સાથોસાથ સાર્વત્રિક ઉપેક્ષાભાવ આજના નાગરિકમાં આવી ગયો છે.

સામાન્ય નાગરિકના મનમાં જ્યાં આવી શંકાશીલતા, અવિશ્વાસ ને ઉપેક્ષાભાવ હોય, અને કેવળ રોટલાની, કપડાંની, મકાનની, વ્યવસાયની, ઉપભોગ્ય વસ્તુની વાતમાં જ એને રસ પડતો હોય ત્યાં લોકતંત્રનો વિકાસ ન થઈ શકે. આ હું લોકતંત્રની પદ્ધતિ નહીં એનાં મૂલ્યોની વાત કરું છું.

### નિરંતર જાગરૂકતા વિના સ્વતંત્રતા ન સંભવે

સાધારણ માણસની આ ગફલત, એનો આ અવિશ્વાસ સૌ પ્રથમ વિદાય થવો જોઈએ. એનામાં જાગરૂકતા આવવી જોઈએ. Eternal Vigilance—નિરંતર જાગરૂકતા એ સ્વતંત્રતાનું મૂલ્ય છે. જે નાગરિક નિરંતર જાગરૂક, સાવધાન, સચેત નથી રહેતો તે સ્વતંત્ર નથી રહી શકતો.

નાગરિકને આમ જાગરૂક કરવો એ લોકશિક્ષણનું પહેલું કામ હોવું જોઈએ. કોઈ પક્ષ એ કામ ન કરી શકે, કેમકે પક્ષ અને

ઉમેદવાર મતની યાચના કરે છે. અને જે મતની યાચના કરે છે એને લોકોના મત પોતાને અનુકૂળ બનાવવાની ફિકર હોય છે. એની યોજનામાં જ એ રત હોય છે. એમની પ્રવૃત્તિથી મત-સ્વાતંત્ર્ય નિર્માણ ન થઈ શકે. મતો પોતાની તરફ વાળવા સારુ પછી ગમે તે સાધનોનો ઉપયોગ પણ થાય. તેથી મતપ્રચાર નહીં, મત-સ્વાતંત્ર્યની જાગૃતિ, બુદ્ધિ-સ્વાતંત્ર્યની જાગૃતિ સામાન્ય નાગરિકમાં આવવી જોઈએ.

આ લોકશિક્ષણનું કામ તેઓ જ કરી શકશે, જેમણે મત-યાચના ને મતસંગ્રહ સારુ પોતાનું સંગઠન કે સંસ્થા ન બનાવી હોય. તેઓ દેવદૂત કે પવિત્ર પુરુષ છે એવું નથી. તેઓ દૂધમાં ધોયેલા નથી. પરંતુ એમણે જે મર્યાદા પાળી છે તેની લોકશિક્ષણ સારુ અત્યંત આવશ્યકતા છે. તેઓ સ્વેચ્છાએ એવી મર્યાદા પાળે છે કે અમે મતસંગ્રહમાં નહીં પડીએ.

## આજે પક્ષો નહીં મોરચા છે

આજે જે Polarization—ધ્રુવીકરણ થયું છે એનાથી વૈચારિક વિખંડતા આવી છે. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે રાષ્ટ્રો વહેંચાઈ ગયાં છે તો રાષ્ટ્રીય ક્ષેત્રે મોરચાઓ ઊભા થયા છે. ત્યાં polarized states છે તો અહીં polarized fronts ઊભા થયા છે. ઘણા કહે છે કે પક્ષો નહીં હોય તો લોકશાહી નહીં હોય. હું પૂછું છું કે આજે દેશમાં પક્ષો છે ખરા? એક પક્ષ તરીકે કામ કરતું કોઈ સંગઠન તો મને બતાવો. જેમ પહેલાં ૧૯૧૦માં પ્રશ્ન ઊઠેલો ને કે હિંદુ કોણ છે? મોટા મોટા વિદ્વાનોએ ખોજ કરી પણ હિંદુ કોઈ મળ્યો જ નહીં! ક્યાંક બ્રાહ્મણ હાથ લાગ્યો, ક્યાંક ભંગી. તેલી–માલી બધા મળ્યા પણ હિંદુનો ક્યાંય પત્તો જ નહીં! એવી જ રીતે આજે પક્ષ ક્યાંય દેખાતો જ નથી. જે છે તે મોરચાઓ છે. બેલગામનો પ્રશ્ન આવ્યો તો એક જ પક્ષના જત્તી ને ચવાણ એકમેકની વિરુદ્ધ ખડા થઈ ગયા. નદીઓના

પાણીનો પ્રશ્ન આવ્યો તો ત્રણેય રાજ્યમાં એક જ પક્ષ સત્તા પર હોવા છતાં સામસામાં તડાં પડી ગયાં. ભગવાનનો પાડ માનો કે હજી ગંગાજળનો પ્રશ્ન નથી ઊઠ્યો. જો કે ટાઈમ્સ ઑફ ઈન્ડીઆએ હમણાં કાર્ટૂનમાં મજાક કરેલી કે આ રેલનું પાણી કોનું એ નક્કી કરી લો, બાકી પાછળથી વળી એનો ઝઘડો ઊભો થશે. પ્રજા સમાજવાદી પક્ષમાંયે કાનડી ને મરાઠી સામસામે આવી ગયા. આસામની બાબતમાં બંગાળી સામ્યવાદી ને આસામી સામ્યવાદી વચ્ચે ઝઘડો ઊભો થયો. આને શું પક્ષ કહેવાય? આજે આ દેશમાં કોઈ પક્ષ કામ કરતો જ નથી. છતાં કહે છે કે પક્ષ નહીં હોય તો લોકશાહી નહીં સંભવે. ઠીક છે; પક્ષ પણ નથી અને લોકશાહી પણ નથી. બંનેની લાશ પડી છે. આ પરિસ્થિતિનો ગંભીરતાપૂર્વક વિચાર થવો જરૂરી છે.

પક્ષીય નેતાઓને મેં અપ્રામાણિક નથી માન્યા, પક્ષનિષ્ઠ માન્યા છે. એમને સૌને મારું નિવેદન છે કે તમે સૌ મળીને વ્યાપક નાગરિકતાનું સંરક્ષણ કરો. આજે એ શક્ય નથી બનતું. કારણ કે આજે સત્તાની સ્પર્ધા ચાલે છે. જે પોતાની તરફેણમાં લોકમત ઊભો કરી દે તે રાજ્યસત્તાનો પ્રતિસ્પર્ધી બની શકે છે.

આ વિરોધીપક્ષની સ્વતંત્રતા એ બહુ મોટી ચીજ છે. મૂડી-વાદને એ સારુ અભિનંદન આપવાં જોઈએ. સામ્યવાદે આવી હિંમત ક્યારેય નથી કરી. મૂડીવાદમાં વિરોધી પક્ષને સત્તાવાર સ્વીકૃતિ અપાઈ છે. એમાં વિરોધી વિચારને પણ સ્થાન છે, જેમ રોમન કેથોલિક સંસ્થામાં શેતાનના વકીલ માટે સ્થાન છે. જ્યારે કોઈ વ્યક્તિને સાધુની ઉપાધિ આપવી હોય ત્યારે પુછાય છે કે કોઈને આ બાબતમાં વાંધો છે કે? આ માટે કોઈ ઊભું ન થાય તો એમણે એક શેતાનનો વકીલ ઊભો કરી દીધો છે. આ જ વાત સંસદીય પદ્ધતિમાં પણ આવી ગઈ છે. વિરોધી પક્ષવાળો પણ એક પદાધિકારી હશે. બંધારણમાંય એને સ્થાન હશે. આને હું એક બહુ મોટી ચીજ માનું છું.

## વ્યાવસાયિક નીતિમત્તા મૂળભૂત નીતિમત્તાનો કોળિયો કરી જાય છે

પરંતુ આમાં દોષ એ છે કે બંને સત્તા સારુ પ્રતિસ્પર્ધી છે. આ પ્રતિસ્પર્ધામાંથી રાજનૈતિક પક્ષોનાં જૂથો અને પલટણો જન્મે છે અને એમનામાં સંઘર્ષ ચાલે છે. ક્યારેક આ જીતે છે તો ક્યારેક પેલો. અને હારજિતનો સવાલ આવી જાય છે ત્યારે એમાં દગાબાજીયે સૌથી મોટી ઈમાનદારી બની બેસે છે. દગાબાજી બીજા તરફ, વફાદારી પોતાના પક્ષ તરફ. એક વકીલને એની બહેન પૂછવા લાગી કે આ કેસ તો તદ્દન જુઠ્ઠો છે, તેં એ કેમ હાથમાં લીધો? વકીલે કહ્યું કે મેં લીધો ત્યારે મને ખબર નહોતી. હવે શું કરું? બહેન બોલી, હવે તો ખબર પડી ગઈ એટલે છોડી દે. તો પેલો કહે કે એ ન બને. એક વાર હાથમાં લીધો એટલે એને પૂરો કરવો એ વ્યાવસાયિક નીતિમત્તા છે.

તો જેને મૂળભૂત નાગરિક ચારિત્ર્ય કહો છો અને જે નાગરિક-શીલ નિર્માણ કરવા માગો છો તે એક બાજુ રહી જાય છે અને બીજી સંકીર્ણ નીતિમત્તાઓ કબજો જમાવી લે છે. હું પ્રામાણિક છું, પણ કોના પ્રત્યે? મારા પક્ષ પ્રત્યે. મારા પક્ષ સારુ જે કંઈ જુઠ્ઠાણું ચલાવું તે ઉદાત્ત સત્ય છે, જે ક્રૂરતા દાખવું તે સૌથી મોટી સહૃદયતા છે, જે દગાબાજી આચરું તે ઈમાનદારી છે. આમ નૈતિક ભૂમિકામાં જ પરિવર્તન થઈ ગયું છે. અને પછી બધુંય સંયોજન વિજય મેળવવા સારુ થાય છે. યુદ્ધ જીતવા માટે જ લડાય છે, તેમ ચૂંટણી પણ જીતવા સારુ જ લડાય છે. એ દૃષ્ટિએ જ પક્ષોનું સમગ્ર સંયોજન થાય છે. રુઢિચુસ્ત પક્ષોમાં પ્રતિષ્ઠિત વ્યક્તિઓની એક જ્યેષ્ઠ સમિતિના હાથમાં સત્તા હોય છે. કૉંગ્રેસ ને સમાજવાદી જેવા પક્ષોમાં શાખાઓ અને સ્થાનિક સમિતિઓ હોય છે. સામ્યવાદીઓના cells—કોષો હોય છે. આમાં સામાન્ય નાગરિકનો ક્યાંય પત્તો નથી. રૂસોએ કહેલું કે ઇંગ્લાંડના લોકો એમ માને છે કે અમે બહુ સ્વતંત્ર છીએ. પણ એ

સ્વતંત્રતા કઈ? કયા પક્ષને મત આપવો એટલી જ નાગરિકની સ્વતંત્રતા છે. અને તેય પાંચ વર્ષે એક વાર. પછી તો ગુલામી જ ગુલામી. રૂસોએ ઈંગ્લાંડના બંધારણ પર ટીકા કરતો લેખ લખ્યો તેમાં આ વાત તરફ અંગ્રેજોનું ધ્યાન દોર્યું કે અહીં નાગરિકનો કોઈ પત્તો જ નથી.

## પરસ્પરનું ઉત્તરદાયિત્વ

લોકનીતિમાં બીજું પગલું ઉત્તરદાયિત્વનું હોવું જોઈએ. હું મારી સ્વતંત્રતા ને સત્તાનો ઉપયોગ કઈ રીતે કરું છું એની જવાબદારી દરેક નાગરિકની છે. લોકશાહીમાં એક વાર ચૂંટાઈ ગયા પછી તે પ્રતિનિધિ આખા ક્ષેત્રનો ગણાય છે. જેણે એને મત ન આપ્યો હોય કે એની વિરૂદ્ધ મત આપ્યો હોય તેનોય તે પ્રતિનિધિ ગણાય છે. છતાં તે આજે પોતાના પક્ષને જવાબદાર છે. પ્રતિનિધિ આખાયે ક્ષેત્રનો અને જવાબદાર પોતાના પક્ષને. આથી Supremacy of voters—મતદારોની અંતિમ સત્તા કલુષિત થાય છે, દૂષિત થાય છે.

હવે જાણે કહી દીધું કે પ્રતિનિધિ મતદારોને જવાબદાર હોય, પણ મતદાર પોતે કોને જવાબદાર હશે? શું નાગરિકનું કોઈ દાયિત્વ છે કે નહીં? શું એ કેવળ એક વ્યક્તિ છે? સમાજમાં એનું કંઈ સ્થાન નથી? જીવનમાં સંબંધને કારણે વ્યક્તિત્વ આવે છે. તો નાગરિકનું કોઈ વ્યક્તિત્વ છે કે? એ મનુષ્ય પણ છે ને સમાજની એક વ્યક્તિ પણ છે. તેથી એનું ઉત્તરદાયિત્વ હોવું જોઈએ. એ ઉત્તરદાયિત્વ કોના પ્રત્યે હોય? નાગરિકોનું ઉત્તરદાયિત્વ એકમેક પ્રત્યે હોય. દરેક નાગરિક પોતાના પડોશીને જવાબદાર હોય. હું તમને જવાબદાર અને તમે મને જવાબદાર તથા બંને એકમેકના જીવન પ્રત્યે જવાબદાર. બાઈબલમાં કહ્યું છે કે Thou art thy brother's keeper—તું તારા ભાઈનો અભિ-

ભાવક છે, સંરક્ષક છે. એક નાગરિકનો સંરક્ષક બીજો નાગરિક જ બની શકે, પોલીસ કે ફોજનો સિપાઇ નહીં.

આ પારસ્પરિકતાની ભાવનાનું નામ જ લોકસત્તા છે. ત્રીજા કોઈ સંગઠન કે સત્તાનો લોકજીવનમાં જેટલો ઓછો પ્રવેશ થશે એટલો લોકસત્તાનો વધુ વિકાસ થશે. આ હું કેવળ થોરો કે ગાંધીની વાત નથી કરતો. એમણે કહ્યું છે ને કે જે ઓછામાં ઓછું શાસન કરે છે તે સર્વશ્રેષ્ઠ શાસન છે, એમને જવા દઈએ. પરંતુ તમે એટલું તો માનશો ને કે નાગરિક જીવનમાં પોલીસ, ફોજ ને રાજ્યનો પ્રવેશ ઓછ.માં ઓછો હોય તે સભ્ય નાગરિકતાનું લક્ષણ છે. કુલીન કુટુંબનું લક્ષણ શું છે? જે કુટુંબમાં પોલીસ, કાનૂન વગેરેની દખલ ન હોય એને જ કુલીન કુટુંબ કહીએ છીએ ને? વિનોબાના શાસનમુક્તિના શબ્દને છોડી દો, સામ્યવાદીઓની રાજ્યસત્તા આખરે કરમાઇને ખરી પડશે એ વાત પણ જવા દો. પરંતુ આપણે શું એટલું નથી માનતા કે બે સભ્ય માણસના જીવનમાં કાનૂન ને પોલીસની દખલ ઓછામાં ઓછી હોય? બજેટમાં વધુ ટીકા શાની થાય છે? શાળા, દવાખાના વગેરે પર વધુ ખર્ચ થાય તેની. હા, આજે ચીન ને પાકિસ્તાનનો સવાલ હોવાથી કહેવાશે કે સંરક્ષણ માટે વધુ રકમ ફાળવો. બાકી સાધારણ પરિસ્થિતિમાં તો પોલીસ ને ફોજ ઉપર ઓછામાં ઓછો ખર્ચ થાય અને શિક્ષણ વગેરે પરનો ખર્ચ વધે એમ જ કહીશું ને? સમાજમાં ફોજ, જેલખાનું, અદાલત, પોલીસ ઓછામાં ઓછાં હોય એમ જ ઇચ્છીશું ને?

### સ્મશાનઘાટ અને હૉસ્પિટલનું ઉદ્ઘાટન

આ ચારેય સંસ્થાઓ આવશ્યક છે, જેમ સ્મશાન આવશ્યક છે. એ ન હોય તો બનાવવું પણ પડે મારા એક મિત્રે સ્મશાનઘાટ બનાવ્યો. હવે એનું ઉદ્ઘાટન કેમ કરવું, એની વિમાસણમાં હતા. સંયોગવશાત્ ખાદીના એક મોટા કાર્યકર્તાનું અવસાન થયું.

તો એમણે કહ્યું કે આ તો શુભ સંયોગ પ્રાપ્ત થયો કે આ સ્મશાન-ઘાટનું ઉદ્‌ઘાટન આવા મોટા માણસના મૃત્યુથી થઈ રહ્યું છે. એને માટે એ શુભ સંયોગ થયો પણ અમારે માટે એ અશુભ સંયોગ હતો !

મારા એક બીજા મિત્રે ગ્રામક્ષેત્રમાં હોસ્પિટલ બનાવી. મને કહે, તમે એનું ઉદ્‌ઘાટન કરો. મેં કહ્યું કે બીમાર પડ્યા વિના હું એનું કેવી રીતે ઉદ્‌ઘાટન કરી શકવાનો ? તો એ કહેવા લાગ્યા કે તમે આશીર્વાદ આપો. હું શું આશીર્વાદ આપું ? એવા આશીર્વાદ આપું કે આ હોસ્પિટલમાં પહેલા દરદી તમે થાઓ ? મેં પૂછ્યું કેટલા દરદી છે ? તો કહે, બે હજાર. મેં કહ્યું કે એમાં એકની કમી રહી ગઈ કે તમે એમાં સામેલ ન થયા ! એ બે હજારમાં તમે કેમ નહીં ? કયો સભ્ય માણસ એમ ઇચ્છશે કે એના જીવનમાં જેલખાનું, અદાલત અને પોલીસની દખલ હોય. આ વાદવિવાદનો પ્રશ્ન નથી. જ્યારે વિવાદ કરતા હોઈએ ત્યારે પૂછી પડાય છે કે સમાજમાં શું અદાલત, જેલખાનું અને પોલીસ નહીં હોય કે ? બધું જ હશે પરંતુ એમાંના કોઇમાં તમે ન હો એટલું તો તમે ઇચ્છો છો કે નહીં ?

### લોકશિક્ષણ સારુ અવસર

એટલું જો ઇચ્છતા હો તો આજે નાગરિકને એ સમજાવવાની જરૂર છે કે આ દેશમાં જે સરકાર બને એણે લાઠી ને બંદૂકનો ઉપયોગ ઓછામાં ઓછો કરવો પડે અને જો ગોળીબાર થાય તો જે પક્ષની સરકાર હોય તે પક્ષ પોતે તેની તપાસની માગણી કરે, એ એની પાસેથી જવાબ માગે. એ જવાબ માગવાનું કામ બીજા પક્ષોનું ન હોવું જોઇએ. નાગરિકને એમ શીખવવું પડશે કે જેટલાં આંદોલન થાય તે બધાં શાંતિમય હોવાં જોઇએ. અશાંત થાય તો તેની ટીકા ને નિષેધ જેમણે તે આંદોલન ચલાવ્યું હોય તેઓ જાતે કરે. બધાં નાગરિકોને આવી રીતે તૈયાર કરવાના જરૂર

છે. આનું નામ લોકશિક્ષણ. આવા લોકશિક્ષણ સારુ ચૂંટણી એક અવસર છે. એ વખતે એક વાતાવરણ હોય છે.

પરંતુ આવું લોકશિક્ષણ ક્યારે થઈ શકે ? જ્યારે તમે પોતે સત્તાની સ્પર્ધામાં સામેલ ન હો. જે સત્તાની સ્પર્ધામાં સામેલ હોય તે તટસ્થ ન હોઈ શકે, કેમ કે તે નાગરિકને પોતાનો ગ્રાહક સમજે છે, વિષય સમજે છે. મનુષ્ય જ્યાં ગ્રાહક ને વિષય મનાય ત્યાં માનવતાનો વિકાસ ન થઈ શકે. લોકતંત્રનો એ પાયાનો સિદ્ધાંત છે કે તે કોઈ મનુષ્યને વિષય નહીં માને. મનુષ્યને પોતાનો વિષય માનવો સૂક્ષ્મ અને અત્યંત ભયાનક શોષણ છે. જીવનનું સાધન મનાય છે એટલે એ બધા સંખ્યામાં પરિણત થઈ જાય છે. નાગરિક સંખ્યા ન બને, વ્યક્તિ જ રહે, એ જરૂરી છે. માણસના વ્યક્તિત્વની પ્રતિષ્ઠા થવી જોઈએ, વ્યક્તિના મતની કીમત હોવી જોઈએ..

સંસદીય બંધારણમાં પક્ષનું કોઈ સ્થાન નથી. કાલ ઊઠીને જવાહરલાલ કહે કે અમુક પ્રશ્ન પર કોંગ્રેસીઓનો આ મત છે, તેથી અમારા ૨૫૦ મત લખી લો, અશોક મહેતા કહે કે અમારા આટલા મત લખી લો, હિરેન મુકરજી કહે કે અમારા આટલા મત લખી લો; તો પાર્લામેન્ટના સ્પીકર કહેશે કે અહીં કોઈ પક્ષ નથી. દરેક વ્યક્તિ જે મતદાન કરે છે તે એક વ્યક્તિને નાતે કરે છે. સમુદાયને એકમ માનવો એ વ્યક્તિનું અપમાન છે. સામ્યવાદે વર્ગને એકમ માન્યો, કુટુંબવાદીઓએ કુટુંબને એકમ માન્યું, જાતિવાદીઓએ જાતિને એકમ માની. આમાં વ્યક્તિનું કોઈ સ્થાન ન રહ્યું. આપણે નાગરિકમાં પરસ્પર જવાબદારીની ભાવના નિર્માણ કરવી છે. આપણે એને સમજાવીશું કે દરેક મનુષ્યના મતની કીમત છે.

### માનવની મૂળભૂત સ્વતંત્રતા

જૉન સ્ટુઅર્ટ મિલે કહ્યું કે એક સિવાય આખાયે માનવ-

સમાજનો એક મત હોય અને એક વ્યક્તિનો બીજો મત હોય અને એ વ્યક્તિનો મત સમુદાયના મતથી તદ્દન વિરુદ્ધનો હોય ત્યારે જો એ સમુદાય પોતાની સંખ્યાશક્તિને લીધે એ વ્યક્તિના અવાજને દાબી દે તો તે અત્યાચાર ગણાય; જેમ કે એક વ્યક્તિ આખા સમાજનો અવાજ દાબી દે તેમાં અત્યાચાર છે. સત્ય સંખ્યાની સાથે નથી ચાલતું. અલ્પ સંખ્યામાંયે સત્ય હોઈ શકે છે. તેથી સમસ્ત સમાજથી અલગ મત ધરાવવાની ને વ્યક્ત કરવાની સ્વતંત્રતા એ મૂળભૂત સ્વતંત્રતા છે.

આવી સ્વતંત્રતા આપણે ત્યાં આજ ક્યાંય અસ્તિત્વ ધરાવતી નથી. એ સ્વતંત્રતા મહાગુજરાતના આંદોલન વખતે મહાગુજરાતની વાત ન કરનાર ગુજરાતીને નહોતી કે સંયુક્ત મહારાષ્ટ્ર આંદોલન વખતે સંયુક્ત મહારાષ્ટ્રની વિરુદ્ધ બોલનારા મહારાષ્ટ્રીયનને પણ એ સ્વતંત્રતા નહોતી. આઝાદીના આંદોલન વખતે જે ગાંધીની અહિંસાની વિરુદ્ધ બોલતો એનીય સ્વતંત્રતા ત્યારે કુંઠિત થતી. સંખ્યાના ભાર હેઠળ મતસ્વાતંત્ર્ય રૂંધાતું. તો આજે નાગરિકને એ સમજાવવાનું છે કે વિચાર, વાણી, વર્તનનું આ સ્વાતંત્ર્ય એ જ માનવીનું મૂળભૂત સ્વાતંત્ર્ય છે અને એને અણીશુદ્ધ રાખવાનું છે. મુક્ત સમાજ એ સમાજ છે જેમાં દરેક મનુષ્યને પૂરેપૂરું મતસ્વાતંત્ર્ય છે. લોકોને એ સમજાવવું પડશે કે દરેક માણસને પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવાની પૂરેપૂરી સ્વતંત્રતા હોવી જોઈએ: અને બધાંએ મળીને એ સ્વતંત્રતા અબાધિત રાખવી જોઈએ.

### મતદાનક્ષેત્ર એવડું જ, જેમાં આંખની ઓળખાણ હોય

લોકસત્તાની જાળવણી સારુ એક બીજી વસ્તુની આવશ્યકતા છે તે એ કે મતદાનક્ષેત્ર એટલું જ મોટું હોવું જોઈએ, જેમાં મતદાતા એકમેકને ઓળખતા હોય. રૂસોનું એક સૂત્ર હતું કે રાજ્ય જેટલું મોટું, એટલી સ્વતંત્રતા ઓછી.

ગુપ્ત મતદાન એટલા માટે છે કે મત આપતી વખતે પૈસા દંડા વગેરે કશાનો ભય રાખ્યા વિના મત આપી શકાય. મતદાતાને એ વાત સમજાવવી પડશે કે સ્વતંત્રપણે મતદાન કરવાની જેનામાં નૈતિક હિંમત નથી, તે કદી સત્યાગ્રહી બની શકતો નથી. લાલચ કે ભયથી જે પોતાનું મતસ્વાતંત્ર્ય વેચી દે છે, એની પાસેથી સત્યાગ્રહની અપેક્ષા રાખો છો? તે આગ્રહી બની શકે, પ્રતિકારી બની શકે, સત્યાગ્રહી નહીં. તેથી નાગરિકને આવું શિક્ષણ આપવું જોઇએ કે નમ્રતાપૂર્વક પ્રામાણિકતાથી મતદાન કરવાની હિંમત એનામાં આવે. એવી હિંમત એનામાં આવશે તો ઘણી બુરાઇઓ નિવારી શકાશે.

વળી રાજકીય પક્ષોનેય ગુપ્તદાન અપાય છે. ગંગામાં ગુપ્ત દાન થાય છે ને? તેમ કેટલાય માણસો રાજકીય પક્ષોને ચૂપચાપ દાન આપે છે. આ Extension of the principle of secret ballot—ગુપ્ત મતદાન સિદ્ધાંતનો વિસ્તાર જ થયો ને! આમ ધીરે ધીરે પક્ષો ખરીદાય છે. માર્ટિન લ્યૂથર વિદ્રોહી કેમ બન્યો? એ વખતનો પોપ સ્વર્ગનું સ્થાન વેચતો હતો. એ કહેતો કે સ્વર્ગનું સુખ જોઇએ તો ચર્ચની ઈમારત સારુ આટલા રૂપિયા દઈ દો. શું ઇચ્છો છો? પ્રાર્થનામાં હાજર ન રહો અને છતાં તમને સ્વર્ગ મળે, એમ ને? આટલી રકમ આપી દો, તમારું કામ થઈ જશે, સ્વર્ગમાં તમને જગ્યા મળી જશે. તો ત્યારે જેમ સ્વર્ગનો વિક્રય થતો હતો તેમ આજે નાગરિક સત્ત્વનો, નાગરિક અધિકારનો વિક્રય થાય છે. એનો વિક્રય પણ થવા લાગ્યો છે અને એ પાછો મતદાન પણ કરે છે. એમાંથી અનેક બૂરાઇઓ જન્મે છે.

તેથી ચૂંટણીનું ક્ષેત્ર એવડું જ હોવું જોઇએ કે જેમાં માણસ એકમેકને સારી રીતે ઓળખતો હોય. એનું પરિણામ એ આવશે કે પ્રતિનિધિત્વ થશે, ઉમેદવારી નહીં. લોકો પોતે કહેશે કે અમે તમને યોગ્ય માનીએ છીએ માટે તમે અમારું પ્રતિનિધિત્વ કરો.

જે લોકશિક્ષણનું કામ કરશે તેને માટે આ અંતિમ ખતરો છે. એણે આમાંથીયે બચવું પડશે. એને કદાચ કહેવામાં આવે કે અમે તમને ભલા માણુસ માનીએ છીએ એટલે અમારા પ્રતિનિધિ તરીકે તમે જ ઊભા રહો. એને તપોભ્રષ્ટ કરવા એની સામે જાણે મેનકા આવી ઊભી! પરંતુ જેણે લોકશિક્ષણનું કામ કરવું છે એણે શિક્ષણની જ ભૂમિકા રાખવી જોઈએ અને કહેવું જોઈએ કે એ મારું કામ નહીં. કોને મોકલો અને કેવી રીતે મોકલો એ હું નહીં કહું. મારું કામ નાગરિકનું શીલ, તેનું ચારિત્ર્ય કેમ વિકસિત થાય એ બતાવવાનું છે.

આમ લોકસત્તા સારુ ત્રણ ચીજની આવશ્યકતા છે. એક તો લોકતંત્રમાં નાગરિકનો સક્રિય હિસ્સો હોવો જોઈએ. હિસ્સો કઈ બાબતોમાં? ઉમેદવાર ઊભો કરવામા, પ્રતિનિધિ ચૂંટવામાં તથા એના નિયમન ને માર્ગદર્શનમાં, એમ ત્રણ બાબતમાં નાગરિકનો પ્રત્યક્ષ હિસ્સો હોવો જોઈએ. આમ નહીં થાય તો પંચાયતો, ગામો ને મહોલ્લાઓ સુધી સત્તાને વહેંચવાથી માત્ર શાસનતંત્રના ટુકડા થશે, લોકસ્વાતંત્ર્યનો વિકાસ નહીં થાય. સત્તાના વિકેન્દ્રીકરણનો અર્થ એ છે કે સત્તાને લોકવ્યાપી બનાવવી. સત્તા લોકવ્યાપી બનાવવા સારુ નાનાં નાનાં ક્ષેત્રો જોઈશે. જેમાં પરસ્પર ઓળખાણ હશે, તેમાં પરસ્પર અધિક જવાબદારી હશે અને તેમાં જવાબદાર શાસન હશે. નાગરિકોનું પરસ્પર ઉત્તરદાયિત્વ હોય, નાગરિકો એકમેક પ્રત્યે જવાબદાર હોય. એમાં પ્રતિનિધિત્વ ઓછામાં ઓછું હોય. ધર્મમાં આપણે જેમ પુરોહિત નથી ઈચ્છતા, ખેતીના ક્ષેત્રમાં જેમ કોઈ વચલો માણસ નથી ઈચ્છતા તેમ એક નાગરિક ને બીજા નાગરિકની વચ્ચે ઓછામાં ઓછા Middle men હોય, ઓછામાં ઓછી બહારની દખલ હોય.

ત્રીજી વાત એ કે આપણી ભૂમિકા લોકશિક્ષણ દ્વારા લોક-

જાગરૂકતા લાવવાની છે. એ લોકશિક્ષણનું કાર્ય ઉપાડનાર મતયાચક ન બને. એણે સત્તાની સ્પર્ધાથી દૂર રહેવું જોઇએ.

આજે સુબદ્ધ જાગરૂક, પ્રભાવશાળી લોકમત કેળવવાની આવશ્યકતા છે. અહિંસાપ્રેમી ને લોકનિષ્ઠ સૌ કોઇએ એ કામ ઉપાડી લેવું જોઇએ. લોકશિક્ષણનું પર્વ છે, એનું મુહૂર્ત ચાલ્યું ન જાય એની કાળજી રાખવી જોઇએ.

***

[ સાધારણ નાગરિકના ચિત્તમાં આજે અનાસ્થા પેદા થઈ છે. એનામાં નિષ્ક્રિયતા, ઉપેક્ષાભાવ ને બૌદ્ધિક અનિશ્ચય જન્મ્યો છે. નિરંતર જાગરૂકતા વિના સ્વતંત્રતા ન સંભવે. નાગરિકને આમ જાગરૂક કરવો એ લોકશિક્ષણનું પહેલું કામ છે. લોકતંત્રમાં નાગરિકનો સક્રિય હિસ્સો હોવો જોઈએ. નાગરિકોનું પરસ્પર ઉત્તરદાયિત્વ હોય. નાગરિક-જીવનમાં પોલીસ, ફોજ, અદાલત વગેરેની જરૂર ઓછામાં ઓછી પડે. વિચાર-વાણી-વર્તનનું માણસનું મૂળભૂત સ્વાતંત્ર્ય કોઈ પણ સંજોગોમાં અબાધિત રહેવું જોઇએ. મતદાનક્ષેત્ર એવડું જ હોય, જેમાં આંખની ઓળખાણ હોય. નાગરિક પોતાનું મતસ્વાતંત્ર્ય કોઇ પણ ભોગે ન વેચે. મતનિર્માણનું લોકશિક્ષણનું કામ ઉપાડનાર પોતે કદી મતયાચક ન બને. એણે સત્તાની સ્પર્ધાથી દૂર રહેવું જોઈએ. લોકશિક્ષણના આ પર્વનું મુહૂર્ત ચાલ્યું ન જાય એની કાળજી રાખવી જોઈએ. ]

# માનવીય દૃષ્ટિએ અર્થવ્યવસ્થા

અત્યાર સુધી આપણે વિચાર કર્યો એમાં એક જાતનો અનુબંધ છે. ક્રમ કંઈક આમતેમ હોઈ શકે પરંતુ આ બધા વિષયો એકબીજા સાથે સંકળાયેલા છે. કોઈ પણ વિષય એવો નથી જેનો આપણે અલગ વિચાર કરી શકીએ. સવારે આપણે લોકતંત્રનો વિચાર કર્યો. તમે સૌ એ જાણો છો અને હવે તો એ સિદ્ધાન્ત લગભગ સર્વમાન્ય થઈ ગયો છે કે આર્થિક સ્વતંત્રતા વગર રાજનૈતિક સ્વતંત્રતા સિદ્ધ ન થઈ શકે, જીવનમાં તે વ્યવહાર્ય ન બની શકે. આર્થિક સ્વતંત્રતા વિના રાજકીય સ્વતંત્રતા કેવળ ઔપચારિક જ રહી જાય, એમાં કોઈ પણ પ્રકારની વાસ્તવિકતા ન આવી શકે. કાલે જ્યારે મેં લોકતંત્રનો વિચાર આપની સમક્ષ રજૂ કર્યો ત્યારે મેં કહ્યું હતું કે આ દેશમાં જે માર્ક્સવાદી અને પ્રજાસમાજવાદી પક્ષ છે તે લોકતાંત્રિક પક્ષ છે. જૂના માર્ક્સવાદી પક્ષે સૌથી પહેલાં આપણું ધ્યાન એ વાત તરફ ખેંચ્યું કે જ્યાં આર્થિક સ્વાતંત્ર્ય નથી, ત્યાં રાજનૈતિક સ્વાતંત્ર્ય યથાર્થ, વાસ્તવિક ન થઈ શકે. એટલા માટે લોકતંત્રમાં આર્થિક સ્વાતંત્ર્યનું સ્થાન ઘણું ઊંચું છે. આર્થિક સ્વાતંત્ર્ય લોકતંત્રને માટે અનિવાર્ય છે.

જૂના સ્વપ્નવાદીઓ (utopians)માં એક નામ વારંવાર આવશે, કારણ કે એ માણસે કેટલીક પાયાની વાત કહી છે. એનું નામ સેન્ટ સાયમન. એનું નામ તો સેન્ટ હતું પણ એ સાધુ ન હતો. એણે ઘણી વાતો કહી, એમાં એક વાત એ કહી કે નિયમ

બે પ્રકારના હોય છે. એક તો રાજ્યની પદ્ધતિ, રાજ્યના તંત્ર, રાજ્યના આકાર વિશેના. આવા જે નિયમ છે એના વિશે કહે છે કે They are not so important. They do not leave lasting effect on the happiness of the people—આ નિયમ એટલા મહત્ત્વના નથી, લોકોના સુખ પર એની કોઈ ઊંડી અસર પડતી નથી. પરંતુ બીજા કેટલાક નિયમ સંપત્તિના વિનિયોગ વિશેના છે—which determine the nature of property and its use. એવા નિયમો લોકોના અને રાષ્ટ્રોના જીવન પર વધારે સ્થાયી પરિણામ લાવે છે. એટલા માટે જ એવા નિયમોનું મહત્ત્વ વધારે છે.

માકર્સના પહેલાં આ વિચાર રજૂ થયો હતો એ બતાવવા માટે મેં સાયમનનું નામ લીધું. પુરાણો વિચાર લોકતાંત્રિક વિચાર છે. આ વિચારથી આજે આપણે માનવકેન્દ્રિત અર્થ-રચનાના વિષયમાં કંઈક વધારે વિચારવાનું છે. એ વિચારને સામે રાખીને આપણે આગળ વધીએ.

### માનવવિમુખ અર્થરચના હોઈ શકે કે ?

પહેલો સવાલ તો એ થાય છે કે અર્થરચના માવનકેન્દ્રિત હોવી જોઇએ એવો સવાલ જ કેમ ઉત્પન્ન થયો ? શું કોઈ અર્થ-રચના એવી પણ હોઈ શકે છે કે જે માનવકેન્દ્રિત ન હોય ? અર્થ-રચનાને ખાતર જ શું કોઈ અર્થરચના હોઈ શકે ખરી ? શું અર્થ-ઉપાર્જન માટે અર્થરચના હોઈ શકે ? માત્ર સંપત્તિ વધારવી છે એ જ એનો ઉદ્દેશ હોઈ શકે ખરો ? આવો વિચાર શા માટે આવ્યો ?

આવો વિચાર એટલા માટે આવ્યો કે અર્થશાસ્ત્રીઓએ એ સમજાવવાની—બતાવવાની કોશિશ કરી કે જ્યાં સુધી માણસમાં કોઈ અવાન્તર—બાહ્ય પ્રેરણા નહીં હોય ત્યાં સુધી અર્થનું ઉત્પાદન નહીં થાય. ઉત્પાદનને માટે બાહ્ય પ્રેરણા, અવાન્તર

પ્રેરણા જોઈએ. કેવળ આવશ્યકતા એ પર્યાપ્ત પ્રેરણા નથી. પોતાની આવશ્યકતા માટે ઉપાર્જન કરી લે એટલાથી આર્થિક સંયોજન નથી થતું. એટલા માટે એ જરૂરી છે કે પોતાની જરૂરત કરતાં વધારે ઉત્પાદન માણસ કરે. વણકર પોતાની જરૂરત કરતાં વધારે કપડાં વણે, ઘાંચી પોતાની જરૂરત કરતાં વધારે તેલ પીલે એને માટે કોઈ પ્રેરણાની આવશ્યકતા હોય છે. આ પ્રેરણા એક એવી પ્રેરણા છે જેનું સંયોજન આપણે સમાજમાં કરવું પડે છે. આર્થિક સંયોજનને માટે માનવીય પ્રેરણા પર્યાપ્ત નથી. 18930

પ્રાચીન અર્થશાસ્ત્રીઓએ પણ આપણી સમક્ષ આ સિદ્ધાન્ત મૂકયો હતો. એટલે એમાંથી બીજો એક સિદ્ધાન્ત નિષ્પન્ન થયો કે

अर्थस्य पुरुषो दासो नार्थो दासः कस्यचित् ।

અર્થ કોઈનો દાસ નથી, પુરુષ અર્થનો દાસ છે. અર્થ એટલે કે ઉપાર્જનની પ્રેરણાને જુદાં જુદાં નામો આપવામાં આવ્યાં છે. નફાની પ્રેરણા, લાભની પ્રેરણા, લોભની પ્રેરણા—કેટલીય પ્રેરણાઓ એની પાછળ છે એમ કહેવામાં આવ્યું. એનું હું વધારે વિવેચન નહીં કરું. કારણ કે સમાજવાદીઓએ એનો જવાબ આપી દીધો કે સામાજિક પ્રેરણા એ પર્યાપ્ત પ્રેરણા છે. અને તે સ્વાભાવિક પ્રેરણા પણ છે. સમાજવાદીઓએ આ વાત વિશદરૂપે સમજાવી છે. જે વસ્તુ સમજાવાઈ ચૂકી છે એને હું બેવડાવવા નથી માગતો. એમના સિદ્ધાન્તોનો જેટલે અંશે સ્વીકાર કરી શકાય એટલે અંશે હું સ્વીકાર કરી લઉં છું. ઉપાર્જનની પ્રેરણાને બદલે સામાજિક પ્રેરણા–Social incentive હોઈ શકે છે; આ સિદ્ધાન્તનો સ્વીકાર હું યથાવત્ કરી લઉં છું. આ કોઈ એવી વાત નથી જેમાં સંદેહ રાખવાનો હોય.

### આર્થિક સંયોજન જીવનના વિકાસ માટેનું હોય

તો હવે માનવકેન્દ્રિતનો અર્થ શું છે? એનો અર્થ એ છે

ગાંધી સ્મૃતિ ગ્રંથાલય

કે એવી અર્થરચના, જેનો ઉદ્દેશ જીવનનો વિકાસ હોય. આપણે રહીએ છીએ મૃત્યુલોકમાં પરંતુ સંયોજન જીવનનું કરવાનું છે. હવે કોઈ કહે કે તમે લોકો વસ્તુવિમુખ છો, Facts—હકીકતો તરફ આંખમિચામણાં કરો છો. હકીકત તો એ છે કે આપણે સૌ મરીએ છીએ. આ મૃત્યુલોક છે એટલે સૌથી વ્યાવહારિક સંયોજન તો મૃત્યુનું સંયોજન થશે. નગરોનાં સંયોજન, મંદિરોનાં સંયોજન, મહેલો અને પ્રાસાદોનાં સંયોજન, દવાખાનાંઓનાં સંયોજન—આ બધાંને બદલે સ્મશાનનું જ સંયોજન કરવું જોઈએ. સૌથી વધારે મહત્ત્વ એને જ આપવું જોઈએ. પરંતુ આપણે આવું નથી કરતા અને આ દલીલનો સ્વીકાર પણ નથી કરતા. આપણે કહીએ છીએ કે આખું સંયોજન જીવનના વિકાસ માટે હોવું જોઈએ. આ મૃત્યુ-લોક નથી—Land of death નથી પણ Temple of life everlasting—નિત્ય અમર જીવનનું મંદિર છે. અહીં સૌનું જીવન પવિત્ર છે. અહીં જીવમાત્રનું જીવન પવિત્ર છે. એટલા માટે બધાં જ જીવન દિવ્ય છે. આને આપણે માનવ-કેન્દ્રિત સંયોજન કહીએ છીએ. માનવના સંયોજનનો અર્થ છે જીવનકેન્દ્રિત સંયોજન. જેમાં મનુષ્યોના જીવનનો અને એમના વ્યક્તિત્વનો વધારેમાં વધારે વિકાસ કરવાનો છે એવા જે જીવનનું આપણે સંયોજન કરવા માગીએ છીએ એ જીવન કેવા પ્રકારનું હોવું જોઈએ ?

### નૈતિક વાતાવરણ ઊભું કરવાની સ્ટાલિનની હિમાયત

હું તમને વ્યાસજીનું વચન નહીં કહું, ઉપનિષદો કે ભાગવત કે ગીતાનું વચન નહીં કહું. ગાંધી–વિનોબાનું વચન નહીં લઉં. પરંતુ હું સ્ટાલિનને અહીં ટાંકું છું. એ કહે છે કે We want to create such a moral atmosphere among the workers and peasants which would preclude theft—આપણે એવું નૈતિક વાતાવરણ બનાવવા

ઇચ્છીએ છીએ કે જેમાં ચોરી અસંભવ થઈ જાય. એ કેવળ રાજનૈતિક પરિસ્થિતિ એવી ઊભી કરવા ઇચ્છે છે એમ નહીં, કેવળ આર્થિક પરિસ્થિતિ વિશે પણ એ નથી કહેતો. એ તો કિસાન, મજદૂરમાં નૈતિક વાતાવરણની વાત કરે છે. આ કોઈ અશ્વપતિ રાજા નથી કહી રહ્યો કે મારા રાજ્યમાં ન કોઈ કંજૂસ છે, ન કોઈ ચોર છે. ઉપનિષદ્‌નો કોઈ રાજા આ વાત નથી કહી રહ્યો. આ તો સ્ટાલિન કહી રહ્યો છે. એ કહે છે કે લોકોની સંપત્તિનું હરણ કરવાવાળા, લોકોની વસ્તુને ઝૂંટવી લેનારા ચોર જેવી જમાતનું અસ્તિત્વ જે આર્થિક પરિસ્થિતિમાં ઊભું જ ન થઈ શકે, અને કદાચ ઊભું થઈ જાય તો ટકી જ ન શકે, આ પ્રકારની પરિસ્થિતિ અમે પેદા કરવા ઇચ્છીએ છીએ. આ પ્રકારનું આર્થિક સંયોજન બધા ક્રાંતિકારીઓનું લક્ષ્ય રહ્યું છે. પરંતુ થયું શું ?

### જૂથવાદ અને મોરચાવાદ

સવારે મેં રાજનૈતિક પરિસ્થિતિનો વિચાર જ્યારે રજૂ કર્યો હતો ત્યારે મેં તમને કહ્યું હતું કે જેના હાથમાં સત્તા છે તેના પક્ષમાં પણ જૂથવાદ–Groupism છે. ચૂંટણી આવી રહી છે એટલે ખબર પડી જશે કે પ્રજાસમાજવાદ, સમાજવાદ, સામ્યવાદ બધામાં કંઈ ને કંઈ જૂથો છે જ, પરંતુ જેના હાથમાં સત્તા છે તેમાં વધારેમાં વધારે જૂથો છે. હું વડોદરામાં બેઠો છું એટલે Present party excluded—અત્યારની મંડળીને અપવાદરૂપ માનીશ, પરંતુ બહારનું નામ લઉં તો તમને ખબર છે કે ઉત્તરપ્રદેશમાં કેવો જૂથવાદ છે, મધ્યપ્રદેશમાં એકબીજાને પાડવાની કેવી કોશિશ કરી રહ્યા છે. તો આવી રીતે જે પક્ષના હાથમાં સત્તા છે એમાં જૂથવાદ છે અને જે પક્ષના હાથમાં સત્તા નથી એમના Fronts—મોરચા છે, પક્ષનો ક્યાંય પત્તો જ નથી. એક બાજુ જૂથવાદ (Groupism) છે અને બીજી બાજુ મોરચાવાદ (Frontism) છે. અત્યારે United Frontism છે, પણ United ક્યાં સુધી ? ચૂંટણી સુધી.

કેરલમાં સામ્યવાદીઓનું રાજ્ય આવ્યું ત્યાં મુસ્લીમ લીગથી માંડીને કોંગ્રેસ સુધીનો મોરચો ખડો થઈ ગયો. Permutation, Combination કેવી રીતે બને છે તે તો જુઓ! જ્યાં કોંગ્રેસ સત્તા સ્થાને છે ત્યાં બીજા બધાનો મોરચો બની જાય છે. આમાં Functioning of parties—પક્ષોનું અસ્તિત્વ ક્યાં રહ્યું? આવી જ રીતે આર્થિક ક્ષેત્રમાં પણ પરિસ્થિતિ ઊભી થાય છે. બન્ને ક્ષેત્રોની આવી પરિસ્થિતિને કારણે પરિણામ એ આવ્યું કે Politician has become the key-man. —રાજનૈતિક પુરુષ ચાવી રૂપ બની ગયો છે. આપણે એવું સંયોજન કરવા માંગીએ છીએ જેમાં ચાવીનો માણસ ઉત્પાદક સિવાય બીજો કોઈ ન બને. આ માનવીય અર્થસંયોજન છે, જેમાં ઉત્પાદક એ મુખ્ય વિભૂતિ રહેશે. સંયોજનની કેન્દ્રીય વિભૂતિ ઉત્પાદક રહેશે.

### ઉત્પાદક સંયોજનની કેન્દ્રીય વિભૂતિ

એ સંયોજનમાં નાગરિક જાગૃત રહેશે. આજે નાગરિક બધી રીતે ગાફેલ, મૂર્છિત, અચેત છે. આપણા દેશમાં તો છે જ પરંતુ બીજા દેશોમાં પણ આવી પરિસ્થિતિ જણાય છે. અમેરિકનો માટે કહેવાય છે કે They will cross the ocean in defence of the democracy but would not cross the road for election—લોકતંત્રના સંરક્ષણનો સવાલ આવશે તો તે મહાસાગર પાર કરી જશે પરંતુ ચૂંટણીને માટે સડકની પેલી પાર પણ નહીં જાય. આટલી નિષ્ક્રિય વૃત્તિ, ઉપેક્ષાભાવ છે. કારણ કે જેવી રીતે રાજતંત્રમાં છે તેવી જ રીતે આર્થિક તંત્રમાં પણ જેટલું સંયોજન છે તે બધા લોકોનું નહીં પણ Mass societyનું છે.

એક જ પ્રકારના, એક જ વ્યવસાયના લોકોના બનેલા સમાજમાં વ્યક્તિ અને તેનું વ્યક્તિત્વ ખોરવાઈ જાય છે. એ એક સામાન્ય રોજગારી કરવાવાળો માણસ બની જાય છે, કેવળ એક

વ્યવસાય કરવાવાળો માણસ બની જાય છે. પછી એ વ્યક્તિ તમારો પાડોશી નથી રહેતો. તમે સ્ટેશન પર આગગાડીમાંથી ઊતરશો તો લ.લ પટ્ટો લગાડેલો એક માણસ તમને દેખાશે. તમને ખબર છે કે આ મજૂર છે. તમે એને બોલાવશો. એ બોય! હવે એ બિચારા અનામીનું કંઈ નામ છે? કોણ આવ્યું હતું? તો કહે ધોબી આવ્યો હતો. આ કોણ છે? તો કે ઘાંચી છે. તમારો એની સાથે શો સંબંધ છે? એ અમારાં કપડાં ધોઈ દે છે, એ અમારું તેલ પીલી આપે છે. એટલો જ અમારો એની સાથેનો સંબંધ છે. આવી રીતે એક જ વ્યવસાયવાળો ગામડાનો સમાજ હતો. લોકતંત્રમાં ગ્રામપંચાયતનું નામ લે છે. પરંતુ ગ્રામ-પંચાયતમાં જન્મસિદ્ધ ઉચ્ચતા–નીચતા આધારભૂત માની લીધી છે. એટલે જેટલા ગ્રામપરિવાર હતા તે વિભાજિત થઈ ગયા. વ્યવસાય પ્રમાણે કૌટુંબિકતા વિભાજિત થઈ ગઈ. આજે આ બધું મોટા પાયા પર થઇ ગયું છે.

લોકો અમને કહે છે કે તમે તો ગાંધીવાળા વિકેન્દ્રીકરણવાળા. અરે ભાઈ! અમારો એની જોડે શું સંબંધ? એ શબ્દ તો હજી અમે હમણાં શીખ્યા. એનો અર્થ પણ હજી અમે તો પૂરો નથી સમજતા. અમે તો ગાંધીની સાથે અંગ્રેજોની વિરુદ્ધ ઊભા રહ્યા હતા, જેલમાં જતા હતા. વિકેન્દ્રીકરણ એક સૂત્ર છે એટલું સમજતા હતા. બાકી એ અંગે વિશેષ ગતાગમ અમને નહોતી.

હું કહેવા એ માગું છું કે પહેલાં જે Functionalism વર્ણવ્યવસ્થામાં હતું તે આજની આખી અર્થરચનામાં આવી ગયું છે. એનું પરિણામ એ છે કે મનુષ્ય એક એકમ થઈ જાય છે. જેવી રીતે લોકતંત્રમાં તમારી ને મારી કીમત કેટલી? તો કે એક મતની. ઉમેદવાર તમારે ઘેર આવે છે, પૂછે છે, "તમારા ઘરમાં કોણ કોણ છે?"

"ઘણાં માણસો છે. છોકરાંને ઘેર પણ છોકરાં છે."

" તેમની ઉમ્મર કેટલી ? "

" હશે દશ–બાર વર્ષ જેટલી. "

" તો તો અમારે કામનાં નહીં. "

" તમારા કામનાં નથી પણ અમારે તો બહુ કામનાં છે. અમે એમને ખૂબ ચાહીએ છીએ. "

" પણ તમારા ઘરમાંથી મત કેટલા જણ આપી શકે ? "

" અરે હું તો સમજ્યો કે તમે ઘરમાં કેટલાં માણસો છો એમ પૂછો છો. "

" ના, ના ભાઈ, હું તો વોટ જ પૂછવા આવ્યો હતો "

**માણસ માણસ રહે, સંખ્યા ન બને**

માણસની ગણના એને મન મતોની સંખ્યારૂપે છે. જેવી રીતે સામાનની ગણતરી થાય છે તેવી રીતે મનુષ્યની પણ ગણતરી થાય છે. આપણે ઇચ્છીએ છીએ કે આર્થિક સંયોજન એવું હોવું જોઇએ કે જેમાં માણસ માણસ રહે, સંખ્યા ન બને. આ દૃષ્ટિએ આપણે માનવીય સંયોજનનો વિચાર કરીએ છીએ ઉત્પાદન શાને માટે ? ઉપભોગને માટે—Functionalismના કેસમાં માની લીધું. કોના ઉપભોગને માટે ? એનો જવાબ કેવળ આર્થિક ભૂમિકાથી કોઈ નથી આપી શકતું. જો એ ભૂમિકાથી જવાબ આપીશું તો પછી ઉત્પાદનની પ્રેરણા જે પ્રકારના આપણે ઇચ્છીએ છીએ તે પ્રકારની આમાંથી નહીં થાય, સાર્વત્રિક પ્રેરણા ન હોઈ શકે. ઉત્પાદન અને ઉપભોગ-Production and Consumption–બન્ને સાથે સાથે જશે.

આજે મોટામાં મોટી સમસ્યા એ છે કે ક્યાંક એવું ન થઈ જાય કે જેટલું ઉત્પાદન થાય તે બધાંનો જ ઉપભોગ થાય. કોઈ અર્થશાસ્ત્રીને પૂછો કે આજની સમસ્યા શું છે ? તો એ કહેશે કે ઉત્પાદન માત્ર ઉપભોગ સારુ ન થાય.

એમાંથી વધુ ઉત્પાદનની ગુંજાશ રહે. ખૂબ ભૂખ લાગી છે ખાઈ લીધું ને દાણોય ન વધ્યો એવું ન થાય. આજના અર્થશાસ્ત્રમાં સંયોજનની સામે સૌથી મોટો સવાલ એ છે કે આર્થિક સંયોજન કરતી વખતે જે લોકો ભૂખ્યા છે, નાગા છે, મકાન વગરના છે, કામ વિનાના છે એમનું ધ્યાન રાખવું પડશે. સંયોજનના પરિણામે એવું ન થવું જોઈએ કે જેટલું પેદા થયું, તેટલું બધું ખાવાના કામમાં આવી ગયું. ઉત્પાદન એટલું થવું જોઈએ જેમાંથી આવશ્યકતાની પૂર્તિ ઉપરાંત કંઈક બચત થાય. આ એક પાસું છે. આને કારણે આ દેશના અર્થશાસ્ત્રીઓ અને અભ્યાસીઓ કહી રહ્યા છે કે યાંત્રિક ઉત્પાદન વગર પર્યાપ્ત ઉત્પાદન નહીં થાય, આવશ્યકતાની પૂર્તિ નહીં થાય.

### જરૂરિયાત પ્રમાણે ઉત્પાદનનું વિતરણ

એ ઉત્પાદનનું વિતરણ કેવી રીતે થશે? વિતરણ યાને વહેંચણી. આજે તો વિતરણ એક જ આધાર પર થાય છે. ખરીદી અને વેચાણના આધાર પર થાય છે. ખરીદો અથવા વેચો, એના સિવાય આજે વિતરણનો બીજો કોઈ આધાર નથી. પરિણામ એ આવ્યું છે કે જે ખરીદી નથી શકતો તે વંચિત જ રહી જાય છે. જેમની પાસે ખરીદવાની શક્તિ નથી એની આવશ્યકતાની પૂર્તિ નથી થતી. આવું ઉત્પાદન માનવકેન્દ્રિત સંયોજન ન થયું કહેવાય. વસ્તુ પ્રાપ્ત કરવા માણસની યોગ્યતા કઈ ચીજમાં છે? ઉપભોગની કસોટી શેમાં છે? માણસની યોગ્યતા એ વસ્તુ માટેની તેની આવશ્યકતામાં છે. અન્નની આવશ્યકતાની કસોટી શું છે? ભૂખ છે. પાણીની આવશ્યકતાની કસોટી તરસ છે. તેવી જ રીતે માણસની એક વસ્તુ પ્રાપ્ત કરવાની કસોટી એ ચીજ માટેની એની આવશ્યકતા છે. આજે તો એવું છે કે જે ખરીદી શકે તેને જ વસ્તુ મળે છે.

સમાજવાદી, સામ્યવાદી અને બીજા ક્રાંતિકારો કહે છે કે આ આધાર ખોટો આધાર છે. આને બદલવાની જરૂર છે. જેટલું ઉત્પાદન થશે તે ઉપભોગને માટે થશે. જે બચાવશે તે પણ અધિક

ઉત્પાદનને માટે જ બચાવશે. અધિક ઉત્પાદન અધિક ઉપભોગને માટે, કેવળ વેચાણ કે વિનિમય—exchange માટે અધિક ઉત્પાદન નહિ થાય. આ ક્રાંતિનો સિદ્ધાંત છે અને આ જ માનવ-કેન્દ્રિત ઉત્પાદનનો સિદ્ધાંત છે. આમાં એક સવાલ આવે છે કે જ્યારે ઉપભોગના વિષયમાં વિચાર કરીએ છીએ ત્યારે ઉપભોગની amount—માત્રાનો વિચાર કરીશું. ઉપભોગના Composition એટલે કે જે વસ્તુઓનો ઉપભોગ થવાનો છે, તેના ગુણનો અથવા તો તેની સંખ્યાનો, એના પરિમાણનો વિચાર કરીશું. દાખલા તરીકે એક માણસ છે તે બાજરાના સૂકા રોટલા ૧૦ ખાઈ જાય છે, જ્યારે બીજો માણસ ઘીથી ચોળેલાં ૩ ફૂલકાં વાડકી ભરીને ખીર સાથે ખાઈ જાય છે. ત્યારે બીજો માણસ એક લોટા છાસની સાથે ૧૦ રોટલા ખાઈ જશે. હવે પેલો માણસ કહે કે ભાઈ, હું તો ઘણું ઓછું ખાઉં છું. મારો આહાર બહુ અલ્પ સૂક્ષ્મ છે. ઘીથી ચોળેલાં ૩ ફૂલકાં માંડમાંડ ખાઉં છું. અને આ માણસ મારાથી દસગણું ખાઈ જાય છે. આને quantity of consumption કહે છે.

## વિતરણમાં ગુણવત્તાનો વિચાર

એક Walter Peter નામનો માણસ હતો તે ભોગવાદી કહેવાતો હતો. ભગવાનમાં તે માનતો ન હતો. વિલાસવાદી તત્ત્વજ્ઞાની-દાર્શનિક, તેવું તેનું નામ હતું. તેણે કહ્યું હતું કે It does not matter how much you eat, but it matters very much what you eat and with whom you eat—તમે કેટલું ખાઓ છો તેનું મહત્ત્વ નથી પણ તમે શું ખાઓ છો અને કોની સાથે ખાઓ છો તેનું મહત્ત્વ છે. માનવકેન્દ્રિત આર્થિક સંયોજનનો જ્યારે વિચાર કરીએ ત્યારે માણસના જીવનનો જે સ્તર છે તે સ્તર વધવો જોઈએ. જ્યાં ભૂખ છે ત્યાં quantityનો સવાલ આવે છે. આપણા દેશમાં વિપુલતાનું મહત્ત્વ છે. ભૂખ્યાને પર્યાપ્ત મળવું જોઇએ. વિપુલતા પછી

જ qualityનો વિચાર આવે છે. qualityનું એક મહત્ત્વ છે. તેની તરફ જોવાની પણ એક પદ્ધતિ છે.

એક સજ્જન માણસ છે તેનું નામ લેવાની કાંઈ જરૂર નથી અને જો નામ લેવું જ હોય તો મહાત્મા ગાંધીજીનું જ નામ લઈ લઉં. ગાંધીજી ફક્ત બકરીનું જ દૂધ પીતા હતા. વડોદરા સ્ટેશનેથી પસાર થતા હતા. તો મુંબઈથી વડોદરા તાર કરવામાં આવતો કે બકરીનું દૂધ સ્ટેશને પહોંચાડજો. મોટરમાં બકરીનું દૂધ સ્ટેશને પહોંચાડવામાં આવતું. હવે હિસાબ કરવાવાળા લોકો તેનો હિસાબ લગાવે કે તે દૂધ કેમ શેર પડ્યું. જ્યારે બીજા લોકો કહે છે કે ગાંધીજી તો મહાત્મા હતા. બકરીનું દૂધ પીને રહેતા હતા. ત્યારે હિસાબવાળા લોકો કહે કે દૂધની સાથે ફળ પણ ખાઈ લે છે. આ તે ક્યાંનો સાધુ? દૂધ, ફળ ખાય છે, અમને મળે તો તો અમે પણ ખાઈએ. પછી સંયોગો એવા ઊભા થાય છે કે આવું કહેનાર માણસ જ બીમાર પડે છે એટલે ડોક્ટર કહે છે કે "તમારે દૂધ, ફળ જ ખાવાનાં છે." ત્યારે આ પૂછે છે કે "મીઠું, મરચું, અથાણું કાંઈ નથી ખાવાનું? તે તો ભાઈ બહુ અઘરું." તેના ધ્યાનમાં આવ્યું કે quality હમેશાં બજારના ભાવ સાથે સંબંધ નથી રાખતી. ગુણ જો બજારમાં વેચાય તો મનુષ્ય પણ બજારમાં વેચાય છે. આજે મહેનત, કલા, ગુણ, બધું જ બજારમાં વેચાય છે. જ્યારે ઇન્સાન વેચાય છે ત્યારે ભગવાન પણ વેચાવા માંડે છે. આજે કોઈ પણ ચીજ એવી નથી કે જે બજારમાં ન આવી હોય.

### વસ્તુનું મૂલ્યાંકન પ્રતિમૂલ્યથી નહીં

તો માનવ અર્થશાસ્ત્રનો પહેલો સિદ્ધાંત તો એ છે કે વસ્તુનું મૂલ્ય વિનિમયક્ષમતાથી નથી થતું. એ વસ્તુનું મૂલ્ય, વસ્તુનું મહત્ત્વ માપવાનું સાધન નથી. જે વસ્તુના બદલામાં કાંઈ પણ નથી મળતું તેનું શું જીવનમાં કાંઈ મહત્ત્વ નથી? આના કરતાં કદી કદી તેનું મહત્ત્વ ઘણું વધી જાય છે. દા. ત. મીરાંબાઈ પણ ભજન ગાતી

હતી અને સિનેમામાં પ્લેબેક ગાયિકા પણ ભજન ગાય છે. હવે આનું ભજન બજારમાં છે અને મીરાંબાઈનું ભજન કદીયે બજારમાં મુકાયું ન હતું. તો શું મીરાંબાઈના ભજનનું જીવનમાં કાંઈ મૂલ્ય નથી ? આજે સમાજ ઉપર કોની અસર વધારે છે ? મીરાંબાઈની કે પ્લેબેક ગાયિકાની.

આ બધું હું એટલા માટે કહી રહ્યો છું કે માનવીય સંયોજનમાં જે પ્રેમનું મૂલ્ય છે તે આર્થિક નથી. જેને સામાજિક પ્રેરણા કહે છે તે આર્થિક પ્રેરણા નથી. જ્યાં સુધી ઉત્પાદનની પ્રેરણા આર્થિક છે, ત્યાં સુધી તે યોજના સંપૂર્ણપણે વ્યાવહારિક નહિ બને. ખેડૂતને તેના અન્નનો બદલો કદીય ઉચિત રૂપમાં ન મળી શકે, પછી ભલેને ગમે તેવું આર્થિક સંયોજન હોય. જે વસ્તુની વધારે આવશ્યકતા છે તે અધિક સુલભ હોવી જોઈએ, તે એક સામાન્ય નિયમ છે. અન્ન સૌથી સસ્તું હશે એટલે ખેડૂતને કદીય ઉચિત પ્રતિમૂલ્ય નહિ મળે. માનવકેન્દ્રિત સંયોજનમાં વસ્તુનું પ્રતિમૂલ્ય મહત્ત્વનું માપ ન થઈ શકે. એટલા માટે પ્રતિમૂલ્યના સિદ્ધાંતને સમાજમાંથી ધીરે ધીરે દૂર કરવો પડશે.

### અમીરી ને ગરીબી બન્નેય ખતમ કરવી છે.

આપણે જે તરફ જવા ઇચ્છીએ છીએ તે દિશાનો હું સંકેત કરું છું. ઓછામાં ઓછો આપણા દેશમાં તો એને ખતમ કરવો જ પડશે, કારણ કે જ્યાં ભૂખની સમસ્યા હોય, અન્નનું ઉત્પાદન અધિક મહત્ત્વનું ઉત્પાદન હોય ત્યાં ઉત્પાદનની પ્રેરણા exchange—વિનિમય ન હોઈ શકે, એવું મારું નિવેદન છે. હવે અવાંતર પ્રેરણા શોધવાની કંઈ આવશ્યકતા નથી માણસનો સ્વભાવ કર્મ કરવાનો છે, પરિશ્રમ કરવાનો છે, એવી જ રીતે બીજી બાજુ સંગ્રહ એ મનુષ્યનો સ્વભાવ નથી. આ બન્ને વસ્તુઓ હું આપની સમક્ષ જવાબદારીપૂર્વક મૂકવા માગું છું.

હું અહીં તમારે ત્યાં આવવાનો હતો. મેં મારા મુંબઈના

મિત્રને પૂછ્યું કે "મારી સાથે મારે કેટલો સામાન લઈ જવો પડશે ?" તો કહે "બિસ્તરો તો નહીં જ લઈ જવો પડે."

"કેમ ?"

"ગુજરાતમાં પાથરણું મળી રહે છે."

મને ઘણો આનંદ થયો. વળી પૂછ્યું, "અચ્છા, ખાવાપીવાનું શું થશે ? ટિફિન તો સાથે લઈ જાઉં ને ?"

"કશું જ નહીં, ટિફિન કેરિયરની બિલકુલ જરૂર નથી અહીંથી જમીને ટ્રેનમાં બેસી જાઓ. ત્યાં ઊતરતાં વેંત જમવાનું મળી જશે." મને ઓર પ્રસન્નતા થઈ.

"હવે કપડાં તો લઈ જવાં પડશે ને ?"

"હા, એમાં તો તમારા માપના જોઈએ ને ! બાકી ધોતિયાં તો ત્યાં ઘણાં મળી રહેશે."

મારી પ્રસન્નતા ખૂબ વધી ગઈ. માણસને જેટલો સામાન ઓછો લઈ જવો પડે તેટલું તે પસંદ કરે છે. Travel lightly. એવું કોણ હશે જે સામાનનો બોજો વધારવા ઇચ્છે ? માનવ માનવ છે કે હેવાન છે ? તો પછી એને આ શું થઈ ગયું છે ? દરેક અમીર અમીરીનો બોજ એટલા માટે વહોરે છે કે એને ગરીબ થઈ જવાનો ડર લાગે છે. વડોદરામાં ખાવાનું, સૂવાનું કંઈ નહીં મળે એમ લાગે તો એ બિસ્તરો, ટિફિન બધું સાથે લઈ લે છે. એ બધું નથી લેવું પડતું તો એ ખુશ છે. તો ગરીબ થઈ જવાના ડરે અમીર અમીરનો બોજો ખેંચે છે. તેવી જ રીતે ગરીબને ગરીબીનું દુઃખ એટલા માટે છે કે એને અમીર બનવાની આશા છે. બસ, આપણે આ બન્ને વસ્તુઓને ખતમ કરવી છે. આ બન્ને સંભાવનાઓને સમાપ્ત કરી દેવાનું નામ છે ક્રાંતિ. કોઈ ગરીબને અમીર બનવાની આશા ન થાય અને કોઈ અમીરને ગરીબ બનવાનો ડર ન રહે. મતલબ કે સમાજમાં ગરીબ-અમીર કોઈ ન રહે. માનવકેન્દ્રિત આર્થિક

સંયોજનમાં આની ઘણી મોટી આવશ્યકતા છે. આવું થશે ત્યારેય ઉત્પાદન અવશ્ય થશે, કારણ પરિશ્રમ મનુષ્યનો સ્વભાવ છે.

### પરિશ્રમ માનવીનો સ્વભાવ છે

મુંબઈમાં એક સજ્જનને ત્યાં અમારો ઉતારો હતો. મુંબઈમાં તો મકાનો નાનાં નાનાં હોય, ઘરમાં છોકરાંઓ પણ રમતાં હોય. જે રૂમમાં મને રાખ્યો હતો તે જ રૂમમાં છોકરાંઓ રમતાં હતાં. યજમાને પોતાનાં બધાં નાનાં છોકરાંઓને ત્યાંથી બહાર જતા રહેવા માટે કહ્યું, " જાવ, બીજા ઓરડામાં જઈને રમો."

મેં કહ્યું, " ભાઈ, શું કામ તેમને હાંકી કાઢો છો ? "

" અરે, એ તો તોફાન કરી મૂકશે, આપને શાંતિ નહીં મળે. પગ વાળીને નહીં બેસી રહે."

" અરે ભાઈ, તે ચૂપચાપ શા માટે બેસે ? એ તેમનો સ્વભાવ છે ! બાળકને ચૂપ બેસો, એવું કહેવું પડે છે. દોડો દોડો એમ નથી કહેવું પડતું.એમને Activity જોઈએ. એ તેમનો સ્વભાવ છે. તેવી રીતે શ્રમ એ માણસનો સ્વભાવ છે.

### ગલત સંયોજનથી મૂળભૂત માનવીય પ્રેરણાની રુકાવટ

હવે આપણે સંયોજન માનવકેન્દ્રિત બનાવવું છે તો ચીનવાળો સિદ્ધાંત લાગુ પાડવો. સજ્જનતાનો માર્ગ કયો ? તો કહે Produce but do not possess. ઉત્પાદન કરો પરંતુ સંગ્રહ ન કરશો, તમારી પાસે ન રાખશો. આ કોઈ બહુ મોટો ધર્મ-સિદ્ધાંત નથી. હું જે સજ્જનને ત્યાં ઊતર્યો છું ત્યાં મેં ગૃહિણીને કહ્યું કે " રસોઈ તો ખૂબ સરસ બની છે પરંતુ જે વસ્તુઓ સારી બની છે તે બધી તમે પોતે જ ખાઈ જાવ." તો કહે, " હું ખાઇ જાઉં તો પછી મને ખબર જ નહીં પડે કે એ કેટલી સારી બની છે. હું જ બનાવું ને હું જ ખાઉં તો પછી મને ખબર જ ના પડે. વસ્તુ ખૂબ સારી બની છે તો લાવને પડોશીને પણ આપી આવું એમ જ થાય. એમ કરવાથી જ મને આનંદ આવે, પછી

ભલે ને મારે માટે કંઈ ન બચે." એ તો ઊલટાનું એમ કહે છે કે એટલી સુંદર વસ્તુ બની કે મારે માટે કંઈ ન બચ્યું. ગૃહિણીને આ પ્રેરણા ક્યાંથી આવી? શું આ મૂળભૂત માનવીય પ્રેરણા નથી? આપણા સંયોજને એમાં રુકાવટ પેદા કરી છે. ગલત સંયોજનને કારણે એમાં અંતરાય ઊભો થયો છે. મનુષ્યનો સ્વભાવ જ આવો છે. એને કોઈ અવાંતર પ્રેરણાની જરૂર નથી. આજે સમાજમાં પરિશ્રમ કરનારની પ્રતિષ્ઠા નથી એને કારણે પરિશ્રમને માટે અરુચિ પેદા થાય છે.

## માનવતાને ભોગે ઉત્પાદન નહીં

ઉત્પાદન પર્યાપ્ત થાય કે ન થાય તે અલગ સવાલ છે; પરંતુ બધાં ઉપકરણના ઉપયોગની સાથે સાથે મનુષ્યની માનવતાનો વિકાસ થવો જોઈએ. હું આ બન્ને વસ્તુઓને અલગ કરવા નથી માગતો. ઉત્પાદન તો પર્યાપ્ત થઈ જાય પરંતુ મનુષ્ય કેવળ પશુ બની બેસે, એવું પણ થઈ શકે. જ્યાં કેવળ શારીરિક આવશ્યકતાની પૂર્તિ થાય છે ત્યાં રાજપુરુષ, ટેકનિશિયન, મેનેજર, સ્પેશિયાલિસ્ટ વગેરેની બોલબાલા રહેશે. સમાજમાં મેનેજરશાહી આવી જશે, વ્યવસ્થાપકોની સત્તા કાયમ થઈ જશે, વિશિષ્ટ માણસોનું મહત્ત્વ વધી જશે, સાધારણ મનુષ્યનું સ્થાન નહીં રહે. એટલા માટે મેં શરૂઆતમાં જ કહ્યું કે માનવકેન્દ્રિત ઉત્પાદનમાં સાધારણ મનુષ્ય ઉત્પાદન કરે છે અને પરિશ્રમ તેનો સ્વભાવ છે, એટલે આવા સંયોજનમાં કેન્દ્રીય વિભૂતિ સાધારણ મનુષ્ય હોવો જોઇએ. સાચી રીતે તો એ આખાય સમાજની આધારભૂત અધિષ્ઠાતા વ્યક્તિ હોવી જોઇએ.

## માનવીય સંયોજનમાં ફુરસદનું સ્થાન

આ પ્રકારનું સંયોજન કેવળ વિવાદથી ન થઈ શકે. વિવાદમાં કેટલાંક કહે છે કે આજે બધાં માણસોને કામ નથી મળતું. બધાંને જો કામ મળી જાય તો તમે કહો છો તેવું સંયોજન થઈ શકે.

માની લો કે થોડા વખત પછી બધાં માણસોને કામ મળી ગયું. બધા માણસોની આવશ્યકતાઓ પૂરી પાડવામાં આવે તો પણ આ સવાલનો ઉકેલ નહીં આવે. બેકારોને કામ આપી દેવા માત્રથી સંયોજન નથી બની જતું. માનવીય સંયોજન તો તે છે કે જેમાં લોકો પણ કામ કરે છે જેમની પાસે પુરસદ છે. આજે તો ફુરસદનો ઉપયોગ કેવી રીતે કરવાનો તે પણ એક સાંસ્કૃતિક સમસ્યા છે. આજે તો બેકાર તે ગણાય છે કે જેનું પેટ ખાલી છે. પરંતુ બેકાર તો તે પણ છે જેનો વખત ખાલી છે, જેની પાસે પુરસદનો સમય છે તેના કામનું પણ સંયોજન થવું જોઈએ. આ સંયોજન ત્યારે થઈ શકશે કે જ્યારે તમે તે સંયોજનને બેકારી દૂર કરવાના વિચાર માત્રથી જ નહીં, પરંતુ મનુષ્યની શક્તિની દૃષ્ટિએ, કલાની દૃષ્ટિએ, ગુણોની દૃષ્ટિએ પણ એ સંયોજનનો વિચાર કરશો. આ દૃષ્ટિએ એક વિચાર તમારી સમક્ષ રજૂ કરી દેવા ઇચ્છું છું. તે વિચાર છે ઉપકરણનો વિચાર.

### સંયોજનમાં શિક્ષણનો અનુબંધ

આખરે જેને ઉપકરણ—Instrument કહે છે તેની સાંસ્કૃતિક ભૂમિકા શું છે? કેવળ સાંસ્કૃતિક ભૂમિકાથી એક પાસું હું તમારી સમક્ષ મૂકવા માગુ છું. મેં સંયોજન અને શિક્ષણમાં એક અનુબંધ માન્યો છે. ઉત્પાદનમાં ઉપકરણોનું મહત્ત્વ છે. ઉપકરણ આવ્યા કેવી રીતે? મારે નાળિયેર ફોડવું છે. મેં મુક્કાથી ફોડવાનો પ્રયત્ન કર્યો, પણ તેમાં ન ફાવ્યો એટલે પથરાથી તોડવાનો પ્રયત્ન કર્યો તો પથ્થરથી ફોડવા જતાં હાથમાં ઘા વાગ્યો, હાથમાં ફોલ્લા પણ પડયા. એટલે પછી વિચાર્યું કે પથ્થરની સાથે લાકડી જોડી દઉં તો નાળિયેર ફૂટે. અને આવી રીતે હથોડીનો જન્મ થયો. The hammer is actually the extension of my fist—મારી મુઠ્ઠીનો વિકાસ તે હથોડી છે. મારાં અવયવોનો વિકાસ કર્યો, વિસ્તાર કર્યો તેમાંથી ઉપકરણનો જન્મ થયો. એ ઉપકરણ સાથે મારો સંબંધ હોવો જોઈએ.

પરમ દિવસે હું અહીં આવી રહ્યો હતો ત્યારે પ્રખ્યાત સંગીતશાસ્ત્રી વિલાયતખાં મારી સાથે મારા ડબ્બામાં જ હતા. તેમની પાસે બીજો કાંઈ ખાસ સામાન ન હતો પરંતુ સિતાર હતી. તેને તેઓ બહુ જ સંભાળીને રાખતા હતા. મેં એમને પૂછ્યું કે "તમારે તો વડોદરા જવું છે અને વડોદરામાં તો ઘણાય કળાકાર છે. કોઈની પણ સિતાર તમને મળી રહેત." પણ તેઓ કહે, "બીજાની સિતાર પર વગાડી ન શકાય. મારી પોતાની સિતાર પર જ હું વગાડી શકું. મારા હાથને મારી જ સિતાર ફાવે છે. મારી આંગળીઓ આ જ સિતારને ઓળખે છે." આવી રીતે ઉપકરણોની સાથે જ્યારે માણસની સગાઈ બંધાય છે ત્યારે ઉપકરણ પણ જીવનની વિભૂતિ બની જાય છે. પછી એ ઉપકરણ કેવળ ઉપકરણ નથી રહી જતું પણ તે મારું વિકસિત અંગ જ બની જાય છે. બીજી કોઈ પણ સિતાર વિલાયતખાંની સિતારની જગ્યા નથી લઈ શકતી. તે સિતાર તો જડ વસ્તુ છે; નિર્જીવ વસ્તુ છે, પરંતુ વિલાયતખાંની કળાની તે વિભૂતિ છે.

## ઉત્પાદનની પ્રક્રિયા પણ લલિત કલા છે

તો શું ઉત્પાદનની પ્રક્રિયા પણ એક લલિત કળા થઈ શકે કે ? આ છે આજની સાંસ્કૃતિક સમસ્યા. તેને માનવીય સમસ્યા કહે છે. અત્યાર સુધીના આર્થિક સંયોજનમાં, શૈક્ષણિક સંયોજનમાં, ઉત્પાદનના સાંસ્કૃતિક પાસાનો વિચાર નથી થયો. Instruments કે means of production વ્યક્તિગત માલિકીનાં નહીં,–સમાજની માલિકીનાં હોવા જોઈએ ત્યાં સુધી વિચાર થયો છે પરંતુ ઉત્પાદનની સાથે ઉપકરણનો સંબંધ છે, અવયવની સાથે અવયવીનો સંબંધ છે, અંગની સાથે અંગીનો સંબંધ છે ઉપકરણ એ ઉત્પાદકના અંગનું extension છે, વિકસિત અવયવ છે—આ જે ઉપકરણનું સાંસ્કૃતિક પાસું છે તેનો વિચાર

અત્યાર સુધી નહોતો થયો એટલે છેવટે મેં તમારી વિચારણા માટે તમારી સમક્ષ મૂક્યો.

આ પાસાના વિકાસને માટે કેવા પ્રકારની સમાજરચના કરવી જોઇએ, એને માટે વધુમાં વધુ અવસર કેવા પ્રકારની સમાજ-રચનામાં હોઈ શકે એનો વિચાર કાલના ભાષણમાં આપની સમક્ષ રજૂ કરીશ.

***

[ આર્થિક સ્વતંત્રતા વિના રાજકીય સ્વતંત્રતા કેવળ ઔપચારિક જ રહે. પરંતુ આ અર્થરચનાનું સંયોજન માનવીય દૃષ્ટિએ થવું જોઈએ. એ અર્થરચના એવી હોય, જેમાં મનુષ્યના જીવનનો તેમ જ એના વ્યક્તિત્વનો વિકાસ થાય. એ સંયોજનમાં ચાવીરૂપ માણસ ઉત્પાદક હોય. એમાં functionalism ન આવવું જોઈએ. એમાં માણસનું વ્યક્તિત્વ ન હણાવું જોઇએ. વળી ઉત્પાદન માત્ર ઉપભોગ પૂરતું જ ન કરાય. ઉત્પાદનનું વિતરણેય ખરીદશક્તિ પ્રમાણે નહીં, પણ જરૂરિયાત પ્રમાણે થવું જોઇએ. વસ્તુનું પોતાનું સ્વતંત્ર મૂલ્ય છે. એની વિનિમયક્ષમતા ઉપરથી એનું મૂલ્યાંકન ન થવું જોઈએ, ઉત્પાદન માટે પણ કોઈ અવાંતર પ્રેરણાની આવશ્યકતા નથી, પરિશ્રમ કરવાનો માણસનો સ્વભાવ છે. સંગ્રહ કરવાની માણસની મૂળ વૃત્તિ નથી હોતી. માનવીય અર્થસંયોજનનો વિચાર માણસની શક્તિ, કળા, ગુણો વગેરેની દૃષ્ટિએ થવો જોઈએ. ઉત્પાદન પણ માનવતાને ભોગે ન થાય. ઉત્પાદનની પ્રક્રિયા પણ એક લલિત કળા છે અને એ એનું સાંસ્કૃતિક પાસું જળવાવું જોઈએ. આપણું ઉપકરણ પણ જીવનની એક વિભૂતિ બની જાય. ]

: ૫ :

# ગ્રામસ્વરાજ્ય અને વિશ્વબંધુત્વ

, અધ્યયનમાં અંતિમ પરિણામ વસ્તુજ્ઞાનથી કદી નથી આવતું, આત્મજ્ઞાનથી જ આવે છે. આત્મજ્ઞાન જ કેવળ એવું છે, જેમાં પૂર્ણતા અને પરિસમાપ્તિ આવે છે, જ્યારે બીજાં બધાં જ્ઞાનનો નિરંતર વિકાસ-નિરંતર પ્રગતિ થયા કરે છે.

કાલે મેં તમારી સમક્ષ માનવીય અર્થસંયોજનના સિદ્ધાંત રજૂ કર્યા. એ સિદ્ધાંતોની રૂપરેખા આપવાની આવશ્યકતા એ માટે હતી કે જે વિચારનું પ્રતિપાદન આપણે કરી રહ્યા છીએ તેમાં કંઈક રાષ્ટ્રીયતા, કંઈક વૈજ્ઞાનિકતા છે કે નહીં ? એ વિચારમાં એવા કોઈ મૂળભૂત સિદ્ધાંત છે કે નહીં જેમને સમાજવિજ્ઞાનના સિદ્ધાંત કહી શકાય, જીવનશાસ્ત્રના સિદ્ધાંત કહી શકાય.

### અધ્યયનમાં સ્વપ્નરંજનની જરૂર

અધ્યયનમાં થોડું ઘણું એવું થતું હોય છે કે જે કાંઈ મને આવડતું હોય અને તમને આવડતું હોય એટલાનો જ પાઠ કરતા ચાલ્યા જઈએ તો અધ્યયનમાં પ્રગતિ નથી થતી. જે આપણે નથી જાણતા એ જાણવાની કોશિશ કરીએ તો અધ્યયનની પ્રગતિ થાય છે. એટલે કાલે આપણે જે સિદ્ધાંત અને શાસ્ત્રની વાતો કરી એમાંથી કેટલાકને આજે આગળ ચલાવીશ અને થોડું ઘણું તમારી સાથે સ્વપ્નરંજન કરીશ.

અધ્યયનમાં વ્યક્તિ તથા સમાજ સારુ થોડા સ્વપ્નરંજનની આવશ્યકતા છે; જો કે સ્વપ્નરંજનમાં દૃષ્ટિ હોવી જોઈએ, જેને

લોકો vision કહે છે. આગામી સમાજનું ચિત્ર જોવું અને એ ચિત્રને નજર સમક્ષ રાખીને યોજના બનાવવી, એને સ્વપ્નરંજન કહે છે.

સૌથી મોટો વૈજ્ઞાનિક ક્રાંતિકારી માર્ક્સ થઈ ગયો. એણે પણ પરિસ્થિતિનું જે વિશ્લેષણ કર્યું તે વૈજ્ઞાનિક અને વસ્તુવાદી હતું, પરંતુ એ વિશ્લેષણને આધારે એણે જે પ્રતિપાદન કર્યું તે સ્વપ્નરંજન જ છે. એણે આવું સ્વપ્નરંજન ન કર્યું હોત તો આપણી સમક્ષ સમાજવાદી સમાજનું કોઈ ચિત્ર ખડું થઈ ન શકત.

માર્ક્સ વિશેના અનેક પ્રચલિત ભ્રમોમાંનો એક ભ્રમ એ છે કે આર્થિક સંયોજનનો વિચાર એ એની દેણ છે. ખરું જોતાં એના પુસ્તકમાં આર્થિક સંયોજન વિશે એક શબ્દ પણ જડતો નથી. છતાં એણે એક એવા સમાજનું સ્વપ્ન જોયું જેમાં એક વ્યક્તિનું બીજી વ્યક્તિ પર કશું આધિપત્ય ન હોય, જેમાં એક વ્યક્તિ બીજી વ્યક્તિને પોતાનું સાધન ન બનાવે.

આવા અભિનવ સમાજનું સ્વપ્ન એણે જોયું. એવું જોવા સારુ તબિયત પણ એવી જ હોવી જોઈએ. સપનાં તો આપણનેય આવે છે, પણ એવાં તો દુર્બળ, દરિદ્રી, સંકીર્ણ! કહે છે ને કે સપનામાં આપણા બધા વિકાર પ્રગટ થાય છે? તો જેવી તબિયત એવાં સપનાં. ફ્રૉઈડ કહેતો કે આપણું ગુપ્ત માનસ એમાં કામ કરે છે. આવા લોકોએ દિવ્ય સ્વપ્ન જોયાં તો આજે તમારી સૌની સાથે થોડું સ્વપ્નરંજન કરીશ.

### ગ્રામસ્વરાજ્યનું સ્વરૂપ

આપણે જે ગ્રામસ્વરાજ્યનું સ્વપ્ન જોઈએ છીએ તેનું સ્વરૂપ કેવું હશે? એનું કોઈ ચિત્ર આપણી સામે છે કે? આપણા આર્થિક સંયોજન સાથે એનો કોઈ અનુબંધ હોય તો તે કેવો હોય? એનું કોઈ ચિત્ર આપણી સમક્ષ છે કે?

આર્થિક સંયોજન અંગે વિચારીએ તો જણાય છે કે આપણા

ગામનો માણસ ભૂખ્યો છે, બેકાર છે અને અનભિજ્ઞ છે. હું એને અજ્ઞાની નથી કહેતો. અનભિજ્ઞ કહું છું. એને અજ્ઞાની તો કેમ કહું ? બ્રહ્મ–માયાની વાત કરે છે એને બેવકૂફ તો કેમ કહું ? આકાશનું નિરીક્ષણ કરીને તે કહી શકે કે વરસાદ ક્યારે થશે. જ્યારે આપણા વેધશાળાના વર્તારા નિશે તો આપણે જાણીએ જ છીએ ! જે ખેતરમાં પરસેવો પાડીને ખેતી કરે છે તેને અજ્ઞાની તો કેમ જ કહું ? એનું જ્ઞાન મારા કરતાં ક્યાંય અધિક છે. માત્ર તે અનભિજ્ઞ છે, આજના જમાનાનું જ્ઞાન એને નથી.

ગ્રામસ્વરાજ્યની વાત દ્વારા શું આપણે પાછા ફરવા માગીએ છીએ ? જે પાછો ફરવા માગે છે તે ભૂતકાળમાં જવા માગે છે અને ભૂતકાળમાં જવા સારુ ભૂત બનવું પડે છે. એટલે પાછા ફરવાની તો વાત જ નથી. ચાલવું છે તો આગળ જ ચાલવું છે, પાછા નથી ફરવું.

પરંતુ એક વાત જરૂર છે, અને તે એ કે આપણે એમ નથી માનતા કે દુનિયામાં બીજે ક્યાંક પહેલાં એક વાત થઈ જાય પછી જ તે આપણા દેશમાં થાય. આટલી વાત આપણને માન્ય નથી. મને ઘણા પૂછે છે કે પક્ષવિહીન લોકશાહીનું કોઈ ઉદાહરણ દુનિયામાં હોય તો બતાવો. તો શું ઉદાહરણ રજૂ કરવાનો ઠેકો એમનો જ છે કે પહેલાં ત્યાં થાય અને પછી જ અહીં થઈ શકે ? એનો મતલબ તો એ કે ઇતિહાસ નિર્માણ કરવાનો ઇજારો કેટલાંક રાષ્ટ્રોનો જ છે. આપણે ગુલામ બન્યા ત્યારે તો કોઈએ પૂછ્યું નહોતું કે આટલા મુઠ્ઠીભર લોકોએ આવડા મોટા રાષ્ટ્રને કેમ ગુલામ બનાવ્યું ? દુનિયામાં અગાઉ એવું ક્યાંય થયું તો નહોતું. અર્થાત્ દુનિયા સમક્ષ અનોખું ઉદાહરણ રજૂ કરવાનો પુરુષાર્થ તેઓ કરી શકે છે તો આપણે પણ કેમ ન કરી શકીએ ?

**ઉપકરણના સ્વરૂપ અંગે વાદાવાદ કે આગ્રહ નહીં, વિવેક હશે**

આપણું કોઈ પગલું વિજ્ઞાનની પ્રગતિનું અવરોધક કે એનાથી

વિપરીત નહીં હોય. પરંતુ આજે આપણી સામે મુખ્ય ત્રણ સમસ્યા છે—ભૂખ, બેકારી ને અનભિજ્ઞતા. એ ત્રણેયનું નિવારણ થવું જ જોઈએ. જે અભાવગ્રસ્ત છે તે કદી સ્વતંત્ર ન રહી શકે. ભૂખ્યા પેટે ચારિત્ર્યનિર્માણ નથી થતું. ચારિત્ર્ય જ ખાક થઈ જાય છે, ભૂખના પેટમાં સમાઈ જાય છે. તો સૌ પ્રથમ ભૂખ ને અભાવનું નિવારણ કરવું પડશે. અને આપણું સંયોજન એ માટે થવું જોઈએ. આટલું ન થાય ત્યાં સુધી ગામમાં રહેનારો સ્વતંત્ર નહીં થઈ શકે, અને ગ્રામસ્વરાજનો કાંઈ અર્થ નથી.

આવા સંયોજન સારુ જે ઉપકરણોની આવશ્યકતા છે તે માનવીય વિકાસ સારુ અનુકૂળ ઉપકરણ માનવાં પડશે. યંત્ર હોય કે નહીં, એ બધા ઝઘડા છોડો. બળદગાડી આવી હશે, મોટરનું પૈડું આવ્યું હશે તે શું વિજ્ઞાન વગર આવ્યું હશે ? આજ સુધી વિજ્ઞાનની પ્રગતિ થતી આવી છે. તો આપણે જ્યારે કહીએ છીએ કે ઘોડાગાડી, બળદગાડી હશે, મોટર નહીં હોય, ત્યારે એમાં વિજ્ઞાનનો સવાલ નથી. માનવીય પ્રગતિને અનુકૂળ શું છે, એ એની કસોટી છે. બાકી ઉપકરણ કેવું હોવું જોઈએ એ અંગે કશો આગ્રહ, dogma—વાદાવાદ નહીં હોય, વિવેક હશે. આ બાબતમાં બીજી કસોટી એ પણ હશે કે માણસને જે કામ મળે એ કામમાંથી એનો વિકાસ થવો જોઈએ.

કાલ મેં કહેલું કે ક્યાંક એવું ન થાય કે ઉત્પાદન વધતું રહે પણ એ બધું જ આજના ઉપભોગ માટે ન થાય, આમ જે ઉત્પાદન થાય એનું સંપૂર્ણ સંયોજન થવું જોઈએ. એ સંપૂર્ણ સંયોજન કરવા સારુ આવશ્યકતા એ વાતની છે કે એને અનુરૂપ ઉપકરણો હોય. એટલે ઉપકરણ અંગે વિવેક હશે પણ કશો આગ્રહ નહીં હોય.

### શક્તિ ને સત્તાનું સ્વરૂપ પલટાયું છે

ઉપકરણ અંગેનો આ વિવેક બે કારણસર કરવો પડશે. એક તો જેને આપણે નૈસર્ગિક શક્તિ કહીએ છીએ એની આજની પરિસ્થિતિ

બિલકુલ બદલાઈ ગઈ છે. નૈસર્ગિક શક્તિ માણસને આધીન નથી, માણસ એ નૈસર્ગિક શક્તિને વધુ ને વધુ આધીન થતો ચાલ્યો જાય છે. માણસ જેટલો નિસર્ગાધીન થશે એટલો પ્રાકૃતિક અવસ્થામાં જશે, આમ થઇ પણ રહ્યું છે. જે અતિશય યંત્રવાદી છે તે નૈસર્ગિક શક્તિની આધીનતા મોટા પ્રમાણમાં સ્વીકારે છે. માણસ જેમ જેમ પ્રાકૃતિક શક્તિને અધીન થતો જશે તેમ તેમ એની સ્વતંત્રતા ક્ષીણ થતી જશે.

સાથોસાથ આજે સત્તાનુંય સ્વરૂપ બદલાઇ રહ્યું છે. માની લો કે હું વિકાસ ખાતાનો પ્રધાન બન્યો. મારી સમક્ષ એક યોજના રજૂ કરવામાં આવે છે. એક બંધ બાંધવો છે, તાપી પર કે નર્મદા પર. હવે એ બંધ કેવા પ્રકારનો બાંધવો એ વિશે મને કંઇ અક્કલ છે ? લગીરે નહીં. એ માટે તો મારે કોઈ એન્જીનીઅરની જ સલાહ માનવી પડશે. અને એમાં જો બે એન્જીનીઅરના બે જુદા જુદા મત થયા તો મારી સામે અંધારું જ અંધારું !

મતલબ કે આજે રાજદ્વારી પુરુષોના હાથમાં સત્તા છે, પરંતુ તેઓ એનો ઉપયોગ નથી કરી શકતા. પદ–office અને સત્તા –powerના છૂટાછેડા થઈ ગયા છે! માણસના હાથમાં સત્તા હોય પરંતુ સમાજના સંયોજનમાં એનું નિયંત્રણ ઉત્તરોત્તર ઓછું થતું જાય છે. આ દૃષ્ટિએ આપણે ઉપકરણની બાબતમાં વિવેક કરીશું. આ વિજ્ઞાનનું નહીં પણ માનવીય પાસું છે. આ દૃષ્ટિએ વિવેક કરવો એ માનવતા સારુ જરૂરી છે.

### હથિયારથી ઓજાર તરફ જવું છે

ઉપકરણો તરફ જોવાની એક સાંસ્કૃતિક દૃષ્ટિયે છે. ઉપકરણ સાથે મારો સંબંધ અવયવ ને અવયવીનો, અંગ ને અંગીનો હોવો જોઈએ. ઉત્પાદનનાં ઉપકરણ કયાં હોય, ઉત્પાદન કેમ થાય, કયા પ્રકારનું થાય અને એ ઉત્પાદન કરનારી શક્તિ કઈ હોય વગેરે બાબતમાં વિવેક વાપરવો પડશે.

બીજી એક વાત એ કે હવે આપણે હથિયારથી ઓજાર તરફ જવું છે. જ્યારે શસ્ત્રની પ્રતિષ્ઠા ઓછી થઈને ઉપકરણની પ્રતિષ્ઠા વધશે ત્યારે તે સમાજરચના માણસના જીવનને અનુરૂપ બનશે. જે ઓજારનો યોગ્ય ઉપયોગ મારવાનો હોય એ ઓજારનું નામ શસ્ત્ર છે; અને મારવું, જીવ લેવો એ જેનો અયોગ્ય ઉપયોગ હોય, એ ઓજારનું નામ ઉપકરણ છે. હથોડાનો યોગ્ય ઉપયોગ લોઢું ટીપવાનો છે અને ગદાનો યોગ્ય ઉપયોગ માથું ફોડવાનો છે. માથું ફોડવું એ હથોડાનો અયોગ્ય ઉપયોગ છે અને નારિયેળ ફોડવું એ ગદાનો અયોગ્ય ઉપયોગ છે. શસ્ત્ર અને ઉપકરણમાં આટલો ફરક છે. નિઃશસ્ત્રીકરણનો અસલ અર્થ એ જ છે કે અયોગ્ય ઓજાર હોય જ નહીં; અને યોગ્યનો યોગ્ય ઉપયોગ થાય.

આપણે આ પ્રકારની દુનિયા તરફ ડગ માંડવા માગીએ છીએ. આજે ઉત્પાદન ક્ષેત્રમાં શું છે? લુહાર ફરિયાદ કરે છે કે "આ સિપાઈએ એની તલવારને ધાર કઢાવી એના પૈસા તે મને નથી આપતો." "તું માગતો કેમ નથી?" "અરે, માગું તો છું, તોયે નથી દેતો." "તો એની સાથે ઝઘડો કેમ નથી કરતો?" "ઝઘડો કરું છું પણ એ તો ધમકી આપે છે કે વધુ વાત કરી તો જીભ કાપી લઈશ અને બહુ બડબડ કરી તો ગરદન જ કાપી નાખીશ." તો મેં પૂછ્યું કે "એની પાસે ગરદન કાપવા શું છે?" "તલવાર." "એ તલવાર કોણે બનાવી અને એને ધારદાર કોણે કરી?" "મેં પોતે." "તેં એ શાને બનાવી?" અર્થાત્ આપણું મજૂર સંગઠન માત્ર પગાર વધારો, કલાક ઘટાડો, રહેઠાણ–શિક્ષણ વગેરેની સગવડતા જ માગતું નહીં રહે. એ મજૂર સંગઠને સાથોસાથ એમેય કહેવું જોઈશે કે અમે શસ્ત્રનું ઉત્પાદન નહીં કરીએ. લડાઈના હથિયાર બનાવવાનો કોઈનો વ્યવસાય ન રહે. જન્મસિદ્ધ વ્યવસાયમાં માણસ એક સંખ્યા બની જાય છે. જેમ આ લુહાર છે, આ વણકર છે. આ વિષ્ણુભાઈ છે, આ કરસનભાઈ છે એમ નથી રહેતું. એ અનામી બની, એનું વ્યક્તિત્વ ખોવાઈ જાય છે.

ક્રુશ્ચેવ કહ્યા કરતો'તો કે હવે અમે હથિયાર ઓછાં કરીશું. તો લોકોએ પૂછયું કે એ હથિયારો સમૂળગાં છોડી કેમ નથી દેતા? એણે જવાબ આપ્યો કે જો અમેરિકા પોતાની સંપત્તિનો ત્યાગ કરે તો અમે અમારાં શસ્ત્ર છોડવા તૈયાર છીએ. આમ ક્રુશ્ચેવે શસ્ત્ર ને સંપત્તિને એક સમાન ભૂમિકા પર મૂકી દીધાં. એક લોભ-મૂલક છે, બીજું ભયમૂલક છે. બંને એક નથી, તોય સમાન છે.

**લોભને સારુ અવસર અને ભયને સારુ કોઇ કારણ ન હોય**

ગ્રામસ્વરાજ્ય લાવવું હોય તો એવી પરિસ્થિતિ નિર્માણ કરવી પડશે કે એમાં લોભને સારુ અવસર ન હોય અને ભયને માટે કોઈ કારણ ન હોય. આ પ્રકારનો સમાજ સ્થાપવો પડશે. તમારા કામનું, તમારા ઉદ્યોગનું સંયોજન એવું હોવું જોઇએ કે એમાં લોભને માટે અવસર ન હોય અને ભયનું કોઈ કારણ ન હોય. આજે આમ કહે છે બધા, પણ કરતું કોઈ નથી. એમ કેમ? કારણ કે જેને માટે કરવાનું છે એ નાગરિક પોતે જાગરૂક ન હોય, ત્યારે કોઈ ને કોઈ એનું પ્રતિપાલક બની બેસે છે. આમ જીંદગી-ભર એણે અન્યને ભરોસે જીવવું પડશે, આજે તમારે તો કાલે બીજાને. અને જે બીજાને ભરોસે જીવે છે, એ સ્વતંત્ર નથી હોતો. ગામની સ્વતંત્રતા સારુ પહેલી ચીજ એ હશે કે તમે કોઈ ઠેકેદાર નહીં બનો—સ્વતંત્રતા ને મુક્તિનાયે નહીં. અલબત્ત સહાયક બની શકો. પણ મૂળ પુરુષાર્થ એનો જ રહે. એક સિદ્ધાંત નિરંતર સાચો ઠરે છે કે કોઈ પણ માણસનો જાન અને ઇજ્જત જો એ ખુદ પોતે ન બચાવે તો અન્ય કોઈ બચાવી નથી શકતો. એ પોતે જો બચાવવા ઇચ્છે તો એમાં એને બીજા મદદ કરી શકે. જે પોતાની જાતને બચાવવા નથી માગતો એને ભગવાન પણ નથી બચાવી શકતો. તેથી જે બચવા માગે છે, એના મદદગાર બનીને જાઓ. એના પાલક કે ઠેકેદાર બનશો તો સીતાજી રાવણ સાથે જવાને બદલે રામની સાથે ચાલી જશે કે રુકિમણી શિશુપાલ સાથે જવાને બદલે કૃષ્ણ સાથે જતી રહેશે, પણ બંનેમાં રહેશે તો

પરાવલંબન જ. નાગરિક આવો રહેશે તો ગ્રામસ્વરાજ્ય અશક્ય છે.

તેથી સ્વતંત્રતાનું જીવનમૂલ્ય પ્રાણથીયે અદકું છે એ મંત્ર દરેકે દરેકને આપવો પડશે—પછી તે ભૂખ્યો હોય કે નાગો હોય, નિરાશ્રિત હોય કે સ્ત્રી હોય કે પુરુષ હોય. ગામના માણસને આ શીખવવું પડશે. આજે તો ગામના માણસમાં સ્વતંત્રતાની આકાંક્ષા જ નથી. સ્વતંત્રતા એ તો માનવની મૂળભૂત આકાંક્ષા છે, જેના વિના કોઈ પણ ગ્રામસ્વરાજ્ય સિદ્ધ ન થઈ શકે. એને જાગૃત કરવી પડશે.

વળી સંકીર્ણ દૃષ્ટિનું નામ ગ્રામીણ દૃષ્ટિ નથી. આજે તો ભણેલાગણેલાને મન કાશ્મીર કરતાં ડાંગ ને બેલગામનો સવાલ વધુ મહત્ત્વનો છે અને ગામના માણસને માટે તો એ બંને સવાલ આ લોકના નહીં, પરલોકના છે. આ કંઈ ગ્રામસ્વરાજ્યની દૃષ્ટિ નથી. પહેલાંના લોકોએ ગામ અને શહેરની પરિભાષા કરેલી. ગામમાં પ્રજા રહે છે અને શહેરમાં નાગરિક. શહેરનો નાગરિક સાવધાન છે, જાગરૂક છે, એ પોતાના અધિકારને સમજે છે. ગામનો માણસ ગફલતમાં રહે છે, અફીણના ઘેનમાં રહે છે, ક્લોરોફોર્મની મૂર્છામાં પડયો રહે છે. તેથી નગરમાં રહેનારો સભ્ય કહેવાય છે અને ગામનો માણસ અસભ્ય તો નહીં પણ અનાડી કહેવાય છે. ગામના મનુષ્યમાં આ નાગરિકની જાગરૂકતા, જેને સ્વતંત્રતાનો પ્રબોધ કહે છે, નહીં આવે ત્યાં સુધી ગ્રામસ્વરાજ્યનો કોઈ અર્થ નથી.

### કામ એક વેઠ નહીં, કળા બની રહે

આખુંય ઔદ્યોગિક સંયોજન માનવતાના વિકાસ સારુ હોવું જોઈએ. માનવતાના વિકાસમાં બે ચીજ આવે છે : એક છે ભાવનાત્મક સંતોષ—emotional satisfaction. કામ કરવાથી માણસનું ચિત્ત પ્રસન્ન થવું જોઈએ. બે પ્રકારનાં કામમાં પ્રસન્નતા નથી આવતી. ધાર્મિક વિધિ રૂપે જે કરાય છે તે પ્રસન્નતાથી

નથી કરાતું. ૧૦૦૮ ગાયત્રી મંત્ર લેવાતા હોય ત્યારે કેમ જાણે પાછળ હાથી પડયો હોય એમ લેવાય છે; અને પૂરા થયે છૂટકારાનો લાંબો શ્વાસ ખેંચાય છે.

જે કામમાંથી છૂટકારો ઈચ્છે છે તે એ કામનો હિસાબ રાખતોય થઈ જાય છે. જે હિસાબ રાખે છે એનું એ કામમાં દિલ ઓછું ને ઓછું લાગે છે. આમ થવાથી એ કામ કરનારનો વિકાસ બહુ ઓછો થાય છે. એનું ધ્યાન ઘડિયાળ તરફ રહેશે. જે કામ કરતાં માણસનું ધ્યાન સમય તરફ રહે તે Task—વેઠ છે, ઉદ્યોગ નહીં. એ દ્વારા એની કલા-કારીગરીનો, એની કુશળતાનો વિકાસ નહીં થાય. જેલમાં કેદી લાગલાગટ આઠ કલાક કામ કરે છે પણ એનાથી ન તો એનો વિકાસ થાય છે, ન એના કામનો ગુણાત્મક વિકાસ થાય છે. ચીજો વધે છે પણ એમનો ગુણાત્મક વિકાસ નથી થતો. હું તમારી સામે ઉત્પાદનનો નવો સાંસ્કૃતિક કાર્યક્રમ મૂકી રહ્યો છું. આજે તો ઉત્પાદન વિશે ખૂબ સ્થળ દૃષ્ટિએ વિચારાય છે.

આજે જ્યાં મજૂરોનું રાજ્ય થયું છે ત્યાં હડતાળ પાડવી એ ગુનો લેખાય છે. ગુનો કેમ ? કેમ કે ત્યાં કામ કરવું આવશ્યક મનાયું છે, દરેકની એ ફરજ બની ગઈ છે. પરંતુ એ કર્તવ્યમાં રુચિ નથી. જે ફરજમાં રુચિ ન હોય તે પણ એક વેઠ છે. સમાજ-વાદ કે સામ્યવાદ આવવાથી ભૂમિકા ન બદલાઈ. એ ભૂમિકા બદ-લાવાની અત્યંત આવશ્યકતા છે. એ માટે કામનો સંબંધ સમય સાથે ન હોવો જોઈએ. સમય સાથે સંબંધ એટલો જ કે કામ થાય, આ ક્ષણે થાય. વર્તમાન ક્ષણ જ કેવળ સમય છે. સમય સાથે બીજી કોઈ તડજોડ ન થાય. સમય ઉપર એ વિજય મેળવી શકે છે, જે એની સાથે કશી તડજોડ નથી કરતો. જે કામનો હિસાબ રખાય છે એ કામનો માણસના ચિત્ત પર બોજો રહે છે અને એ બોજાના ભાર નીચે આત્મા દબાઈ જાય છે.

### ઉદ્યોગ દ્વારા વ્યક્તિત્વનો વિકાસ થવો જોઈએ

આર્થિક સંયોજન અને શિક્ષણ વચ્ચે પણ અનુબંધ હોવો

જોઈએ. શિક્ષણ વ્યક્તિત્વના વિકાસ સારુ હોવું જોઈએ, તેમ જ ઉદ્યોગ પણ વ્યક્તિત્વના વિકાસ સારું હોય. યુદ્ધ નાબૂદ કરવા શું કરવું ? શિક્ષણશાસ્ત્રી કહે છે કે રમતગમત વધારશો તો યુદ્ધની મનોવૃત્તિ ઓછી થશે; કેમ કે મનુષ્યને સાહસ ને વીરતા સારુ જે અવસર જોઈએ તે રમતગમતમાં મળી રહેશે. પરંતુ આજે પરિણામ એ આવ્યું છે કે આજે રમતગમતનું મોં પણ યુદ્ધના મેદાન તરફનું છે. રમતગમતના આજના આયોજનમાં કંઈક લડાઈનું જ અનુકરણ થઈ રહ્યું છે. આજે હવે રમતગમતનું સ્વરૂપ બદલી નાખવું જોઈએ.

પહેલાં જે સ્વપ્નવાદીઓ થઈ ગયા એમણે મોટાં મોટાં સપનાં જોયાં. ફોરિયરે લખ્યું છે કે દરેકે દરેક રમકડું ઉત્પાદનનું સાધન બનશે અને રમતગમત ઉત્પાદનની પ્રક્રિયા બનશે. આ સિદ્ધાંત તો ઘણો જૂનો છે પણ બાળકોની આજની રમતગમતમાં તમને એ જ દેખાશે. મોંટેસરીમાં જુઓ કે બાલકન–જી–બારીમાં જુઓ કે બાળકોનાં પુસ્તક ઉથલાવો, તમને જણાશે કે કેટલીક રમત નગરરચનાની તો કેટલીક વ્યાપારની છે. આમ રમતગમતનું વલણ ઉદ્યોગ તરફનું છે.

હવે તો ઉદ્યોગ પણ એવો હોવો જોઈએ કે, જેમાં માણસને સમયનું ભાન ન રહે. રમતગમતમાં મશગૂલ હોય ત્યારે માણસ સમયને ભૂલી જ જાય છે ને ? માણસ આવી રીતે કામમાં પણ મશગૂલ થઈ શકે છે કે ? કલા-કારીગરો પોતાના કામમાં એટલા મશગૂલ થઈ જતા જોવા મળે છે. જેમણે મંદિર, મસજિદ અને ગુરુદ્વાર બનાવ્યાં છે, તાજમહલ બનાવ્યો છે, ખજુરાહો ઊભું કર્યું છે, એ બધા પોતાની જાતને ભૂલીને કામમાં ઓતપ્રોત થઈ થયેલા. એમનામાં દોષ એટલો જ હતો કે પોતાની સ્વયં ઊલટથી નહીં પણ સત્તા ને સંપત્તિવાળાઓએ ફરજ પાડી એટલે એમણે એમ કર્યું એટલે એ બધું કલુષિત થઈ ગયું. પરંતુ કારીગરોએ એમાં પોતાની જાત નીચોવી દીધેલી. માણસનું વ્યક્તિત્વ એના

કામ સાથે અનુબંધ ધરાવે છે. એટલે એનું કામ એવું હોવું જોઇએ કે જેમાં એના વ્યક્તિત્વનોય વિકાસ થાય.

### આંખની ઓળખાણવાળો સમુદાય

આપણા આર્થિક અને શૈક્ષણિક સંયોજનમાં શું આટલો ફરક થઈ શકે કે? આપણા દેશના અર્થશાસ્ત્રીઓ અને શિક્ષણશાસ્ત્રીઓ સમક્ષ આ સૌથી મોટો સવાલ છે. એક એવો સમાજ કેમ બને જેમાં મનુષ્યના ગુણોનો વિકાસ થાય. આવું થશે ત્યારે તે આનંદનો વિષય હશે. આયોજન પંચના દાંતવાલા તથા ધનંજયરાવ ગાડગીલ પણ આ વાત કહી રહ્યા છે.

મોટા મોટા શાસનશાસ્ત્રી અને અર્થશાસ્ત્રી કહી રહ્યા છે કે હવે આ દેશમાં જો મોટાં મોટાં શહેર વધશે તો એનાથી માનવતાનો હ્રાસ થશે. આ કહેવા સારુ કોઈ ગાંધી–વિનોબાની આવશ્યકતા નથી. આજે તો શાસનશાસ્ત્રી ને અર્થશાસ્ત્રી કહી રહ્યા છે કે આર્થિક ક્ષેત્રમાંયે ઉદ્યોગોને ફેલાવી દો અને મોટાં મોટાં નગરોને પણ ફેલાવી દો, કેમ કે એમાં મનુષ્ય, વ્યક્તિ ખોવાઈ જાય છે. અને એટલે એમાં માનવતાનો વિકાસ ન થઈ શકે.

તો આજે જરૂરત શેની છે? આજે જે ગામડાંઓ છે એની નહીં. લોકોમાં એક ભ્રમ છે કે આજનાં ગામડાં જ અમારા આદર્શ દેવતા છે. આજના ગામડાંને કોઈ આદર્શ નથી માનતું અને જે માનતું હોય તે ગ્રામસ્વરાજ્યની કીમત જ નથી સમજતું. અમારું સ્વપ્ન કયું છે? આજનાં ગામડાં અને આજનાં શહેર, બંનેનો અંત આવવો જોઈએ; કેમ કે ત્યાં માણસ એકમેકને ઓળખતા નથી. અને જ્યાં ઓળખાણ ન હોય ત્યાં સૌહાર્દ સંભવી શકતું નથી. અને જ્યાં સૌહાર્દ સ્થાપિત નથી થતું ત્યાં ઉત્પાદન માટેની માનવીય પ્રેરણા પણ જાગૃત નથી થતી. ગાંધીના સ્વદેશી સાથે બંધુત્વની ભાવના જોડવાની છે. એ બંધુત્વ અવ્યક્ત નહીં પણ પ્રત્યક્ષ હોય, અને તે જીવનમાં પ્રગટ થવું જોઇએ. કાવેરીમાં રેલ

આવી, લોકો ઘરબાર વિનાનાં થઈ ગયાં. આપણા દિલમાં સહાનુભૂતિ પ્રગટી. આપણે પૈસા મોકલ્યા. આ પરોક્ષ સહાનુભૂતિ થઈ. આપણા પડોશીના મકાનમાં આગ લાગે છે અને આપણે દોડી જઈએ છીએ, તે પ્રત્યક્ષ સહાનુભૂતિ છે, જે વ્યક્ત છે. બંધુત્વમાં સગુણ ઉપાસનાનું તત્ત્વ ત્યારે આવે છે જ્યારે સમાજમાં માણસ એકમેકને ઓળખતો હોય છે, એમની વચ્ચે પરસ્પર સૌહાર્દ હોય છે. ત્યારે વસ્તુ એ જીવનનો વિષય નહીં પણ જીવનની વિભૂતિ બની જાય છે.

## વસ્તુનું વિભૂતિમત્ત્વ

આજે એક સજ્જન મને ચિત્રોનું આલ્બમ બતાવી રહ્યા હતા. મેં જોયાં અને કહ્યું કે ઠીક છે બધાં. ત્યારે એમણે કહ્યું કે આ ચિત્રો છ વર્ષના છોકરાએ બનાવ્યાં છે. મેં કહ્યું કે બહુ સરસ, આ તો રવિવર્માના ચિત્રોથીય સરસ છે. ચિત્ર બનાવનારનું નામ જાણ્યું કે એનું મહત્ત્વ વધી ગયું. જ્યાં સુધી એ અનામી હતું ત્યાં સુધી એનું મહત્ત્વ નહોતું. બનાવનારનું નામ લેતાંની સાથે એની સાથે એક જાતનું સગપણ નિર્માણ થઈ ગયું. આ સગપણનું નામ સામાજિકતા છે.

એક રામાયણી વ્યાસને પૂછ્યું કે તમે આ એકની એક ચાદર ઓઢીને કેમ ફરો છો? હવે તો તદ્દન ફાટી ગઈ છે. તો એ જવાબ આપે છે કે મારા પિતાજી આ જ ચાદર ઓઢીને રામાયણ વાંચતા. તમને ખબર છે?—વકીલનો ગાઉન જેટલો પુરાણો થાય એટલો એ વધુ અનુભવી ને મોટો વકીલ ગણાય.

આમ વસ્તુમાંય એક વિભૂતિમત્ત્વ, વ્યક્તિત્વ આવે છે. એ ક્યારે આવે? જ્યારે એ ચીજ બનાવનાર અને એ ચીજ વાપરનાર વચ્ચે એક જાતની ઓળખાણ હોય. ઉત્પાદન ઉપભોગ અને વિનિમય માટે નહીં હોય ત્યારે વસ્તુની પ્રતિષ્ઠા વધશે અને સાથોસાથ ઉત્પાદનનીયે પ્રતિષ્ઠા વધશે. પછી હું વસ્તુનો બગાડો નહીં કરી

શકું. કેમ નહીં કરી શકું ? કેમ કે એના બનાવનાર સાથે મારે સંબંધ છે, એ મારો દોસ્ત છે. આ અનુભૂતિ જ્યારે થાય છે ત્યારે પહેલાં માણસ-માણસ વચ્ચેનું અંતર ઓછું થાય છે અને પછી તો બધા ભેદ જ ખતમ થઈ જાય છે.

ગામમાં જે લોકો રહે છે તે બધા કંઈને કંઈ ઉત્પાદન કરે છે, અનુત્પાદક કોઈ નહીં. પરંતુ બધું ઉત્પાદન ઉપભોગ માટે નથી. એક પત્રના સંપાદક મારા મિત્ર છે. એમને મેં પૂછ્યું કે તમારા પત્રની કેટલી નકલ નીકળે છે ? સો–બસો. બસ, આટલી જ કેમ ? આ તો વિનિમય માટે જ કાઢીએ છીએ !

### સ્થાનિક ઉત્પાદક દુનિયાભરના ઉત્પાદકોની સગુણ મૂર્તિ

આવી રીતે માત્ર વસ્તુઓનો વિનિમય કરવાથી બંધુત્વની ભાવનાનો વિકાસ નથી થતો. એનો વિકાસ સગપણમાંથી થાય છે. આ સગપણનું નામ જ બંધુત્વ છે. મારા ક્ષેત્રનો ઉત્પાદક મારો ભાઈ છે, મારો સાથી છે. મારે માટે એ દુનિયાભરના ઉત્પાદકોની સગુણ મૂર્તિ છે. સામ્યવાદીઓ કહે છે ને કે દુનિયાભરના શ્રમિકો એક થઇ જશે, ત્યારે એમનું જ રાજ્ય થશે અને એ દુનિયામાં બધા શ્રમિક હશે, ઉત્પાદક હશે, કોઇ કોઈનો ગ્રાહક નહીં હોય. બધા એકમેકની વસ્તુના ઉપભોગ કરનારા હશે.

સામ્યવાદીઓના આ સ્વપ્નમાં હું એટલી વાત ઉમેરવા માગું છું કે મારા ક્ષેત્રમાંનો ઉત્પાદક દુનિયાભરના ઉત્પાદકોની સગુણ મૂર્તિ હશે. એમ થશે તો જ એમાં ભાવનાત્મક આશય આવશે. માત્ર ઔપચારિક, યાંત્રિક સંયોજનથી વિશ્વબંધુત્વનો વિકાસ નહીં થઇ શકે. વિશ્વનાગરિકત્વ નહીં, વિશ્વબંધુત્વ.

આવું જ્યારે અમે કહીએ છીએ ત્યારે લોકો કહે છે કે આ તો તમારું સપનું છે. હું કહું છું કે સામ્યવાદીઓ અને સમાજ-વાદીઓને પૂછો કે તમે કયું સપનું જુઓ છો ? રાજ્યવાદીઓને પૂછો. અરે, યુનો કયું સપનું જુએ છે ? આ કેવળ અમારું જ

સપનું નથી. હું તો એટલું જ કહીશ કે સ્વપ્ન હોય તોયે આ તો હરિશ્ચંદ્રનું સ્વપ્ન છે. એણે દાન સપનામાં દીધેલું પરંતુ જાગીનેય એ કાયમ રાખ્યું. અમે પણ વિશ્વબંધુત્વનું સપનું જોઈએ છીએ અને એના આચરણ સારુ પણ પ્રયત્ન કરીએ છીએ.

એ સ્વપ્નને સાકાર કરવા ગ્રામીણ અને નાગરિક બંનેએ એકમેક તરફ જવું પડશે. ગ્રામીણે નાગરિકતા તરફ આગળ વધવું પડશે. અને નાગરિકે બંધુત્વની તરફ ડગ માંડવા પડશે. ગામમાં સૌહાર્દ હોવું જોઈશે, ઓછામાં ઓછો પરસ્પર પરિચય તો હોવો જ જોઈશે. આનો વિચાર અર્થશાસ્ત્રી, રાજ્યશાસ્ત્રી અને શિક્ષણ-શાસ્ત્રીએ મળીને કરવો જોઈએ. એ ત્રણેય અલગ રહેશે તો સતી અનસૂયાના સતીત્વનું હરણ કરવા તૈયાર થશે ત્રણેય બાળભાવે તૈયાર રહેશે તો ત્રણેયની ત્રિમૂર્તિ બનશે.

***

[ અધ્યયનમાં થોડા સ્વપ્નરંજનની આવશ્યકતા છે. ગ્રામસ્વરાજ્ય એ પીછેહઠ નહીં, આગેકૂચ છે. એમાંનું કોઈ પણ પગલું વિજ્ઞાનથી વિપરીત નહીં હોય. ઉપકરણ અંગે વાદાવાદ કે આગ્રહ નહીં, વિવેક હશે. ભૂખ, બેકારી, ને અનભિજ્ઞતાનું નિવારણ થશે. શસ્ત્રની નહીં, ઉપકરણની પ્રતિષ્ઠા થશે. લોભને સારુ અવસર નહીં હોય અને ભયને માટે કોઈ કારણ નહીં હોય. મૂળ પુરુષાર્થ સ્વતંત્ર ને જાગરૂક નાગરિકનો પોતાનો જ રહેશે. દૃષ્ટિમાં સંકીર્ણતા નહીં હોય. કામ માણસને માટે વેઠ નહીં, કળા હશે. એમાંથી એને ભાવનાત્મક સંતોષ મળશે અને એના વ્યક્તિત્વનો તેમ જ એની માનવતાનો વિકાસ થશે. આંખની ઓળખાણવાળો અને પરસ્પર ભાવનાવાળો સમુદાય હશે. વસ્તુ એ જીવનનો વિષય નહીં, જીવનની વિભૂતિ બની જશે. બધા જ કંઈ ને કંઈ ઉત્પાદન કરતા હશે. મારા ક્ષેત્રનો ઉત્પાદક મારે માટે દુનિયાભરના ઉત્પાદકોની સગુણ મૂર્તિરૂપ હશે. ]

: ૬ :

# વિજ્ઞાનયુગમાં અધ્યાત્મ

સ્વાધ્યાયના એક અંગ રૂપે જ આપણો આ વિચાર-શિબિર ચાલે છે. એમાં હું પણ શીખું છું. શિબિરમાં એક વિષય હતો 'આંદોલન અને હું.' એમાં દરેકે પોતાને વિશે કહ્યું, પોતાનો આ આંદોલન સાથેનો સંબંધ કેવો છે, અહીં આવ્યાથી પોતાની શું ઉન્નતિ થઈ વગેરે. હું વિચારતો હતો કે મેં શું મેળવ્યું? તો મને લાગ્યું કે મારું બૌદ્ધિક દુઃસાહસ બહુ વધી ગયું છે. નહીં તો આજે આ વિષય પર ભાષણ કરવાની હિંમત ન કરત; કેમ કે મને ન તો અધ્યાત્મ સાથે સંબંધ છે, ન વિજ્ઞાન સાથે. એ બન્ને વિષય પર બોલવાનો મારો અધિકાર બહુ ઓછો છે.

જેમ રાજનીતિ હોય ત્યાં લોકસત્તા બહુ ઓછી જોવા મળે છે, તેમ જ્યાં ધર્મ હોય છે ત્યાં અધ્યાત્મની માત્રા બહુ અલ્પ હોય છે. વિનોબા આજે એવા નિર્ણય પર આવી પહોંચ્યા છે કે આ યુગ ધર્મ ને રાજનીતિનો નથી. રાજનીતિ ને ધર્મના, સિયાસત ને મજહબના દિવસ હવે પૂરા થયા. જવાહરલાલ કહે છે કે વિનોબાના અનેક મંતવ્યો છે, જે આપણે માટે બહુ કામનાં છે. પરંતુ એ બધાં મંતવ્યોમાં આટલું અન્વર્થક મંતવ્ય બીજું કોઈ નહીં હોય. આ એક ખૂબ મહત્ત્વની વાત છે.

આ યુગ ધર્મનો યુગ નથી, કેમ કે ધર્મનો સંબંધ પુનર્જન્મ ને પરલોક સાથે છે, જ્યારે અધ્યાત્મનો સંબંધ પુનર્જન્મ કે પરલોક સાથે નથી. ધર્મોમાં વિવાદ થાય છે, ધર્મો સંપ્રદાયોમાં પરિણમે છે, ધર્મ-ધર્મ વચ્ચે કલહ જન્મીને તુમુલ રણસંગ્રામ

મચે છે. અધ્યાત્મમાં આને માટે સ્થાન નથી.

વિજ્ઞાને એકાએક આજે દુનિયાને નાની બનાવી દીધી છે. વિજ્ઞાન સમસ્ત દુનિયાને એક કરી દે, પણ ધર્મ દુનિયાને વિભક્ત જ રાખે એવી પરિસ્થિતિ જ્યાં સુધી રહેશે ત્યાં સુધી વિજ્ઞાન સફળ નહીં થાય. વિજ્ઞાનની સફળતા સારુ આજે કોઈ એવી શક્તિની આવશ્યકતા છે કે જે માણસની સાથે માણસને આંતરિક સંબંધે બાંધી, એકમેકના દિલ જોડી દે.

### મનુષ્યની પ્રતિષ્ઠા

મનુષ્યની પ્રતિષ્ઠાની આજે બધે જ બોલબાલા છે. લોકસત્તા શા માટે? તો કે માણસની પ્રતિષ્ઠા માટે. સામ્યવાદ શા સારુ? મનુષ્યની પ્રતિષ્ઠા સારુ. સમાજવાદ શા સારુ? મનુષ્યની પ્રતિષ્ઠા સારુ. પણ આ બધાંએ મનુષ્યની પ્રતિષ્ઠાને એક chemical substance—રાસાયણિક દ્રવ્ય માન્યું છે. આ એક મોટામાં મોટો ભ્રમ છે. જડ પદાર્થને જાળવી રાખવા એને કોઈ સંરક્ષક દ્રવ્યમાં રાખે છે. સૌથી મોટું સંરક્ષક દ્રવ્ય આલ્કોહોલ છે. આલ્કોહોલમા રાખી મૂકવાથી તે ચીજને લાંબો સમય જાળવી શકાય છે.

મનુષ્યની પ્રતિષ્ઠાને પણ આવા અલગ અલગ પ્રકારના આલ્કોહોલમાં રાખવાની ચેષ્ટા કરવામાં આવી છે. સત્તા, સંપત્તિ, સામાજિક મોભો, રાષ્ટ્રીયતા સામુદાયિક અહંતા વગેરે ઉન્માદક દ્રવ્યો દ્વારા મનુષ્યની પ્રતિષ્ઠાનું સંરક્ષણ કરવાની કોશિશ આજ સુધી થઈ છે, પણ તેમાં સફળતા નથી મળી. Human dignity is the only thing which cannot be preserved in alcohol—મનુષ્યની પ્રતિષ્ઠા, ઇન્સાનની ઇજ્જત જ એક એવી ચીજ છે, જે આલ્કોહોલમાં જાળવી શકાતી નથી.

### આશય સમજાવવાની શક્તિ વિજ્ઞાનમાં નથી

તો આજે હવે આપણે એનું સંરક્ષણ કેવી રીતે કરીશું?

વિજ્ઞાને તો જવાબ આપી દીધો છે: હું તમને દુનિયા દેખાડી શકું, એના પરનું આવરણ દૂર કરી શકું, આખી સૃષ્ટિને તમારી સમક્ષ ખડી કરી શકું પરંતુ એને સમજાવી શકું નહીં. સૃષ્ટિના આશયને સ્પષ્ટ કરવાની શક્તિ વિજ્ઞાનમાં નથી. એ બાબતમાં વિજ્ઞાન બિલકુલ તટસ્થ છે. જેટલા અગ્નિ, વાયુ, આકાશ તટસ્થ છે એટલું જ વિજ્ઞાન તટસ્થ છે. એ તટસ્થ છે કેમ કે તે જડ છે.

એટલે તો આજ સુધી એમ મનાયું છે કે Science cannot interpret, science discovers, Philosophy interprets, Politics changes. આમ ત્રણ ભાગ કરવા પડયા. વિજ્ઞાન સૃષ્ટિનો આવિષ્કાર કરે છે, તત્ત્વજ્ઞાન એના આશયને સ્પષ્ટ કરે છે અને રાજકારણ અનુકૂળ પરિવર્તન કરવાની કોશિશ કરે છે આમ આ ત્રણમાં માનવીય વિભૂતિનાય ત્રણ ટુકડા થઈ ગયા છે. વૈજ્ઞાનિક, દાર્શનિક ને ક્રાંતિકારીમાં સામંજસ્યની, અનુબંધની આવશ્યકતા છે. એ સામંજસ્યનો આધાર કયો ?

### તમારું ને મારું અધ્યાત્મ

પ્રસિદ્ધ અસ્તિત્વવાદી કામૂ કહે છે કે હું બીજું કંઇ નથી જાણતો. હું માત્ર એટલું જ જાણું છું કે વસ્તુ છે, જીવન છે. અસ્તિત્વ જ જીવનનો સાર છે, અસ્તિત્વ જ જીવનનો આશય છે. આજે પણ હું એમ માનું છું કે જીવનમાં કોઈ ઉદાત્ત હેતુ, આશય નથી. છતાંયે મને એટલો વિશ્વાસ છે કે દુનિયામાં કોઈ ને કોઈ એવી ચીજ છે, જેમાં કંઇક આશય છે, તથ્ય છે, અર્થ છે. અને એ ચીજ મનુષ્ય છે, કેમ કે જીવનના આશયની ખોજ કેવળ માણસ જ કરે છે. માણસનો એવો આગ્રહ છે કે જીવનમાં, સૃષ્ટિમાં આશય હોવો જોઈએ. એ આશય શોધ્યા વિના મનુષ્યને સંતોષ નથી થતો.

જીવનના આ ઉપાદાનની, content—સંભારની ખોજને હું અધ્યાત્મ કહું છું. બાકી પેલું અધ્યાત્મ તો જેને એની અનુભૂતિ

હોય એ જ બતાવી શકે. હું એની વાત કરું તો પેલા મંડનમિશ્રને દરવાજે વેદના પ્રામાણ્ય વિશે પોપટ–મેના ચર્ચા કરતાં હતાં, એના જેવું થાય! હું તો તમારી સમક્ષ એવા જ અધ્યાત્મની વાત કરીશ જેનું પ્રત્યક્ષ દર્શન ને પ્રતીતિ તમારા–મારા જેવા સાધારણ માણસનેય થઈ શકે છે. એ કયું અધ્યાત્મ છે? એ જીવનના ઉપાદાનની શોધનું અધ્યાત્મ છે. મનુષ્યનું જીવન કયા દ્રવ્યનું બન્યું છે, એની એ શોધ છે.

## મૂળભૂત દ્રવ્ય પ્રેમ

આપણે માની લીધું કે કેવળ અસ્તિત્વ જ સત્ય છે, અસ્તિત્વ જ વસ્તુસ્થિતિ છે. પરંતુ એ કઈ વસ્તુનું બનેલું છે એની ખોજમાંથી એક વાત નિષ્પન્ન થાય છે કે માણસનું જીવન સંબંધોનું બનેલું છે, અને સંબંધોનો આધાર, આશય અને મૂળભૂત દ્રવ્ય પ્રેમ છે. જીવનનું ઉપાદાન પ્રેમ છે. જ્યાં પ્રેમ ને સ્નેહ છે ત્યાં જીવનનો વિકાસ થાય છે. જ્યાં પ્રેમ ને સ્નેહ કલુષિત થાય છે, દૂષિત થાય છે ત્યાં જીવનનો હ્રાસ થાય છે. આપણે આજે આ નિર્ણય પર પહોંચ્યા છીએ.

આ પ્રેમનો વિકાસ વિજ્ઞાન કરી શકે છે કે? વિજ્ઞાન એના વિકાસ સારુ અનુકૂળ કે પ્રતિકૂળ પરિસ્થિતિ નિર્માણ કરી શકે પરંતુ વિજ્ઞાને ઉપસ્થિત કરેલી એ પરિસ્થિતિનો લાભ ઉઠાવવાની શકિત માણસમાં હોવી જોઈએ. એ શક્તિ માણસમાં ક્યારે આવે? જ્યારે માણસમાં પ્રેમ અધિક હોય અને વિકાર ઓછા હોય ત્યારે. પ્રેમની એ શરત છે, પ્રેમનું એ સૌથી મોટું લક્ષણ છે કે વિકાર-વાસના જેટલાં વધુ એટલો પ્રેમ ક્ષીણ થશે. આ વાત રાધા-કૃષ્ણથી માંડીને લયલા-મજનુ સુધી બધે જ બિલકુલ સાચી છે. વિકાર વાસના જેટલાં ઓછાં એટલો પ્રેમ વધુ વિકસિત, વધુ પરિશુદ્ધ.

એટલે વિજ્ઞાનની સહાયતાથી આપણે એવી પરિસ્થિતિ નિર્માણ કરવા માગીએ છીએ કે જેમાં વિકાર ને વાસના સારુ અવસર

ઓછો હોય અને પ્રેમના સ્વાભાવિક પ્રવાહ વચ્ચે કોઈ વિઘ્ન ન હોય. પ્રેમના સ્વાભાવિક પ્રવાહ સારુ કોઈ અવસરની આવશ્યક્તા નથી હોતી, માત્ર વિકારનો અવસર ઓછો હોય એટલું પૂરતું છે. પ્રેમનો એ સ્વભાવ જ છે કે તે વ્યાપક હોય છે. એમાં જેટલી અવ્યાપકતા આવે છે, એ જેટલો સીમિત ને પરિમિત બને છે, તે કોઈ બહારનાં કારણોને લીધે જ. એ બહારનાં કારણો માર્ગમાંથી દૂર કરો એટલે પ્રેમનો સ્વાભાવિક પ્રવાહ અસ્ખલિત વહેવાનો. આ બહારનાં કારણોને કોઈએ દૈત્ય કહ્યો, કોઈએ શેતાન કહ્યો, કોઈએ એને આસુરી સંપત્તિનું નામ દીધું. મનુષ્યનો સ્વભાવ છે કે તે પરિચિત શેતાનને પસંદ કરે છે—tends to prefer the known devil. કેટલાક પૂછે છે ને કે લોકો સરકારને ગાળોયે દે છે અને ચૂંટણી વખતે પાછા જઈને એને જ મત આપી આવે છે, કારણ કે એ જાણીતો શેતાન છે.

આમ કેમ? એનો જવાબ આજ સુધી કોઈ માનસશાસ્ત્રીએ નથી આપ્યો. એકે કહ્યું કે જીવન કામમૂલક છે, વાસનાપ્રધાન છે. ગીતામાં કહ્યું છે ને કે किम् अन्यत् कामहैतुकम्–કામ સિવાય બીજું શું છે? બીજાએ કહ્યું કે જીવનમાં કામની પ્રેરણા નહીં, પ્રભુત્વની પ્રેરણા મુખ્ય છે. બંનેનો આખરે તો અર્થ એક જ છે કે માણસની પ્રેરણા વાસનામૂલક, વિકારમૂલક છે. થોડા સમય પહેલાં સ્વિટ્ઝરલૅન્ડના વિખ્યાત મનોવૈજ્ઞાનિક સી. જે. જંગનું અવસાન થયું. એણે પોતાના મકાનના દરવાજા પર કોતરાવેલું: તમે એને બોલાવો કે ન બોલાવો, ઈશ્વર છે જ—Called or uncalled, God is there. મનોવિજ્ઞાનના મારા અધ્યયન બાદ હું આ નિર્ણય પર પહોંચ્યો છું.

પદાર્થવૈજ્ઞાનિક, મનોવૈજ્ઞાનિક, જીવનવૈજ્ઞાનિક, પ્રાણીશાસ્ત્રી વગેરે આધુનિક વૈજ્ઞાનિકો આજે પુસ્તકો લખી રહ્યા છે. કયા વિષય ઉપર? Phenomenon of man—માણસ શી ઘટના છે, કઈ વસ્તુ છે?

કર્મમાંથી જન્મે છે. જ્યારે જ્ઞાન કર્મજન્ય છે જ નહીં. તેથી જ ફ્રેરિયરે કહ્યું કે જ્ઞાનનો આલોક શ્રમમાં આવવો જોઇએ. ત્યારે એક માણસનો પરિશ્રમ બીજા માણસનો વિષય નહીં બને. આજે એકનો શ્રમ બીજાના હાથમાંનું સાધન બને છે તેથી શોષણ થઇ શકે છે. જ્યારે શ્રમમાં જ્ઞાન ભળશે ત્યારે એનામાં એવી શક્તિ આવશે કે તે વિષય નહીં બને. શ્રમ પણ માનવીય જીવનનું એક તત્ત્વ બનશે.

કહે છે ને કે માણસે કાલાતીત બનવું જોઈએ. આ કાલાતીતતા એટલે શું એ હું પૂરું સમજતો નથી પણ એટલું સમજું છું કે જ્યાં સુધી હું સમયનો ઉપયોગ જીવનના વિકાસ સારુ કરું છું ત્યાં સુધી તે મારા જીવનનું ઉપાંગ, સાધન, ઉપાદાન બની રહે છે. પણ જ્યારે હું એનો દુરુપયોગ કરું છું ત્યારે તે કાલ બની જાય છે અને જીવનનું ભક્ષણ કરે છે.

એવી જ રીતે પરિશ્રમ જો જ્ઞાનથી આલોકિત ન હોય તો એ શ્રમ એકની ઉપજીવિકાનું સાધન બને છે અને બીજાના ઉપભોગની ચીજ બની જાય છે. જે પરિશ્રમ મારા અને અન્યના જીવનનો વિકાસ કરે છે તે સ્વયં ઉપાસના છે. કોની ? હું એમ નહીં કહું કે ભગવાનની. ભગવાન પ્રત્યે કોઈને વાંધો હોઈ શકે, માટે એને છોડી દઈએ. નામ સાથે આપણને કોઈ મતલબ નથી. આપણે શ્રમને જીવનનું તત્ત્વ માનીએ, જીવનની વિભૂતિ માનીએ. શ્રમને જો આમ વિભૂતિ માનીએ તો આજની એક મોટી સમસ્યા ઊકલી જાય.

### શ્રમની માનવીય પ્રેરણા ક્યાંથી આવે ?

વિજ્ઞાન, સમાજવાદ, સામ્યવાદ સૌ સમક્ષ આજે સમસ્યા એ છે કે શ્રમની પ્રેરણા ક્યાંથી આવશે ? જયપ્રકાશજી સમાજવાદના અધ્યયન બાદ આખરે એ નિર્ણય પર પહોંચ્યા કે ભૌતિકતાથી કે ધર્મથી આ પ્રેરણા નહીં મળી શકે. ધર્મ આપણને સ્વર્ગની

લાલચ કે નરકનો ભય દાખવી શકે. શાસન આપણને સજાની બીક બતાવી શકે. પરંતુ એટલાથી શ્રમની માનવીય પ્રેરણા નહીં આવે. તો એ ક્યાંથી આવશે ? એ પ્રશ્નનો ઉત્તર વિજ્ઞાન પાસે નથી.

એનો ઉત્તર એ ચીજમાં છે કે જે પરિશ્રમથી, મનુષ્યની જે ક્રિયાથી એનું જીવન સંપન્ન બને છે તે આધ્યાત્મિક પ્રક્રિયા છે, જીવનની વિભૂતિ છે. શ્રમ જ્યારે જીવનની વિભૂતિ બની જાય છે ત્યારે શ્રમ સારુ કોઈ બહારની પ્રેરણાની આવશ્યકતા નથી. શ્રમ જ મનુષ્યનો સ્વભાવ છે, આળસ નહીં. સવાલ એ છે કે કયા સંસ્કારથી આ સ્વાભાવનો વિકાસ થાય ? શ્રમ માણસના જીવન-વિકાસ સારુ આવશ્યક છે.

### એનો ઉત્તર વિજ્ઞાન પાસે નથી

બાળપણમાં અમને શીખવતા કે Cleanliness is Godliness—સ્વચ્છતા એ પવિત્રતા છે. બીજું એમ શીખવતા કે Sound mind in a Sound body—સ્વસ્થ શરીરમાં સ્વસ્થ ચિત્ત. હવે ગાંધી કરતાં રામમૂર્તિનું શરીર વધુ સ્વસ્થ હતું અને વિનોબાનું શરીર તો પહેલેથી જ રોગજર્જર છે. તો શું રામમૂર્તિનું ચિત્ત ગાંધી–વિનોબા કરતાં વધુ સ્વસ્થ હશે ?

સ્વચ્છતાયે આજે દુનિયામાં જેટલી છે એટલી પહેલાં ક્યારેય નહોતી. કહે છે કે અમેરિકામાં માખી, મચ્છર, ઉંદર નથી અને માકડની તો વાત જ નહીં. ટાઈફોઈડનો રોગ બહુ ઓછો છે અને મરડો સદંતર નાબૂદ કરવામાં આવ્યો છે. આટલી સ્વચ્છતા છે, છતાંયે પવિત્રતા કેમ નથી ? ( આપણે ત્યાં અસ્વચ્છતા છે તેથી પવિત્રતા અધિક છે એમ રખે માનતા. આપણે તો બંનેમાં અદ્વિતીય છીએ ! )

વિજ્ઞાને આપણને આત્યંતિક સ્વચ્છતા સુલભ કરી આપી છે, રોગો પર સારો એવો વિજય મેળવ્યો છે અને સુખ–સગવડ વિપુલ માત્રામાં બક્ષ્યાં છે. પરંતુ સ્વચ્છતામાંથી પવિત્રતા ન આવી,

આવી જ રીતે સૃષ્ટિ સાથે જ્યારે સંબંધ પ્રસ્થાપિત થાય છે ત્યારે સૃષ્ટિ પણ જીવનની વિભૂતિ બની જાય છે. વિજ્ઞાને કહ્યું કે સૃષ્ટિ ઉપભોગનાં સાધનોથી ભરપૂર છે. અધ્યાત્મ કહે છે કે સૃષ્ટિ જીવનની વિભૂતિ છે. વિજ્ઞાન ને અધ્યાત્મ બંનેની વિભૂતિમાં સામંજસ્યને બદલે વિચ્છેદ હોવાથી માનવ વ્યક્તિત્વ આજે છિન્ન-ભિન્ન છે. માણસના શિક્ષણ, સંયોજન, રાજનૈતિક વ્યવસ્થા વગેરેમાં આજે જે વિરોધ છે, ભેદ છે એનું કારણ આ સામંજસ્યનો અભાવ છે.

ગંગાજળ વિશે એક વૈજ્ઞાનિક કહેશે કે એ તો પાણી છે. બે વાયુના સંયોજનથી એ બને છે. એનાથી નાહશો તો સ્વચ્છ બનશો. એ પીશો તો તમારી તૃષા છીપશે. જ્યારે કવિનું એના તરફ જોવાનું આગવું જ દૃષ્ટિબિંદુ હોય છે. એને આપણે સંસ્કાર કહીએ છીએ. સંસ્કાર શું કરે છે? તે સૃષ્ટિ સાથે આપણો સંબંધ બાંધી આપે છે.

ઘટઘટમાં ઈશ્વર વ્યાપેલો છે એમ કહી દેવું તો સહેલું છે, પરંતુ એની પ્રતીતિ ક્યારે થાય? જ્યારે આ સૃષ્ટિની વસ્તુમાત્ર જીવનની વિભૂતિ બની જાય ત્યારે એવી પ્રતીતિ શક્ય બને. હવે આ કંઈ જડ પદાર્થની પૂજા નથી. માણસનેય જ્યારે આપણે પરમેશ્વરનું સગુણ સ્વરૂપ કહીએ છીએ ત્યારે એને કંઈ દેવતા નથી બનાવી દેતા. પરંતુ સમગ્ર સૃષ્ટિ જીવનની વિભૂતિ છે, એ પ્રતીતિ જો આ વિજ્ઞાનયુગમાં નહીં થાય તો વિજ્ઞાન દ્વારા જેમ જેમ વધુ ને વધુ શક્તિ હાથમાં આવશે તેમ તેમ જીવનનો હ્રાસ થતો જશે. આકાંક્ષા અદમ્ય હોવાને કારણે કદી સમાપ્ત નહીં થાય પણ માણસની પ્રેરણાશક્તિ ને વિકાસની સામર્થ્યશક્તિ ઓછી થતી જશે.

**વસ્તુના દુરુપયોગમાં એનું અપમાન ને માણસની અસભ્યતા**

તેથી આજે એ વાતની ખૂબ જરૂર છે કે માણસ વસ્તુમાત્રને જીવનની વિભૂતિ સમજે. એમ થશે તો જ વસ્તુનો દુરુપયોગ કરવો

એ એનું અપમાન કરવા બરાબર માનશે અને એવું અપમાન એ નહીં કરે. ગાંધી મોઢું ધોવા નાનકડો અમથો પ્યાલો પાણી વાપરતો. પાણી વાપરવામાંયે આટલી કંજૂસાઈ? કોઈ એને પૂછતું તો કંઈક મામૂલી જવાબ દઈ દેતો કે નકામું નહીં વાપરી નાખો તો અછત નહીં અનુભવવી પડે. પરંતુ એની પાછળ મોટો સાંસ્કૃતિક દૃષ્ટિકોણ રહેલો છે કે વસ્તુના દુરુપયોગમાં વસ્તુનું અપમાન છે, અને વસ્તુના અપમાનમાં માણસની અસભ્યતા છે.

એટલે વસ્તુમાત્ર જીવનની વિભૂતિ છે. એના દુરુપયોગ કે અતિરિક્ત ઉપયોગમાં એની અપ્રતિષ્ઠા છે, અપમાન છે. આમ વસ્તુમાત્ર જ્યારે જીવનની વિભૂતિ બની જાય છે ત્યારે એ કેવળ આર્થિક સંયોજન નથી રહેતું પણ જીવનનું સંયોજન બની જાય છે. વિજ્ઞાનયુગમાં આ વાતની ખૂબ જરૂર છે.

વિજ્ઞાન આપણને એટલું જ સમજાવશે કે ધરતીમાં કોલસા, તેલ, પેટ્રોલ પરિમિત માત્રામાં છે અને કુદરતી સંપત્તિનો અવિચારી ઉપયોગ કરવાથી ધરતીનું સત્ત્વ ધોવાઈ જશે. પરંતુ આટલા માત્રથી માણસની માનવીય પ્રેરણાનો વિકાસ નહીં થાય. વિજ્ઞાન જ્યારે આપણને એમ સમજાવશે કે જે વસ્તુ આપણને સુખ–દુઃખ આપે છે એમનામાં ને આપણામાં મૂળભૂત સાધર્મ્ય છે ત્યારે તે વસ્તુ વસ્તુ ન રહેતાં જીવનની વિભૂતિ બની જશે. આ મારે મન વિજ્ઞાનયુગનું અધ્યાત્મ છે.

### પરિશ્રમ જ્ઞાનથી આલોકિત થવો જોઈએ

બીજું પણ એક મહત્ત્વપૂર્ણ પાસું છે. ફોરિયરે કહ્યું કે Labour should be lit up by knowledge–શ્રમ જ્ઞાનથી આલોકિત થવો જોઈએ. કેવળ પરિશ્રમથી જ્ઞાન પ્રાપ્ત નથી થતું, કુશળતા પ્રાપ્ત થાય છે, અનુભવ મળે છે. અનુભવ એ જ્ઞાન નથી. જેને અનુભવ હોય એને જ્ઞાન પણ હોય છે, એ બહુ મોટો ભ્રમ છે. અનુભવ, કુશળતા એ અલગ વસ્તુ છે અને એ

## પ્રકૃતિના આત્મસાક્ષાત્કારનું સાધન

પ્રાણીશાસ્ત્રી કહે છે કે સમસ્ત પ્રકૃતિ પોતાના આશયની ખોજ કરવાનું કોઈ સાધન ખોળતી હતી; એ સાધન એને માણસમાં મળી ગયું. પ્રકૃતિના આત્મસાક્ષાત્કારની વિભૂતિ કોણ બને ? પથ્થર તો એ કરી ન શકે, વૃક્ષ કે પશુ પણ એ ન કરી શકે. માણસ જ પ્રકૃતિના આત્મસાક્ષાત્કારનું સાધન બની શકે.

વૈજ્ઞાનિક કહે છે કે જીવનની કોઈ સમજૂતી વિજ્ઞાન નથી આપી શકતું તેથી અમે જીવનનો સ્વીકાર કરી લઈ ને એનું પ્રયોજન સમજાવવાની કોશિશ કરીએ છીએ. અમે જીવનનો સ્વીકાર કરી લઈએ, એનાથી આગળ મનુષ્યની બુદ્ધિ જઈ નથી શકતી. એનો અર્થ એ નહીં કે બુદ્ધિની મર્યાદા છે પરંતુ વસ્તુનું એ સ્વરૂપ જ છે. કોઈએ પૂછ્યું કે પહેલાં મા થઈ કે પહેલાં બાપ ? હવે બુદ્ધિ આનો વિચાર જ નથી કરી શકતી. એ બુદ્ધિનો દોષ નથી, બુદ્ધિની મર્યાદા નથી, એ વસ્તુનું સ્વરૂપ જ છે. એટલે એનો વિચાર જ આપણે છોડી દેવો જોઈએ. જીવન ક્યાંથી આવ્યું, કેવી રીતે આવ્યું, એ વાત ન તો વિજ્ઞાન સમજાવી શકે છે, ન અધ્યાત્મ. અધ્યાત્મ પરસેવે રેબઝેબ થઈ ગયું તોયે એને એનો પત્તો જ ન લાગ્યો.

## સમસ્ત સૃષ્ટિ આપણું વાતાવરણ

એટલે વૈજ્ઞાનિક કહે છે કે વિજ્ઞાનનો આપણે સ્વીકાર કરી લઈએ અને પછી વિચારીએ કે વિજ્ઞાનયુગમાં અધ્યાત્મની શી આવશ્યકતા છે, અને શું સ્થાન છે ? આપણે બે વસ્તુઓનો સ્વીકાર કરી લીધો. સૃષ્ટિ છે અને જીવન છે—cosmos and man. વિજ્ઞાને આજે એવી પરિસ્થિતિ પેદા કરી દીધી છે કે Cosmos has become our environment—સમસ્ત સૃષ્ટિ આપણું વાતાવરણ બની ગઈ છે. મારી પરિસ્થિતિ ને મારું વાતાવરણ હવે માત્ર વડોદરા પૂરતું જ સીમિત નથી રહ્યું. સમસ્ત વિશ્વનું વાતાવરણ એ આજે

મારું વાતાવરણ છે. એ કેનેડીનુંય છે અને ક્રુશ્ચેવનું પણ છે. સમસ્ત સૃષ્ટિ જ્યારે માણસની પરિસ્થિતિ બની ગઈ છે એવા યુગમાં મનુષ્યજીવનનો આશય કેવો હોઈ શકે એ આપણી ખોજ છે.

આ અંગે વિચાર કરતાં બે ત્રણ વાત જોવા મળે છે. આ સૃષ્ટિ માણસને આનંદ અને દુઃખ બંને આપે છે. માણસ ઇચ્છે છે ખરો કે એ એને માત્ર આનંદ જ આપે, દુઃખ નહીં. પરંતુ સૃષ્ટિ તો બંને આપે છે. આપણી સામે સવાલ એ છે કે જે વસ્તુ આપણને સુખ–દુઃખ આપે છે, એનામાં અને આપણામાં સાધર્મ્ય ન હોય તો એવી શક્તિ એનામાં આવી કઈ રીતે? સુખ–દુઃખ દેવાની શક્તિ એનામાં ત્યારે જ આવે જ્યારે એ વસ્તુનું મારા જીવન સાથે કંઈ સાધર્મ્ય હોય, બંને વચ્ચે કંઈ મૂળભૂત સમાન તત્ત્વ હોય.

આપણે જાણીએ છીએ કે સૃષ્ટિ આનંદ આપે છે. હિમાલય જોઈને કાલિદાસે એને દેવતાત્મા કહ્યો; ઇકબાલે એને આપણો પ્રતિપાલક કહ્યો, વૈજ્ઞાનિકે એને બરફનો ઢગલો કહ્યો. તો આમાંથી સાચું કોણ?

## પ્રકૃતિ પર સંસ્કારનો ઢોળ

મારું નિવેદન એ છે કે બંને સાચું કહે છે. એની સાથે જ્યાં સુધી મારો કોઈ સંબંધ નથી ત્યાં સુધી એ મારે માટે માત્ર બરફનો ઢગલો રહે છે. પરંતુ સંબંધ પ્રસ્થાપિત થતાં જ એ બરફના ઢગલા વિશેની મારી પ્રતીતિ બદલાઈ જાય છે. સ્ત્રી-પુરુષ બધાં સરખાં છે પરંતુ જ્યારે મને ખબર પડે છે કે આ સ્ત્રીની કૂખમાંથી હું પેદા થયો છું અને આ પુરુષ મારો જનક છે ત્યારે મારો દૃષ્ટિકોણ બદલાઈ જાય છે અને એ સ્ત્રી-પુરુષ સામાન્ય સ્ત્રી-પુરુષ ન રહેતાં મારાં માતાપિતા બની જાય છે. વિજ્ઞાન એટલું જ કહે છે કે આ સ્ત્રી છે ને આ પુરુષ છે. સંસ્કૃતિ મને એ શીખવે છે કે આ સ્ત્રી તારી મા છે, આ પુરુષ તારો બાપ છે.

સ્વાસ્થ્યમાંથી ચિત્તની ઉન્નતિ ન થઈ અને સુખ-સગવડમાંથી પ્રસાદ ન મળ્યો. આમ કેમ ? એનો ઉત્તર વિજ્ઞાન પાસે નથી. એનો ઉત્તર જે સંસ્કારમાંથી મળે એમ છે એ સંસ્કાર છે માનવમાત્રની એકતાની પ્રતીતિ.

### જીવન પ્રત્યેનો આદર : જીવમાત્રની એકતાની અનુભૂતિ

આપણા યુગની મહાન વિભૂતિ આલ્બર્ટ સ્વીટ્ઝરે reverence for life—જીવન પ્રત્યેના આદરનો મંત્ર આપ્યો. એ આદર સમસ્ત જીવસૃષ્ટિ પરત્વેનો આદર છે, જેમાં પહેલો આદર માનવજીવન પ્રત્યેનો છે. બંધુત્વની પ્રેરણા જીવનની પ્રતિષ્ઠામાંથી આવે છે. દરેકે દરેક માણસના જીવનનું સરખું મૂલ્ય છે. આ સમાનતા આપણે કાનૂનમાં સ્થાપી જ છે. ગાંધી-તિલક કે વ્યાસ-વાલ્મીકિનું ખૂન કરનારનેય ફાંસીની સજા અને કોઈ બદમાશનું ખૂન કરનારને પણ ફાંસીની સજા. દરેક માણસને પણ આપણે અકકેક મત આપ્યો છે. આમાં કેવળ મનુષ્યતાનો જ વિચાર કરાય છે. આવા નિરપેક્ષ મૂલ્યોનો આધાર શો હોય ? માનવીય જીવનની એકતાની પ્રતીતિ એ એનો આધાર છે.

હું બીજાને સુખે સુખી અને બીજાને દુઃખે દુઃખી બનું છું. બીજાની સાથે મારા જીવનનું તાદાત્મ્ય સધાય છે, એની સાથે મારું જીવન એકરૂપ થાય છે ત્યારે આવી એકતાની પ્રતીતિ થાય છે. હું બીજાંને પોતાનાં જ નહીં પણ મારી જાત જેવાં જ માનવા લાગું છું. વેદાન્તની પરિભાષામાં આને અહંવાદનું નિરાકરણ કહે છે.

જીવનની આવી એકતાની પ્રતીતિ વિજ્ઞાન ન કરાવી શકે. વિજ્ઞાન તો તમારું જીવન પરમાણુ—atomનું બનેલું છે કે શક્તિ -energyનું એની ખોજ કરી શકે, વિજ્ઞાન પરિસ્થિતિમાં પરિવર્તન કરી શકે; પરંતુ તે ભાવરૂપ મૂલ્યોની સ્થાપના ન કરી શકે.

જીવનની એકતાની પ્રતીતિ એ કોઈ સિદ્ધાંત નથી, કોઈ

ઉપપત્તિ નથી; એ તો અનુભૂતિ છે. કોઈ વ્યક્તિનું દુઃખ જોઈને હું દુઃખી બનું છું, પછી ભલે એ વ્યક્તિ ગમે તેટલી અપરિચિત હોય. આ એક અનુભૂતિ છે, સિદ્ધાંત નહીં.

આ પ્રતીતિમાંથી જ એ સિદ્ધાંત આવે છે કે એક મનુષ્ય બીજા મનુષ્યના જીવનમાં સહાયક બનવો જોઇએ, માણસ-માણસ વચ્ચે એકમેકના જીવનના વિકાસ સારુ સહયોગ થવો જોઇએ. સહકારિતા એ એક આર્થિક ને સામાજિક વિજ્ઞાનનો સિદ્ધાંત છે. પરંતુ એની પાછળ મનુષ્યના સ્વભાવના આ મૂળભૂત તત્ત્વનો અંશ રહેલો છે.

### આપણાં કર્મોની જવાબદારી આપણી જ

છેલ્લી વાત મનુષ્યની સ્વતંત્રતાની જવાબદારીની કરીશ. આજે માણસ પોતાની જવાબદારી બીજા ઉપર નાખવાની કોશિશ કરે છે. પહેલાં એણે પોતાની જવાબદારી ઈશ્વર પર નાખેલી. જે કંઈ કરે–કરાવે છે તે ઈશ્વિર કરે–કરાવે છે એટલે મારા કૃત્યની કંઈ સજા થવાની હોય તો તે ઈશ્વરને થવી જોઇએ. દુર્યોધને કહેલું ને કે यथा प्रयुक्तोऽस्मि, तथा करोमि—ભીતર બેઠો બેઠો એ જેમ કરાવે છે તેમ કરું છું! તો પછી સજા મને શા માટે?

વૈજ્ઞાનિક સમાજવાદે કહ્યું કે ઐતિહાસિક નિયતિ બધું કરે-કરાવે છે. એટલે ભગવાનની જગ્યાએ ઇતિહાસ આવી ગયો અને હું ઇતિહાસનો object—વિષય બની ગયો. તો પછી સજા થવાની હોય તો ઈતિહાસને થાય, મને શા માટે?

ત્રીજો મત એવો થયો કે રાજ્ય જો બરાબર હોય તો કોઇ બૂરાઇ નહીં થાય. એટલે એમાં જવાબદારી રાજ્ય પર નખાઈ. આમ હું જો ભગવાનને કે નિયતિને કે રાજ્યને આધીન હોઉં તો બધાં જ પાપપુણ્ય એનાં બને છે. પેલા બુઢ્ઢા બ્રાહ્મણે કહેલું ને કે મારો છોકરો મરી ગયો તો તેને માટે રામ, તું અપરાધી છે.

આ માણસની બેજવાબદારી છે. આવો બેજવાબદાર માણસ

બરાબર આનો વિરોધી પ્રબંધ, વ્યવસ્થા, જેમાં નિર્ણય કરવામાં ઘણા લોકો સામેલ હોય છે અને એનો અમલ થોડા કરે છે એને લોકતંત્ર કહે છે. ધારાસભામાં જ્યાં નિર્ણય થાય છે ત્યાં એક દિમાગ કરતાં બે દિમાગ સારા અને બે કરતાં વીસ સારા અને વીસ કરતાં બસો સારા એમ કહેવાય છે. પરંતુ જ્યાં અમલ કરવાનો હોય ત્યાં બસો કરતાં વીસ અને વીસ કરતાં બે અને બે કરતાં એક સારો એમ કહેવાય છે. આપણે સંગઠનને અમલ કરવાનું, પ્રયોગનું, આચરણનું સાધન માન્યું છે. સંગઠન એ સારુ બનાવીએ છીએ કે આપણા નિર્ણય મુજબ આચરણ થાય.

### સેવકોના સંગઠનમાં સત્તાધારી કોઈ નહીં

એટલે તો સવાલ ઊઠે છે કે શું થોડા લોકો આજ્ઞા કરનારા હશે અને બાકીનાઓએ એમની આજ્ઞા મુજબ ચાલવાનું રહેશે? આ સવાલનો જવાબ આપણે ખોળવાનો છે. આજે દુનિયામાં ઘણાં અહિંસક સંગઠન છે. મૂળમાં સમાજવાદીઓના સંગઠનનો આરંભ થયેલો તે આ જ ભૂમિકાથી થયો હતો. કે એમાં authority—સત્તાધારી કોઈ ન હોય. આપણે ત્યાં આ પ્રકારનો પ્રયત્ન Servants of India Societyની સ્થાપના વખતે ગોખલેએ કર્યો હતો. ગોખલે આ દેશના ઊંડી સૂઝવાળા નેતાઓમાંના એક હતા. એમના માર્ગદર્શક ગુરુ રાનડે હતા. એમના જેવું ભવ્ય દર્શન દેશમાં બીજા બહુ થોડા લોકોનું રહ્યું છે. એમ કહી શકાય કે આપણા દેશના આજના મોટા ભાગના વિચારપ્રવાહોનાં મૂળ રાજા રામમનોહર રાય અને રાનડેના દિમાગમાંથી નીકળ્યાં છે. ગોખલેએ જ્યારે Servants of India Societyની સ્થાપના કરી ત્યારે એમણે એક વાત એ કહેલી કે હું રાજનીતિનું અધ્યાત્મીકરણ કરવા માગું છું, રાજનીતિને, સાર્વજનિક જીવનને અધ્યાત્મની દિશામાં વાળવા માગું છું. તમને ખબર હશે કે રાનડે ઈશ્વરનિષ્ઠ હતા, અધ્યાત્મનિષ્ઠ હતા. પરંતુ ગોખલે પોતે ક્યારેય નહોતા કહેતા કે હું ઈશ્વરમાં

માનું છું, હું ઈશ્વરનો ભક્ત છું, કયારેય ઈશ્વરની ઉપાસના વગેરે બહુ નહોતા કરતા. છતાંયે એમનું એક વાક્ય છે કે હું રાજનીતિને અધ્યાત્મની દિશામાં વાળવા માગું છું, તેથી મારી સંસ્થામાં કોઈ પદાધિકારી નહીં હોય, બધા જ સેવક હશે. એમની એ સંસ્થામાં પહેલાં કોઈ અધ્યક્ષ કે મંત્રી નહોતા રહેતા, શાસ્ત્રી અને કુંઝરુ તો બાદમાં થયા. પરંતુ શરૂશરૂમાં તો કોઈ પદાધિકારી નહોતા. પ્રથમ સભ્ય, જ્યેષ્ઠ સભ્ય એમ કહેવાતા.

આવી જ રીતે સમાજવાદી અને સામ્યવાદી સંગઠનમાં સંયોજક રહેતા, અધ્યક્ષ ને મંત્રી નહીં. આપણા દેશમાંયે જ્યારે કોંગ્રેસ સમાજવાદી પક્ષની સ્થાપના થઈ ત્યારે એના પ્રમુખ નહોતા, કેવળ સંયોજક હતા. જો કે આ તો સંગઠનના બાહ્ય આકારની વાત છે. એમાં વાસ્તવિકતા લાવવી તો જે લોકો સંસ્થા ઊભી કરે છે એમના ચિત્તની મનોવૃત્તિ પર નિર્ભર રહે છે. સંગઠનના ઔપચારિક માળખામાં ભાવાત્મક આશય ત્યારે ઊભરી શકો છો, જ્યારે તમારા ખુદના હૃદયમાં એવો આશય હોય. તમારા દિલ ને દિમાગમાં જો એ ન હોય તો દુનિયાના સારામાં સારા સંગઠનને પણ માણસ બગાડી શકે છે. આજ સુધી માણસોએ આવી રીતનાં સંગઠન બગાડયાં પણ છે. એટલે જ્યારે આપણે વિચારીએ છીએ કે અહિંસક સંગઠનમાં શું કોઈ પદાધિકારી હશે, ત્યારે એ બાબતમાં જરા ઊંડાણથી વિચારવું પડશે.

### સત્તા અને પ્રામાણ્યબુદ્ધિ

અંગ્રેજીમાં બે શબ્દ છે: એક Power અને બીજો Authority. એનો યથાર્થ અનુવાદ થઈ નથી શકયો. પરંતુ હું Powerને 'સત્તા' કહું છું અને Authorityને 'પ્રામાણ્યબુદ્ધિ' કહું છું. સંસ્કૃતમાં સત્તાનો વ્યાપક અર્થ છે. આપણે એનો પ્રયોગ સામાન્ય રીતે Powerના અર્થમાં કરીએ છીએ. પ્રામાણ્યબુદ્ધિમાં એક શરત છે. પ્રમાણની સ્થાપના માણસની સ્વયંપ્રેરણાથી થાય છે. જેને મેં મારી સ્વતંત્ર બુદ્ધિથી પ્રમાણ

જેટલું જાણે એને વહેંચતો જાય તો એનું પોતાનું જ્ઞાન વધે છે.

આજનો આપણો વિષય છે "સમાજપરિવર્તન અને અહિંસક સંગઠન." આનાં બે પાસાં છે. એટલે વ્યાખ્યાનના બે વિષય બનાવ્યા'તા. અહિંસાની પ્રક્રિયામાં આ બે ભિન્ન વિષયો કે પ્રક્રિયાઓ નથી. જેવી રીતે એક જ સિક્કાનાં બે પાસાં હોય તેમ એ પણ એક પ્રક્રિયાનાં બે પાસાં છે. એટલે જેને સંગઠન અને સમાજપરિવર્તનની પ્રક્રિયા કહેવાય છે, તે બે પાસાં છે, બે ભિન્ન ભિન્ન પ્રક્રિયાઓ નથી. એટલે જ ગાંધીજીએ શરૂઆતમાં જ આપણને સમજાવ્યું 'તું કે મારો વિધાયક રચનાત્મક કાર્યક્રમ અને સત્યાગ્રહનો કાર્યક્રમ કે પ્રતિકારનો કાર્યક્રમ એ બન્ને ભિન્ન ભિન્ન પ્રક્રિયાઓ નથી પણ એક જ પ્રક્રિયાનાં બે પાસાં છે. આમાંથી એક પણ પૂર્ણ થઈ જાય તો બીજાની આવશ્યકતા નથી રહેતી.

### ગાંધીનો અસહયોગ કાર્યક્રમ
### એ વિધાયક ભાવરૂપ પ્રક્રિયા હતી

એસ. ઈ. સ્ટોકસ નામનો અમેરિકન સીમલા પાસે રહેતો'તો. ત્યાં જ એક પહાડી સ્ત્રી સાથે લગ્ન કરી લીધાં હતાં. ગાંધીને તેણે કાગળ લખ્યો હતો કે તમારો અસહયોગ નિષેધાત્મક છે. તમે નિષેધાત્મક આંદોલન કેમ કરો છો? તમારી ભૂમિકા એક નીતિમાન, આધ્યાત્મિક અને ધાર્મિક પુરુષની છે. એટલે નિષેધાત્મક આંદોલન ન કરવું જોઈએ. ગાંધીએ જવાબ આપ્યો કે મારો અસહયોગ નિષેધાત્મક નહીં, વિધાયક છે. આ પ્રક્રિયા ભાવરૂપ છે. એ વાત જુદી છે કે અમે, એ વખતની કોંગ્રેસે, ગાંધીના સાથીઓએ, અસહયોગનો અંગીકાર આયુધના રૂપમાં કર્યો. પણ ગાંધી માટે તો તે જીવનવિકાસનું સાધન હતું. એ વખતે અમે એ દૃષ્ટિએ એનો સ્વીકાર ન કર્યો. એ રીતે કર્યો હોત તો કદાચ ચીનના મામલામાં જે માનસિક મૂઝવણ પેદા થઈ, જબલપુર અને આસામમાં જે કાંડ થયા, એ થવા છતાંય આપણા મનમાં તેની મૂંઝવણ કે સંદેહ ન

રહેત. આજે આપણે અસમંજસમાં રહીએ છીએ એનું કારણ એ છે કે આપણે યુદ્ધના આયુધના રૂપમાં ગાંધીના કાર્યક્રમનો અંગીકાર કર્યો, સંઘર્ષના શસ્ત્રના રૂપમાં કર્યો. પણ એમના પોતાના મનમાં આવો ભેદ નહોતો. એટલે એ હમેશાં કહ્યા કરતા કે ખાદી, અસ્પૃશ્યતા-નિવારણ, હિંદુ-મુસ્લીમ ઐક્ય જ મારું સ્વરાજ છે. એમના મનમાં એ ભેદ કદી નથી થયો કે આ મારો વિધાયક કાર્યક્રમ અને આ બીજો વિધ્વંસક તો નહીં પણ નિષેધાત્મક, પ્રતિકારાત્મક કાંર્યક્રમ છે. આવો ભેદ એમના મનમાં નહોતો. આરંભમાં જ મેં આનો ઉલ્લેખ કેમ કર્યો? એટલા માટે કે આ બે વિષયો—'સમાજપરિવર્તન ને અહિંસક સંગઠન'ને આપણે એક કરીએ છીએ એનું કારણ બતાવવા જ મેં આ યાદ દેવડાવી.

## સંગઠનમાં સત્તા અને અધિકાર

સંગઠનનું નામ આવતાં જ મનમાં અધિકાર, સત્તા અને સત્તાના પ્રયોગ માટે નિયંત્રણ એ કલ્પના આવે છે. એક સમાજશાસ્ત્રીએ કેટલાક દિવસ પહેલાં એક સૂત્ર આપ્યું : Who says organisation says oligarchy—જે કોઈ સંગઠનનું નામ લે છે તે અસલમાં વિશિષ્ટ લોકોની સત્તાનું પ્રતિપાદન કરે છે. કેટલાંક ચૂંટેલાં થોડાં માણસોની સત્તા હોય, મતદાનનો અધિકાર સાર્વત્રિક હોય અને સત્તા થોડા ચૂંટેલા લોકોના હાથમાં હોય, આમનું નિયંત્રણ થાય, નિયમન થાય અને આ નિયામક હોય, નિયંત્રક હોય અને જેનું નિયમન થાય, જે નિયંત્રિત લોક છે એ સાધારણ લોક હોય. સંગઠનની આજ સુધીની કલ્પના આ પ્રકારની છે. એને રાજનીતિ કહે છે. જેમાં Authority—સત્તા અને obedience—આજ્ઞાંકિતતા હોય છે. કેટલાક લોકો આજ્ઞા કરે છે અને ઘણા લોકો આજ્ઞાપાલન કરે છે. થોડા લોકો નિર્ણય કરે છે, અધિક લોક એ નિર્ણય પર અમલ કરે છે. આને લોકો સંગઠન કહે છે.

તમે જાણો છો કે લોકતંત્ર આનીય વિરુદ્ધ છે. લોકતંત્ર એટલે

આઝાદ રહેવાને લાયક નથી. માણસે પોતાનાં કર્મોની જવાબદારી પોતે જ સ્વીકારી હોવી જોઈએ, એને ભગવાન પર કે બીજા કોઈ પર ન નાખી શકાય. આ જવાબદારી કોના પ્રત્યે ? અધ્યાત્મ ઉત્તર આપશે કે તું તારાં ભલાબૂરાં કર્મ માટે જેની સાથે તું રહે છે એના પ્રત્યે જવાબદાર છે. જે વ્યક્તિઓ સાથે, જે સમાજ સાથે તું રહે છે એના પ્રત્યે તારી જવાબદારી છે. આ જવાબદારી ટાળી શકાય નહીં.

મનુષ્યની આ મૂળભૂત સ્વતંત્રતા છે. આ મૂળભૂત સ્વતંત્રતાનો આધાર મનુષ્યની એકતા અને એના બંધુત્વ સિવાય બીજો કંઈ હોઈ જ ન શકે. આ મનુષ્યની એકતાનું વિજ્ઞાન છે. એ જ અધ્યાત્મ કહેવાયું છે. આટલું અધ્યાત્મ આપણે સમજી શકીએ છીએ, ઓછામાં ઓછું આટલું આપણા કામનું છે. એનાથી ઉપરનું આપણાથી પર છે. કદાચ એને માટે આપણી પાત્રતા નથી.

***

[ આ યુગ ધર્મ સંપ્રદાયનો નહીં, અધ્યાત્મનો છે. જીવનના ઉપાદાનની ખોજને હું અધ્યાત્મ કહું છું. મનુષ્યનું જીવન કયા દ્રવ્યનું બન્યું છે, એની એ ખોજ છે. એ ખોજમાંથી એક વાત નિષ્પન્ન થાય છે કે માણસનું જીવન સંબંધોનું બનેલું છે અને સંબંધોનો આધાર, આશય અને મૂળભૂત દ્રવ્ય સ્નેહ છે. વિકાર-વાસના જેટલાં ઓછાં એટલો સ્નેહ વધુ વિકસિત, વધુ પરિશુદ્ધ. વિજ્ઞાન દ્વારા એવી પરિસ્થિતિ નિર્માણ કરવી છે, જેમાં વિકાર-વાસના સારુ અવસર ઓછો હોય અને સ્નેહના સ્વાભાવિક પ્રવાહ વચ્ચે કોઈ વિઘ્ન ન હોય સૃષ્ટિ સાથે જ્યારે સંબંધ પ્રસ્થાપિત થાય છે ત્યારે સૃષ્ટિ પણ જીવનની વિભૂતિ બની જાય છે. વસ્તુમાત્ર જીવનની વિભૂતિ બની જાય છે. એટલે એના દુરુપયોગમાં એનું અપમાન અને માણસની અસભ્યતા છે. પરિશ્રમ પણ જીવનની વિભૂતિ છે. જે પરિશ્રમથી માણસનું જીવન સંપન્ન બને તે આધ્યાત્મિક પ્રક્રિયા છે. જીવન પ્રત્યેનો આદર અને જીવમાત્રની એકતાની અનુભૂતિ એ જ અધ્યાત્મ છે. ]

: ૭ :

# અહિંસક સંગઠન

ભાષણોનો જે ક્રમ ત્રણ-ચાર દિવસથી ચાલી રહ્યો છે, એની આજે સમાપ્તિ કરવી છે. મારાથી બન્યું છે ત્યાં સુધી તો પોતાને અલગ રાખીને મારું અધ્યયન આપની સેવામાં ઉપસ્થિત કરું એવો પ્રયત્ન રહ્યો છે. એટલે જેટલું જાણું છું, એટલું જ આપની સેવામાં નિવેદન કરું છું. કાલે અધ્યાત્મના વિષયમાં પણ જે નહોતો જાણતો એનો ઉલ્લેખ નથી કર્યો. જેટલું હું સ્વયં જાણું છું એટલું જ તમારી સેવામાં ઉપસ્થિત કરું, એ મારું કામ છે. મર્યાદા એટલી જ છે કે જેટલું જાણું છું એટલું કહું છું, પણ જેટલું કરું છું એટલું કહેતો નથી. જેટલું હું કરું છું એટલું જ કહું તો કાં તો હું ગુરુ બની જાઉં કે નેતા થઈ જાઉં પણ વિદ્યાર્થી જિજ્ઞાસુ ન થઈ શકું. એટલે જેટલું જાણતો'તો એટલું જ તમારી સામે મૂક્યું.

કાલે મેં મનોવૈજ્ઞાનિક જંગનું નામ લીધું'તું. જંગે પોતાને વિષે કહ્યું છે કે આટલા દિવસોના અનુભવ પછી હું એ પરિણામ પર આવ્યો છું કે ઈશ્વર છે. અને એ વિષે હું જેટલું જાણું છું એટલું જ કહું છું. એટલે એમાં શ્રદ્ધા અને વિશ્વાસનો કોઈ સવાલ જ નથી. હું શ્રદ્ધાપૂર્વક ઈશ્વરને નથી જાણતો, પણ હું જાણું છું કે તે છે. આમ જેટલું જાણું છું. એટલું તમારી સામે મૂકું છું. એનાથી અધિક જાણતો હોત તો તે પણ તમારી સેવામાં ઉપસ્થિત કરત. માણસ જેટલું જાણે છે એટલું વ્યક્ત થવું જોઈએ. વધારે જ્ઞાન મેળવવાનો આ જ કીમિયો છે.

માની લીધું હોય તે મારે માટે Authority બને છે. હું આ નિરપેક્ષ પ્રામાણ્યની વાત કરું છું, વિભૂતિવાદની નહીં. એક માણસને એક કામ સારુ આપણે આપણો નેતા બનાવ્યો. અર્થાત્ એ કામની જવાબદારી એને સોંપી, એનાથી વિશેષ અર્થ એનો નથી. એ આપણી બરોબરીનો માણસ છે, જેને એક કામની જવાબદારી સોંપી દીધી. આપણે સ્વેચ્છાએ, સ્વયંપ્રેરણાથી જે વ્યક્તિને આવી જવાબદારી સોંપી એને પ્રમાણ માનીએ છીએ. એનો અર્થ એવો નહીં કે આપણે એને પૂછીએ જ નહીં, એની કંઈ ટીકા પણ નહીં કરીએ. ( આ ટીકા અને વિરોધમાં ફરક છે. ટીકા હમેશાં સહાયક હોય છે અને વિરોધ હમેશાં વિધ્વંસક હોય છે. વિરોધમાંથી સંઘર્ષ પેદા થાય છે અને ટીકામાંથી સહયોગ પેદા થાય છે. ટીકા વિધાયક હોય છે. વિરોધ વિધાયક નથી હોતો, એ પ્રતિપક્ષીને મહાત કરવા માગે છે. ટીકામાં પ્રતિપક્ષી કોઈ નથી હોતો, એમાં કોઈને મહાત કરવાની ભાવના નથી. જ્યાં ત્રુટિ રહી ગઈ હોય, દોષ રહી ગયા હોય એનું નિવારણ કરવાનું હોય છે, એ ત્રુટિની પરિપૂર્તિ કરવાની હોય છે. આમ કરવામાં ટીકા મદદગાર થાય છે. ) ટીકા કરવામાં પ્રામાણ્ય બાધક નથી બનતું.

આજે સામ્યવાદીઓથી માંડીને ભૂદાન અને સર્વોદયના કાર્યકર્તાઓનાં જે સંગઠનો છે એ બધાંમાં સત્તાવાદ અને બંધારણવાદનો ચંચુપ્રવેશ થઈ ચૂક્યો છે. આમાં કોઈ કોઈથી ચઢિયાતો છે એમ ન માનતા. ગઈ કાલે બપોરે શિબિરમાં આદરણીય શ્રદ્ધેય શ્રી જુગતરામભાઈનું ભાષણ થયેલું, તેમાં તેઓએ પોતાની રોચક શૈલીમાં અને બહુ ઉદ્બોધક અને સુબોધ ભાષામાં એ બતાવેલું કે અહિંસક સંગઠનમાં કઈ કઈ ચીજ નથી આવતી. શબ્દો મારા છે. એમના ભાવને મારા શબ્દોમાં આપણી સમક્ષ રજૂ કરું છું. જ્યાં બંધારણવાદ અને સત્તાવાદ આવે છે ત્યાં અધિકારની, સત્તાની સ્પર્ધા પ્રવેશે છે. ત્યાં અહિંસા નિઃશેષ બની જાય છે. અહિંસા સારુ પછી એમાં અવસર નથી રહેતો કેમ કે દરેક માણસ

નિયમોનો આધાર ખોળે છે, એકમેકનો આધાર નથી ખોળતો. જ્યારે આપણે પરસ્પર નિર્ભર નથી રહેતા અને પરસ્પર નિર્ભરતા છોડીને નિયમોનો આશરો લઈએ છીએ ત્યારે અહિંસાની ભૂમિકા પરથી વિચલિત થઈ જઈએ છીએ. કોંગ્રેસમાં તો આ દૂષણ ઘણા વખત પહેલાંથી આવી ગયું, બાપુ જીવતા જ એની શરૂઆત થઈ ગયેલી અને હવે બીજી સંસ્થાઓમાં પણ એ આવી ગયું છે. બાપુની એ વિશેષતા હતી કે તેઓ સંસ્થાઓથી ઉપર ઊઠતા હતા. જ્યારે એવો પ્રસંગ આવે ત્યારે કાં તો તે સંસ્થાથી દૂર થઈ જતા અને જો એમના હાથની વાત હોય તો એ સંસ્થાનું વિસર્જન કરતા. તેઓ માનતા કે હવે એ સંસ્થાના જીવનની પરિસમાપ્તિ થઈ ગઈ, હવે એમાં કોઈ પ્રાણ નથી રહ્યા; તેથી એના ખોળિયાને જાળવવાનો કાંઈ અર્થ નથી. આવું તો એવી સંસ્થાઓ બાબતમાં કરતા જેમનું બધુંયે સંચાલન એમના હાથમાં રહેતું. પરંતુ જ્યાં બધું સંચાલન એમના હાથમાં ન હોય ત્યાં પોતે એ સંસ્થાથી દૂર થઈ જતા. પરંતુ આ રિસાઈ ને નહીં. જેટલી જેટલી સંસ્થાઓથી દૂર થયા એમની સાથે એમણે અસહકાર નથી કર્યો.

### સાર્વત્રિક સહયોગની નીતિ

અહિંસક સંગઠનમાં એક બહુ મોટી મર્યાદા છે. એમાં બહિષ્કાર, અસહયોગ કેવળ બૂરાઈ સાથે થાય છે. જે સંગઠનની ભૂમિકા જ દૂષિત હોય એનો જ વિરોધ થાય છે, બાકી નીતિ સાર્વત્રિક સહયોગની હોય છે. પરંતુ બહાર સાર્વત્રિક સહયોગ હોય અને અંદર સાર્વત્રિક અસહયોગ, એવી પરિસ્થિતિ ત્યાગી, તપસ્વીઓની સંસ્થાઓમાં ક્યારેક પેદા થતી હોય છે. ત્યાગી અને તપસ્વીઓમાં મેં એ એક જોયું છે કે તેઓ વાઘ ને સિંહની જેમ રહે છે, એમનામાં સોબત ને દોસ્તી કંઈક ઓછી જોવા મળે છે. તેઓ એકમેકના માત્ર સમાલોચક જ નહીં, પરીક્ષક પણ બની જાય છે. અને જે પરીક્ષક બને છે તેણે દોષદર્શનનું ધ્યાન અધિક રાખવું પડે છે. બે વ્રતધારી જો એકસાથે રહેતા હોય તો એકમેકનું ધ્યાન વિશેષ

રાખવાના. દાખલા તરીકે હું ને મારો મિત્ર બંને વ્રતધારી છીએ. વ્રત એ છે કે ગાયનું જ ઘી-દૂધ લઈશું અને રોજ અડધો કલાક કાંતીશું. હવે જો હું આમાં પ્રમાદી બનું ને કયારેક ભેંસનું ઘી-દૂધ લઈ લઉં યા તો કયારેક કાંતવાનું રહી જાય તો મારો સાથીદાર તુરત મને ટોકશે. એ અત્યંત જાગરૂક છે. પરંતુ એની જાગરૂકતાનું પરિણામ શું આવે છે? એને મારી મુક્તિની ચિંતા પોતાની મુક્તિ કરતાંયે અધિક છે. એ અન્યના હિતની ચિંતા કરનારો છે. તેથી પોતે કાંતે છે, ગાયનું જ ઘી-દૂધ ખાય છે, પરંતુ એનું ચિંતન હમેશાં એ વાતનું જ હોય છે કે મારો સાથી આ બધું કરી રહ્યો છે કે નહીં. આ મનોવૃત્તિમાંથી વ્રતનિષ્ઠા, તપસ્યા, ત્યાગ જરૂર વધી શકે છે પણ ચિત્તની ઉદારતાનો વિકાસ એમાંથી નથી થતો.

આજે આપણાં જેટલાં સંગઠનો છે, જેમને આપણે પાવિત્ર્યવાદી માનીએ છીએ, એ પાવિત્ર્યવાદી સંગઠનોમાં આપણે કંઈક એકમેકના પરીક્ષક, ઉપદ્રષ્ટા બની ગયા છીએ, Superviser બની ગયા છીએ. આ મનોવૃત્તિ કરતાં તો બંધારણની વૃત્તિ ઓછી ભયાનક છે. આ વૃત્તિને લીધે જે નિરીક્ષણ કરે છે એનોયે હ્રાસ થાય છે અને જેનું નિરીક્ષણ કરે છે એના વ્યક્તિત્વનોય હ્રાસ થાય છે. મારા એક મિત્રે એક મહાપુરુષને પોતાના ગુરુ બનાવ્યા. એમને ગુરુ બનાવતાં પહેલાં કહ્યું કે પંદર દિવસ સુધી ચોવીસે કલાક તમારી સાથે રહીશ. તમારા જીવનનું કોઈ પણ અંગ એવું ન હોય જેને હું ન જોઈ શકું. સતત જાગરૂકતાપૂર્વક દરરોજ ચોવીસે કલાક લાગલાગટ પંદર દિવસ સુધી તમારા જીવનનું નિરીક્ષણ કરીશ. એ મહાન પુરુષ અનાસક્ત હતા. પોતાની મસ્તીમાં, સમાધિમાં મગ્ન રહેતા હતા. એમણે કહ્યું કે તમારી ઈચ્છા પ્રમાણે કરો. પછી એ મને કહેવા લાગ્યા કે હવે તમારી સાથે આવી રીતે રહેવા માગું છું. તો મેં કહ્યું કે મેં તમારો એવો તે શું અપરાધ કર્યો છે કે તમે મારા પર

આવો અત્યાચાર કરવા માગો છો ? હું શાને તમારી આવી પરીક્ષામાં બેસું ? તમે અત્યાચારી છો, આક્રમણશીલ છો. આવી રીતે તમારી સાધનાની પ્રગતિ ન થઈ શકે, તમારા વિચારોનો વિકાસ ન થઇ શકે અને તમારા વ્યક્તિત્વમાંયે કોઇ સારા ગુણ ન આવી શકે.

### ચિત્તની સ્નેહમૂલક ઉદારતા

આજનું આપણું સહજીવન જે કલુષિત છે, ખાસ કરીને એ લોકોનું જેઓ પોતાને ગાંધીના અનુયાયી માને છે, સર્વોદયના અનુયાયી માને છે, તેઓમાં આજે તમને જે એક જાતનો સંગઠનનો અભાવ જોવા મળે છે, તેનું મુખ્ય કારણ એ છે કે આ જે એક ચિત્તની સ્નેહમૂલક ઉદારતા હોય છે, એ ચારિત્ર્યના ગુણનો એમનામાં મહદ અંશે અભાવ છે. આ કોઈ Cultivated –ઉપજાવી કાઢેલી, ઔપચારિક ઉદારતાની વાત નથી કરતો પણ સભ્ય ઉદારતાની વાત કરું છું. જેને સહિષ્ણુતા કહે છે અને એ ચારિત્ર્યનો ગુણ છે. એ સભ્ય સમાજના વ્યવહારની મર્યાદા છે, શિષ્ટાચાર છે. એકાદશવ્રતમાં ગાંધીજીને કહેવામાં આવ્યું કે નમ્રતાનોય એમાં સમાવેશ કરો. તો એમણે કહ્યું કે નમ્રતાનો વ્રતમાં સમાવેશ કેવી રીતે કરી શકાય ? નમ્રતા વિના તો આરંભ જ ન થઈ શકે, નમ્રતાનો વિકાસ નથી થતો, એ તો ચિત્તની એક ભૂમિકા છે, જે પ્રારંભિક ભૂમિકા વ્રતસાધના સારુ અનિવાર્ય છે. એ જો ન હોય તો વ્રતનો આરંભ જ ન થઈ શકે.

ચિત્તની સ્વાભાવિક ઉદારતા જ્યાં ન હોય ત્યાં અહિંસક સંગઠન ન થઇ શકે. તેથી અહિંસક સંગઠનમાં ઔપચારિકતા ઓછી હોય છે, નિયમ અને નિયંત્રણ ઓછામાં ઓછાં હોય છે અને મર્યાદા વધુમાં વધુ હોય છે. એને તમે સંયમ કહો, આત્મનિયંત્રણ કહો, આત્મમર્યાદા કહો, ગમે તે નામે બોલાવો. બીજાના જીવન સારુ મારા મનમાં ચિંતાયુક્ત આદર હોય છે, એમાંથી મર્યાદા આવે છે. બીજાના જીવન માટે ચિંતાયુક્ત

આદરને અહિંસાનો પાયો કહે છે. અહીંથી સંસ્કૃતિ અને સભ્યતાનો આરંભ થાય છે. એ અહિંસાનો આત્મા છે. તેથી તમારે ને મારે માનવું પડશે કે જે કાંઇ અહિંસક સંગઠન થશે તે બંધારણમૂલક નહીં હોય. તે વ્યક્તિકેન્દ્રિત પણ ન હોઇ શકે, વ્યક્તિનિષ્ઠ હોવાનું. અને આ વ્યક્તિનિષ્ઠા પરસ્પરનિષ્ઠાની હોય છે. જેઓ સંગઠનમાં સામેલ છે તેઓ એકબીજાના દોષ જુએ છે, પ્રમાદ પણ જુએ છે પરંતુ એકબીજા સારુ એમના મનમાં સંદેહ નથી, એકબીજાના આશય વિશે શંકા નથી. કોઇ એમ નથી માનતું કે આ જાણી જોઇને ભૂલ કરે છે.

### પરસ્પર પ્રામાણિકતાનો પ્રત્યય

તમે જાણો છો કે અંગ્રેજો વિશે પણ ગાંધીએ આમ નહોતું કહ્યું. એ તો છેલ્લે સુધી એમ જ કહેતો રહ્યો કે સામેની વ્યક્તિ જે કાંઇ કહે છે એના શબ્દો પર હું વિશ્વાસ રાખીશ. એ વખતે મારી સામે એના શબ્દો હશે, એનો ઇતિહાસ નહીં હોય. બીજા રાજદ્વારી નેતાઓ અને ગાંધીમાં આ પાયાનો ફરક રહ્યો છે. લાલા લજપતરાયે કહ્યું કે We have more faith in the words of a grocer than in the words of government— એક દુકાનદારના શબ્દો પર પણ આપણને સરકારના શબ્દો કરતાં વધારે વિશ્વાસ છે. ગાંધીએ તો કહ્યું કે એનો ઇતિહાસ મારી સામે નહીં હોય. જે વખતે તે જે કહેશે, એને લઇને હું તો ચાલીશ. આનું પરિણામ એ આવ્યું કે ગાંધી અને અંગ્રેજોનો વાઇસરોય બંને નિર્ભયતાપૂર્વક એકમેક સાથે બેસી શકતા હતા, ચા પી શકતા હતા અને પ્રસંગ આવ્યે એકાંત જંગલમાં અંધારામાં પણ એકસાથે બેસી શકતા હતા. આ અહિંસા હતી.

આપણે આપણા સાથીઓના મનમાં આપણી પ્રામાણિકતા અંગે આટલો પ્રત્યય જો પેદા ન કરી શકીએ તો તે અહિંસા નથી. અને એ વિના તો બંધારણ પણ આવશે, બંધારણના નિયમ પણ આવશે, પણ એનાથી એ અહિંસક સંગઠન નહીં બને. કોઇક

મહાપુરુષ સંગઠનનો નિયંતા હશે તો એ સંગઠન વિભૂતિનિષ્ઠ બની જશે. એમાં cult of personality આવી જાય છે. આવી વિભૂતિનિષ્ઠાથી બચવાનું એકમાત્ર સાધન આવો પરસ્પર પ્રામાણિકતાનો પ્રત્યય છે, એ સિવાય બીજો કોઇ નુસખો નથી. તમે મને એમ પૂછો કે આવો પ્રત્યય કેમ પેદા કરી શકાય તો તેને માટેય કોઇ નુસખો નથી. એ દરેકે પોતે સાધવાની વસ્તુ છે. દુનિયામાં આજ સુધી એને માટે કોઇ નુસખો નથી નીકળ્યો. દુનિયાભરમાં આજે નીરોગિતાની, આરોગ્યની વ્યવસ્થા થઇ ગઇ છે, પરંતુ આરોગ્યમાંથી સાબૂત દિલ કેમ પેદા નથી થયું ? શરીર સાબૂત થઇ ગયું એટલા માત્રથી સાબૂત દિલ અને દિમાગ પેદા નથી થયાં.

### વિકાર માટે ઓછો અવસર, ગુણ માટે પૂરતી તક

એક સમાજશાસ્ત્રીએ કહ્યું કે બીમારી સાથે અમારે કોઇ ઝઘડો નથી, આ જે બીમારીના જંતુઓ છે એ માણસના વેરી નથી. તો પછી માણસના વેરી કોણ છે ? It is his pride, his prejudice, his stupidity—એનો અહંકાર, એનો પૂર્વગ્રહ, એની મૂર્ખતા. તમને ખબર હશે કે પશ્ચિમના દેશોમાં આજે દાક્તર લોકો જે સારવાર કરે છે તેની સાથે મનોવિજ્ઞાન, નીતિવિજ્ઞાન અને અધ્યાત્મનેય મેળવે છે. ચિકિત્સાવિજ્ઞાનનું આ અદ્યતન વલણ છે. જેને અધ્યાત્મ કહે છે એમાં મનોવિજ્ઞાન અને નીતિવિજ્ઞાનનો પણ સમાવેશ થવો જોઇએ. આપણે લોકો જેઓ પોતપોતાની સંસ્થામાં છીએ, એમણે આ તરફ વધુ ધ્યાન આપવું જોઇએ.

અહિંસક સંગઠન એ સંગઠન છે, જેમાં વિકારને પ્રગટવા માટે ઓછો અવસર હોય અને ગુણોને પ્રગટ થવા માટે વધુ મોકો હોય. પરંતુ એ અવસર કોણ આપશે ? સંગઠન. દરેક સભ્ય અવ્યક્ત નથી. એમ તો કહી દેવાય છે કે અહીં અમારે સારુ કોઈ અવસર નથી, કોઇ પ્રકારની અનુકૂળતા નથી. તો સંગઠન અવ્યક્ત થઈ જશે, જે

કોઈનું નથી. અવસર નથી તો કેમ નથી? મને ઘણા કહે છે કે જવાહરલાલ અને એમના સાથી મોકો નથી આપતા. એનો અર્થ શો? શું એમનો આપેલો મોકો તમને કામ આવશે? જેને તક આપી શકાય છે એની પાસેથી એ છીનવી પણ શકાય છે. ગાંધી, તિલક, શેરપા તેનસિંગ શું એમ કહે છે કે અમને તક નથી અપાતી? તક અપાવાનો અર્થ શો? કોઈ માણસનો હાથ પકડીને એવરેસ્ટ પર ચઢાવી દેવાનો અર્થ તક આપવી થાય?

### અનુશાસન નહીં, આત્મમર્યાદા

અહિંસક સંગઠનમાં અવસર એકમેક પાસેથી અનાયાસ પ્રાપ્ત થાય છે. એકમેક સારુ અવસર ઉપસ્થિત કરી દેવાનું કામ એ સંગઠનની બધી વ્યક્તિઓ કરે છે. હું અહીં જાણી જોઈને વ્યક્તિ શબ્દનો ઉપયોગ કરું છું. સભ્યપદમાં વ્યક્તિત્વ વિલીન થઈ જાય છે. થવું તો ઊલટું જોઈએ કે સભ્યપદ વ્યક્તિત્વમાં સમાઈ જવું જોઈએ અને અંતમાં સભ્યપદ અને વ્યકિતત્વ બંને એકરૂપ થઈ જવાં જોઈએ. આપણે તો ડગ માંડવા છે સભ્યપદથી માનવતાની તરફ. સભ્યપદ માનવતાને વિભાજિત કરે છે, પરિમિત કરે છે. સભ્યપદ જ્યારે વ્યાપક બને છે, ત્યારે તે માનવતામાં વિલીન થઈ જાય છે. આ પગલાં આપણને ઔપચારિકતા, સંસ્થાવાદ અને વ્યકિતનિષ્ઠ કે દંડનિષ્ઠ સંગઠન તરફથી એવા સંગઠન તરફ લઈ જાય છે, જેમાં disciplinary action—શિસ્તનાં પગલાં ઓછાં છે. આજે અમારા જેવી સંસ્થામાં શિસ્તનાં પગલાં શું હોઈ શકે? કોંગ્રેસ કે પ્રજાસમાજવાદી પક્ષમાંથી બહાર કાઢી મૂકી શકાય પણ અહિંસામાંથી, સર્વોદયમાંથી કોણ કોને કાઢી શકે? એક વ્યકિતને હું ના કહું કે સર્વોદયનું કામ કરવાનો અધિકાર તને નથી તો તે મને કહેશે કે શું એ તમારો એકલાનો ઇજારો છે? તમે કોણ મને આમ કહેનારા? અને એનું આમ કહેવું સાચું છે. દાદા કૃપલાણી કાલે જો અમને કહે કે આ હું જે કહું છું એ શું ગાંધીનો વિચાર, સર્વોદયનો વિચાર નથી? અને તમે અને વિનોબા

જે કહો છે એ જ શું ગાંધીનો વિચાર છે? હા, આપણે એમ કહીએ કે આ જ ગાંધીનો વિચાર છે તો નમ્રતાપૂર્વક પોતાની નિષ્ઠા વ્યકત કરવી એ એક ચીજ છે. પરંતુ કાલે ઊઠીને આપણે જો એમ કહીએ કે તમારો વિચાર ગાંધીનો વિચાર નથી, તો તે અહંવાદ થશે.

તેથી મેં તમને કહ્યું કે અહિંસક સંગઠનમાં અનુશાસન નથી હોતું, મર્યાદા હોય છે. મર્યાદાનો વિકાસ આપણે જેટલો કરી શકીશું, અનુશાસન એટલું ઓછું થશે. પહેલાં તો મેં કહેલું કે રાજનીતિમાં શાસન હોય છે, લોકનિતિમાં અનુશાસન. હવે હું એનાથી આગળ જઈ રહ્યો છું. હું તમને એ કહી રહ્યો છું કે અહિંસક સંગઠનમાં અનુશાસન નથી હોતું, મર્યાદા હોય છે. અને મર્યાદા એકમેકની પ્રતિષ્ઠામાં છે, સ્વયંપ્રતિષ્ઠામાં નહીં. હું તમારી પ્રતિષ્ઠાનો ખ્યાલ રાખું છું અને તમે મારી પ્રતિષ્ઠાનો ખ્યાલ રાખો છો. એવી રીતે એકબીજાની પ્રતિષ્ઠાનું અભિભાવન, સંરક્ષણ જ્યાં થાય છે ત્યાં અહિંસક સંગઠનનો વિકાસ થાય છે. આપણે આટલું નથી કરી શકયા. નમ્રતાપૂર્વક આપણી આ ઊણપનો સ્વીકાર કરી લેવો જોઈએ, અને એ દિશામાં ડગ માંડવાં જોઈએ.

### પરસ્પર નિષ્ઠા હૃદયપૂર્વકની હોય

પરંતુ એકમેક સારુ મનમાં વિશ્વાસ હોવો એનો અર્થ એ નહીં કે ગાંધીએ કહ્યું છે કે બીજા માણસના શબ્દમાં વિશ્વાસ રાખો એટલે ભાઈ, અમારે તો રાખવો જ પડશે. અંદરથી તો એવો પ્રત્યય છે નહીં પણ ગાંધીએ શીખવ્યું છે એટલે રાખીએ છીએ. આ તો અદાલત જેવું થશે. અદાલતમાં ન્યાયાધીશને ખબર છે કે આ માણસ ખૂની છે. પરંતુ એ શું કહે છે? પૂરતી સાક્ષી રજૂ નથી થઈ એટલે હું તને છોડી દઉં છું. આવી ઔપચારિક નહીં પણ હું હૃદયપૂર્વકની પરસ્પરનિષ્ઠાની વાત કહું છું અને એને જ મેં હિંસામાં પરપસ્ર અપ્રામાણ્ય કહ્યું છે. તમારે સારુ હું પ્રમાણ છું

અને મારે માટે તમે પ્રમાણ છો. તમારા શબ્દોમાં, તમારી મનોવૃત્તિમાં મને વિશ્વાસ છે. તમારી ભૂલો છતાંયે મને વિશ્વાસ છે કે તમે તમારી ભૂલોમાં અને પ્રમાદમાંયે પ્રામાણિક છો, ઈમાનદાર છો. ગાંધી કહેતો હતો કે અંદરથી અવાજ આવ્યો. મતલબ કે સદ્-અસદ્ વિવેકબુદ્ધિનો અવાજ, ભગવાનનો અવાજ. અને વળી પાછો એ તો કહી દેતો કે મેં તો હિમાલય જેવડી ભૂલ કરી. હવે ભગવાનનો અવાજ આવ્યો અને હિમાલય જેવડી ભૂલોના રૂપમાં આવ્યો! પરંતુ આવ્યો ખરો. એ બંને વાતો પ્રામાણિકતાથી કહી દેતો હતો, ઈમાનદારીથી કહી દેતો હતો. તેથી આપણે એમ કહી શકતા હતા કે આ માણસનો ભરોસો નહીં, પરંતુ એમ ક્યારેય નહોતા કહી શકતા કે આ માણસ ઈમાનદાર નથી. એને કયે વખતે કયો પ્રકાશ મળશે એ આપણે નહોતા જાણતા; પરંતુ આપણામાંથી કોઈ એમ નહોતા કહી શકતા કે આ માણસ જે કાંઈ કહે છે એમાં સચ્ચાઈ નથી.

આજે સમાજ-પરિવર્તન સારુ આવશ્યકતા એ છે કે સાધારણ માણસના વ્યક્તિત્વનો આશય બદલાઈ જાય. હવે સમાજ-પરિવર્તન કોઇ રાજા, સંત કે વીર પુરુષ નહીં કરે, હવે સમાજ-પરિવર્તન સાધારણ મનુષ્ય કરશે. ઇતિહાસનો વિધાતા સાધારણ મનુષ્ય હશે. તેથી એના વ્યક્તિત્વનો આશય બદલવો જોઇએ. બીજો કોઈ ઉપાય નથી.

આજે સાધુઓની પાછળ લોકો જાય છે. ગાંધી પાછળ ગયા તો એને મહાત્માજી સમજીને ગયા. આપણા લોકોમાંથી થોડા તો એક રાજનૈતિક દૃષ્ટિએ ગાંધી પાછળ ગયા. બાકી બીજા લોકો ઘણે ભાગે એને સાધુ સમજીને ગયા. સાધુ સાથે હમેશાં ચમત્કાર જોડાયેલો હોય છે. મહારાષ્ટ્રમાં જ્ઞાનેશ્વરી બહુ લોકપ્રિય છે. ઘણાં લોકો એનો પાઠ કરે છે. પરંતુ જ્ઞાનેશ્વરીનો મહિમા કઈ ચીજમાં છે? ચાંગદેવ વાઘ પર બેસીને આવ્યા તો આણે દીવાલ જ ચલાવી દીધી. જ્ઞાનેશ્વરનું દીવાલ ચલાવવું એ એની

જ્ઞાનેશ્વરી કરતાં લોકોના મનમાં અધિક મહત્ત્વ રાખે છે. ગાંધી જો સ્વાતંત્ર્ય-પ્રાપ્તિ કરતાં અધિક બીજો કોઈ ચમત્કાર કરત તો એને લોકો હજીયે મોટો મહાત્મા, સાધુ માની લેત. ચમત્કાર આધ્યાત્મિક પ્રભુત્વનું જ એક પાસું છે. આધ્યાત્મિક પ્રભુત્વ હોય, આધ્યાત્મિક સત્તા હોય કે લૌકિક સત્તા હોય, એનાથી પર જવાની શક્તિ જ્યાં સુધી આપણા લોકોમાં નહીં હોય, પરસ્પર પ્રામાણ્ય જ્યાં સુધી આપણે સ્થાપિત નહીં કરી શકીએ ત્યાં સુધી અહિંસક સંગઠન સંસ્થાઓથી, બંધારણોથી થવાનું નથી. સંગઠન ઊભું કરનારના ચિત્તની ભૂમિકા જ બદલવી જોઈએ.

### આપણું સંગઠન આગવું હોય

અને આ જ વસ્તુ સમાજ–પરિવર્તન સારુયે આવશ્યક છે. સમાજ–પરિવર્તન બીજા કરશે અને વ્યક્તિના ચિત્તનો આશય પાછળથી બદલાશે, એમ જો તમે માની લીધું હોય તો જે લોકો સમાજ–પરિવર્તન કરશે એનું પોતાનું ચિત્ત જ્યાં સુધી નહીં બદલાયું હોય ત્યાં સુધી પરિસ્થિતિ–પરિવર્તન નહીં થાય, સમાજ-ક્રાંતિ નહીં થાય. આપણે ત્યાં આ જ થયું છે. ગાંધીનો જેટલો હિસ્સો હતો એટલું આપણું હૃદય–પરિવર્તન થયું. ગાંધીનો જેટલો અંશ આપણે લીધો એટલો આપણી મનોવૃત્તિનો વિકાસ થયો. પરંતુ જેટલે અંશે આપણી પ્રક્રિયામાં ગાંધી ન રહ્યા અને આપણે રહ્યા એટલે અંશે તમે જોયું કે આપણી બધીયે સંસ્થાઓમાં પરસ્પર અવિશ્વાસ છે. આપણે એકબીજાનો ભરોસો નથી કરી શકતા, આ ચીજ અહિંસક સંગઠનમાં આવી રહી છે. અને આખરે ક્યાં જઈને અટકીએ છીએ, કોને ખબર ?

આપણે માત્ર એકમેકને કહીએ છીએ કે આ કંઈક અવ્યાવહારિક માલૂમ પડે છે. તેથી થોડું વ્યાવહારિકતા તરફ જવું જોઈએ. મતલબ કે થોડી બંધારણની સત્તા સંગઠનોમાં આવવી જોઈએ. મારું નિવેદન એટલું જ છે કે આ બધા માટે દુનિયામાં તમારી આવશ્યકતા નથી. બંધારણ, દંડ અને સંપત્તિનિષ્ઠ સંગઠન કરનારા

તમારા કરતાં અધિક કુશળ લોકો આ દેશમાં હયાત છે. જો આવું બંધારણ, દંડ અને સંપત્તિનિષ્ઠ સંગઠન જ બનાવવું હોય તો તમારે અને મારે નમ્રભાવે એમનું નેતૃત્વ સ્વીકારી લેવું જોઇએ; કેમ કે તેઓ એવું સંગઠન આપણા કરતાં વધુ કુશળતાપૂર્વક કરશે. તમે અને હું જાણે કરીશું તો ખરા પણ ફૂવડતાથી કરીશું, અકુશળતાપૂર્વક કરીશું. તમારું અનુકરણાત્મક, નકલી સંગઠન એમના સંગઠનનું સામર્થ્ય કદી નહીં પ્રાપ્ત કરી શકે. તેથી હવે આપણે ત્રિશંકુની જેમ ન રહીએ. નહીં તો ન અહીંના રહીશું, ન તહીંના. ધોબીનો કુતરો ન ઘરનો, ન ઘાટનો, એવી આપણી હાલત થશે. તો આજે જ્યારે આપણે આ બધી બાબતોનો વિચાર કરવા બેઠા છીએ ત્યારે ગંભીરતાથી આ વાત વિશે વિચારીએ.

શું આપણે કોઈ સંસ્થાને સમાજ-પરિવર્તનનું સાધન માનીએ છીએ? કે પછી સમાજ-પરિવર્તનનું સાધન વ્યક્તિગત મનુષ્ય જ બની શકે એમ માનીએ છીએ? Institutionalism અને Constitutionalismમાં બહુ ફરક નથી. સંસ્થાવાદ આજના કલ્યાણવાદનુંયે એક અનિવાર્ય અંગ છે. કલ્યાણકારી સમાજ એક એવો સમાજ છે, જેમાં નાગરિકની સ્વયંસ્ફૂર્ત સંસ્થાઓ વ્યવસ્થા કરે છે. અને પાર્લામેન્ટ એમાંની એક સંસ્થા છે. પાર્લામેન્ટ અંતિમ સત્તાની સંસ્થા નથી. સમાજમાં નાગરિકોની બનાવેલી, સ્વયંનિર્મિત, ઘણી સંસ્થાઓ મારફત સમાજનું સંચાલન થાય છે. આ અદ્યતન કલ્યાણકારી સમાજ કહેવાય છે. કલ્યાણકારી રાજ્ય નહીં, કલ્યાણકારી સમાજ. એને institutional-infra-structure કહે છે. એવી સંસ્થાઓ જે નાગરિકોની પોતાની બનાવેલી છે, તે રાજ્યનિર્મિત નહીં, લોકનિર્મિત છે. આ લોકનિર્મિત સંસ્થાઓ સમાજ-વ્યવસ્થાનું સાધન છે.

### સ્નેહ-સૌહાર્દ વિના સહજીવન અશક્ય

હું એની આગળની વાત કહું છું કે માનવનિષ્ઠ સંસ્થાઓ

હોય, સંસ્થાનિષ્ઠ માણસ નહીં. સંસ્થાનિષ્ઠ માણસ નહીં હોય તો નિષ્ઠા ક્યાં હશે? પરસ્પરનિષ્ઠા હશે. અને જેઓ પરસ્પર-નિષ્ઠ હશે તેઓ સર્વનિષ્ઠ હશે. પરસ્પરનિષ્ઠ, સર્વનિષ્ઠ માણસોનાં સંગઠન હશે. એમનામાં મુખ્ય ચીજ પ્રેમ, સૌહાર્દ હશે. પ્રેમ ને સૌહાર્દ હૃદયથી આવે છે. હવે આપણે એ પ્રેમ ને સૌહાર્દ કેમ વિક-સિત કરીએ એમ કોઈ પૂછે તો એની સહાય તો ભગવાન જ કરે, એ માટે કોઈની પાસે કશો ઈલાજ નથી. એને માટે કોઈ નુસખો થોડો જ હોઈ શકે છે? એનો ઈલાજ એ જ કે સ્નેહનો ચિત્તમાં પ્રાદુર્ભાવ થાય. અને જો આમ સ્નેહનો પ્રાદુર્ભાવ ન થાય તો ત્યાં સહજીવન અસંભવ છે. ઔપચારિક સહયોગ કર્તવ્ય રૂપે માણસ કરી શકે છે. પરંતુ કર્તવ્ય રૂપે માણસ જે કરે છે તેમાં ચિત્તશુદ્ધિ નથી થતી. ચિત્તશુદ્ધિ એટલે વાસ્તે નથી થતી કે એ કામમાં તે ખોવાઇ નથી જતો. જે કામમાં તે પોતાની જાતને ભૂલીને ઓતપ્રોત ન થાય એ કામનો ચિત્ત પર બોજો રહે છે. અને જે કામનો દિલ અને દિમાગ પર બોજો રહે એ કામ વ્યક્તિત્વને દબાવે છે, એને વિકસિત નથી કરતું. વ્યક્તિત્વ એનાથી ખીલતું નથી. દાખલા તરીકે તમારી સાથે સહયોગ કરવાનું મારું કર્તવ્ય છે એટલે સહ-યોગ આપવાની ચેષ્ટા કરું છું, પણ દિલમાં શું સમજું છું? કેવો માણસ છે! કંઈ ગતાગમ જ નથી, સંકીર્ણ હૃદયવાળો છે. ભગવાન જ્યારે દિમાગની વહેંચણી કરી રહ્યા હતા ત્યારે ગેર-હાજર હતો. પરંતુ શું કરું, આ ભૂદાનનું સર્વોદયનું કામ કરવું છે એટલે એની સાથે કામ કરવાનું જ છે. જેમ અગ્નિની સાક્ષીએ વિવાહ થઇ ગયા એટલે પછી ગમે તેમ કરીને નિભાવ્યે જ છૂટકો! આમાં ન પરિસ્થિતિનો, ન આપણા વ્યક્તિત્વનો વિકાસ થાય છે. એમાંથી સમાજ-પરિવર્તન નથી થઈ શકતું.

એક મિત્રે ત્યાં સુધી કહ્યું કે આપણે cells–કોષો બનાવવા માગીએ છીએ તો એ કોષ કયા પ્રકારના રહેશે? સામ્યવાદીઓ જેવા cells તો ન હોઇ શકે. તમારા cells તો સમાજ–પરિવર્તનનાં સાધન બનશે. એટલે તમારાં જે સંગઠન હશે તે

આવી રીતે સ્નેહમૂલક અને વિશ્વાસમૂલક સંગઠન હશે. સ્નેહ અને વિશ્વાસની ઊણપને કારણે જો આપણે બંધારણવાદ તરફ વળીશું તો ન તો બંધારણ હાથમાં આવશે, ન સ્નેહ અને વિશ્વાસ હાથ આવશે. આપણે બંનેય ખોઈ બેસીશું. આ થોડું વિવેચન મેં તમારી સન્મુખ કર્યું એમાં કોઈ ઊણપ રહી ગઈ હોય તો તમને પ્રાર્થના છે કે शेषं धर्मेण पूरयेत्। શેષ રહી ગયું હોય તો એની પરિપૂર્તિ તમે કરજો. જેટલી ભૂમિકા બતાવવી આવશ્યક હતી એટલી મેં બતાવી દીધી છે.

***

**નોંધઃ**—પાન ૧૦૭ ઉપર છેલ્લી લીટી આ પ્રમાણે વાંચવી : અહિંસામાં પરસ્પર પ્રામાણ્ય કહ્યું છે. તમારે સારુ હું પ્રમાણ છું

[ અહિંસક સંગઠન અને સમાજપરિવર્તન એ બે ભિન્ન પ્રક્રિયાઓ નથી, એક જ સિક્કાનાં બે પાસાં છે. સંગઠનનું સ્વરૂપ એને ઊભું કરનારાઓના ચિત્તની મનોવૃત્તિ પર નિર્ભર છે. સંગઠનના ઔપચારિક માળખામાં ભાવાત્મક આશય ત્યારે ઉમેરી શકાય, જ્યારે તમારા ખુદના હૃદયમાં એવો આશય હોય. જ્યાં બંધારણવાદ અને સત્તાવાદ આવે છે ત્યાં સત્તાની, અધિકારની સ્પર્ધા પ્રવેશે છે અને અહિંસા નિઃશેષ બની જાય છે. અસહયોગ કેવળ બૂરાઈ સાથે થાય, બાકી સાર્વત્રિક સહયોગની નીતિ રહે. સંગઠનમાં એકમેકના ચોકીદાર ન બનાય. ચિત્તની સ્નેહમૂલક ઉદારતા એ સંગઠનનું સંયોજક તત્ત્વ છે. પરસ્પર પ્રામાણિકતાનો પ્રત્યય હોય. વિકાર માટે અવસર ઓછો હોય, ગુણ માટે પૂરતી તક હોય. એમાં અનુશાસન નહીં, પણ આત્મમર્યાદા હોય છે. અહિંસક સંગઠન બંધારણ, દંડ કે સંપત્તિનિષ્ઠ નહીં પણ માનવનિષ્ઠ હોય. સ્નેહ અને સૌહાર્દ વિના સહજીવન અસંભવ છે. ઔપચારિક સહયોગથી ચિત્તશુદ્ધિ નથી થતી અને વ્યક્તિત્વનો વિકાસ નથી થતો. ]

: ૮ :

# રાષ્ટ્રીય એકતા

આ વ્યાખ્યાનોમાં વિચારોનો એક ક્રમ આપણે ચાલુ રાખ્યો છે. આ વ્યાખ્યાન સાથે, જ્યાં સુધી આ વ્યાખ્યાનમાળાને સંબંધ છે ત્યાં સુધી, આપણે એને બંધ કરીશું. હું સમાપ્ત કરીશું એમ નથી કહેતો, બંધ કરીશું એમ કહું છું; કેમ કે વિચાર કયારેય સમાપ્ત નથી થતો, સમાપ્ત ન થવો જોઈએ. આપણે ત્યાં એક પરંપરા પણ છે કે ભાગવત કે ભગવદ્ગીતાનો પાઠ પૂરો થઈ જાય તો ફરીથી પહેલા અધ્યાયનો એક શ્લોક વાંચીને પુસ્તક નીચે મૂકે છે. સ્વાધ્યાય કદી સમાપ્ત નથી થતો પરંતુ સમય નિયત કર્યો હોય એટલે એ હિસાબે બંધ કરાય છે. यावद् तैलं, तावद् व्याख्यानम्--દીવામાં જ્યાં સુધી તેલ હોય, ત્યાં સુધી વ્યાખ્યાન ચાલે.

આજે તમારે અને મારે માટે અપ્રિય એવી કેટલીક વાતો કરવાની છે. એણે દુર્યોધનને કહેલું કે

सुलभाः पुरुषाः राजन् सततं प्रियवादिनः ।
अप्रियस्य च पथ्यस्य वक्ता श्रोता च दुर्लभाः ॥

નિત્ય કાનોને મીઠી લાગે એવી વાતો કરનારા અને મનરંજન કરનારા પુરુષો સુલભ છે, પરંતુ અપ્રિય છતાં શ્રેયસ્કર વાત કહેનાર ને સાંભળનાર બંનેય દુર્લભ છે. આજે હું જે કેટલીક અપ્રિય વાતો કરનાર છું, એનાથી મને આનંદ થવાનો છે એમ કૃપા કરીને ન માનતા, એને બદલે એમ સમજજો કે એક રોગગ્રસ્ત માણસના મોંએથી વ્યથાભરી આહ નીકળે છે તેમ એ વાતો મારે મોંએથી નીકળશે.

### સંકીર્ણ રાજ્યવાદનું તાંડવ

આજે આપણા દેશમાં સંકીર્ણ રાજ્યવાદની બોલબાલા છે. આ દેશ છિન્ન-વિચ્છિન્ન થઈ જવાનો ભય છે, કેમ કે રાજ્યવાદ, સત્તાવાદ માણસોને સંયોજવાને બદલે અલગ કરે છે. સત્તા ને સંપત્તિનો એવો સ્વભાવ છે કે તે મનુષ્યોને જુદા પાડે છે, જોડતા નથી.

મારો મિત્ર ધનવાન છે. જાહેર જીવનમાં કંઈક જરૂર પડી તે એની પાસે હજાર રૂપિયા ઉધાર માગવા ગયો. મેં કહ્યું કે "થોડા વખત માટે હજાર રૂપિયા ઉધાર આપશો કે?" તો એણે કહ્યું, "નહીં, તમને ઉધાર હરગિજ નહીં આપું." મેં કહ્યું, "તમે નહીં આપો તો બીજું કોણ મને આપવાનું? બીજું તો કોઈ મને ઓળખતું નથી. અને જે કોઈ ઓળખે છે તેઓ જાણે છે કે મારી પાસે આ સાડાત્રણ હાથ શરીર સિવાય બીજું કાંઈ નથી." તો એમણે જવાબ આપ્યો કે "હું તમને હજાર રૂપિયા આપીશ ખરો, પણ ઉધાર નહીં." "ઉધાર કેમ નહીં?" "મિત્રો વચ્ચે આપસમાં પૈસાની લેવડદેવડ નથી કરતો, કેમ કે આપસમાં લેવડ-દેવડ કરવાથી દોસ્ત દુશ્મન બની જાય છે." આમ જેની સાથે લેવડદેવડ કરવી હોય એને અંગે એટલું તો માનવું પડશે કે તે દુશ્મન ન હોય તોયે અમિત્ર તો હોવો જ જોઇએ. સત્તાનો અને સંપત્તિનો વિનિમય ખાસ કરીને એમની સાથે થાય છે, જેમની સાથે આપણો સ્નેહસંબંધ ન હોય.

આજે એ જરૂરી છે કે સત્તાની પ્રતિસ્પર્ધામાં પડેલ રાજનૈતિક પક્ષો એવો સંયુક્ત સંકલ્પ કરે કે અમે સત્તાની પ્રતિસ્પર્ધામાં દેશના ટુકડા નહીં થવા દઇએ. અમને લોકો હમેશાં પૂછે છે કે આ પક્ષવાળાઓને સાથે બેસાડીને તમે એમની પાસે શું કરાવવા ઇચ્છો છો? તો સાથે બેસાડીને આટલો સંકલ્પ કરાવવા માગીએ છીએ. આજે એવો વ્યાવર્તક, સંકીર્ણ રાજ્યવાદ પ્રવર્તી રહ્યો છે કે જે આ દેશના ટુકડે ટુકડા કરવા ઉદ્યત બન્યો છે. ગુજરાત અને

મહારાષ્ટ્ર રચાઈ ગયાં તો હવે વિદર્ભનો વિવાદ ઊભો થયો. ભાગલા વખતે એક પંજાબના બે પંજાબ થયાં. તો હવે પંજાબી સુબાનું આંદોલન ઊપડયું છે. આ બધો સ્વભાષા પ્ર-ત્યેનો પ્રેમ છે, એને વિશેનું અભિમાન છે, કે એની પાછળ કોઈ સાંસ્કૃતિક ભૂમિકા છે એમ રખે માનતા. એ તો નર્યો રાજ્યવાદ છે. આ રાજ્યવાદનો પ્રતિકાર કોણ કરી શકે? એ સાધારણ નાગરિક કરી શકે, જે હજી રાજ્યવાદી નથી બન્યો.

દેશના કેટલાક વિચારવાન લોકોએ મને એમ સમજાવવાની કોશિશ કરી છે કે આ એક દેશ છે જ નહીં, એ તો ઉપખંડ છે, Sub-continent છે. ભારતવર્ષ ભરતખંડ છે, અને ભરતખંડ બની ગયો કે પછી એ અખંડ છે કે શતખંડ છે એ મહત્ત્વનું નથી રહેતું! ભારતવર્ષ એક ઉપખંડ નહીં, એક અખંડ દેશ છે, અને એ આપણો વારસો છે. આ દેશના ઇતિહાસમાં કયારેય એવો દિવસ નથી આવ્યો જયારે કોઈ સાધારણ નાગરિકેય ભારતવર્ષની આ એકતા વિશે પ્રશ્ન ઉઠાવ્યો હોય એકતાની પ્રતીતિ નહોતી, રાષ્ટ્રીય ભાવના નહોતી, રાષ્ટ્રીયતાનો વિચાર પણ નહોતો થયો, છતાંયે આ દેશના પુરાતન સાહિત્ય ને ઇતિહાસમાં કયારેય એની એકતા અંગે પ્રશ્ન નથી ઊઠયો. યુરોપના નાગરિકો સામે આ પ્રશ્ન આવેલો અને એમણે એનો ઉત્તર પણ આપ્યો. પરંતુ આપણા દેશમાં કયારેય આ પ્રશ્ન ઉપસ્થિત જ નથી થયો. તેથી હું હમેશાં કહું છું કે આધુનિક રાષ્ટ્રીયતાનું એક પણ લક્ષણ જોવા નથી મળતું, છતાંયે ભારતીય એકતા પ્રાચીન ભારતમાં એક સિદ્ધ વસ્તુ રહી છે. અને આજે એક રાષ્ટ્રનાં અનેક રાષ્ટ્રો કરવા તત્પર બન્યાં છીએ!

પહેલાં જુદા જુદા પ્રાંતોનો બનેલો આ દેશ હતો. આજે હવે તે જુદા જુદા રાજ્યોનો દેશ છે. હવે પ્રાંતો નથી રહ્યા, રાજ્યો બન્યાં છે. આ બહુરાજ્યવાદની સાથોસાથ બહુરાષ્ટ્રવાદ આવ્યો છે. પાકિસ્તાની મુસલમાનોને આપણે દોષ દીધો. પ્રામાણિકતાપૂર્વક

કહું તો એમને માટે મારા ચિત્તમાં ઘણી મોટી વેદના છે, ક્રોધ પણ સારી પેઠે છે. એમણે દેશનાં માત્ર બે રાજ્ય ન કર્યાં, બે રાષ્ટ્ર બનાવી દીધાં. પરંતુ એમણે તો બે રાષ્ટ્ર જ બનાવ્યાં, ત્યારે આપણે આજે બહુરાજ્યવાદ અને બહુરાષ્ટ્રવાદમાં ચકચૂર છીએ. પાકિસ્તાનનો આપણે વિરોધ કર્યો પણ તેમાં શક્તિ નહોતી. જેના પોતાના મનમાં બહુરાષ્ટ્રવાદ છે, તેનામાં દ્વિરાષ્ટ્રવાદનો વિરોધ કરવાનું નૈતિક બળ નથી આવતું. એટલે દેશના ભાગલા પડયા તે માટે આપણે બધાં દોષિત છીએ. આજનો અવસર દેશના સર્વ નાગરિકો સારુ આત્મપરીક્ષણનો છે.

એક અંગ્રેજ છોકરાએ yes શબ્દ પર નિબંધ લખ્યો. એમાં તેણે લખ્યું કે જર્મન, ઇટાલિયન, ફ્રેન્ચ વગેરે કોઇના ઉચ્ચાર સાચા નથી હોતા. માત્ર અંગ્રેજો જ સાચો ઉચ્ચાર કરે છે. એને બે સવાલ પૂછવામાં આવેલા. એક સવાલ એ કે શુદ્ધ ભાષા કોની? એણે જવાબ આપ્યો કે અંગ્રેજોની. બીજો સવાલ એને એ પૂછયો હતો કે તું અંગ્રેજ ન હોત તો બીજું શું બનવા ઇચ્છત? એણે ઉત્તર દીધો કે અંગ્રેજ સિવાય બીજું કંઈ હું થવા નથી માગતો. આ દેશમાં આજે આ મનોવૃત્તિ કામ કરી રહી છે. આ ભાષિક અહંવાદ છે. એને મન ફાવે તેવા શોભનીય, લોભનીય કે મોહક નામ આપો પણ તે નર્યો ઉદ્દંડ ભાષાવાદ છે. એમાંથી ભાષિક રાજ્યોનો જન્મ થયો છે.

આજે એમ થઈ આવે છે કે આ વ્યવસ્થાને બદલી નાખું, પણ એ મારા હાથની વાત નથી. છતાંયે ઓછામાં ઓછો એનો ડંખ તો દૂર કરીએ. ભાષિક રાજ્યોને કારણે આ દેશમાં જે પરિસ્થિતિ પેદા થઈ છે એને સુધારવા શું કરવું જોઈએ એ આજે આપણા સહુ સમક્ષનો મુખ્ય પ્રશ્ન છે.

### અખિલ ભારતીય જીવન કયાંય દેખાય છે?

ભાષિક રાજ્યોનું પરિણામ શું આવશે એ જરા વિચારીએ. માતૃભાષામાં શિક્ષણ અપાય. સ્વીકાર્યું જનતા સમજે એ ભાષામાં

વહીવટ ચાલે. સ્વીકાર્યું. પરંતુ એક જનતા બીજી જનતાના સંપર્કમાં જ નથી આવવાની શું ? આજે આખી દુનિયા સાંકડી બની રહી છે. એક દેશના લોકો બીજા દેશમાં જવા જોઇએ. સાંસ્કૃતિક પ્રતિનિધિમંડળો મોકલાય છે. આજે તો ખેડૂતોનાંય પ્રતિનિધિમંડળો પરદેશ મોકલાય છે. ત્યારે આ દેશમાં પહેલેથી જે સંપર્ક પ્રસ્થાપિત હતો એને તોડવાની પ્રવૃત્તિ ચાલી રહી છે !

આ દેશમાં લૌકિક અખિલ ભારતીય જીવન સ્થાપવાનું શ્રેય અંગ્રેજોને છે. બિનસરકારી, રાજનિરપેક્ષ અખિલ ભારતીય જીવન અંગ્રેજોના જમાનાથી આવ્યું. પેશાવરના ખાન અબ્દુલ ગફારખાં દક્ષિણમાં જઈ શકતા હતા, જ્યારે દક્ષિણના રાજાજી પેશાવર જઈ શકતા. આજે હું પૂછવા માગું છું કે સ્વતંત્રતા મળ્યા બાદ એવા કેટલા દેશભક્ત નીકળ્યા જેઓ આમ કરી શકે છે ? ખુદને જ સવાલ પૂછો. મહારાષ્ટ્રના કેટલા નેતાઓનાં નામ તમે જાણો છો ? રાનડે, ગોખલે, તિલક, બહુ બહુ તો શંકરરાવ દેવ ને અચ્યુત પટવર્ધન. પણ એમના પછીના કેટલા નેતાઓને તમે ઓળખો છો ? મહારાષ્ટ્ર તો પડોશમાં છે એટલે ચવાણનું નામ સાંભળ્યું હશે. બાકી દૂરના કોઈ રાજ્યના મુખ્ય મંત્રીનું નામ પણ નહીં જાણતા હો. કોઈ અખિલ ભારતીય જીવન આ દેશમાં આજે અસ્તિત્વ ધરાવતું નથી. આ અંગે તમે વિચારો.

પૂનાની વિદ્યાપીઠમાં ગુજરાતનો પ્રોફેસર નહીં હોય અને અમદાવાદની વિદ્યાપીઠમાં હવે ફરી કોઈ આઠવલે નહીં હોય. કાશીની વિદ્યાપીઠવાળા કહેશે કે આ દક્ષિણવાળાઓનું અમારા વિદ્યામંદિરો પર આક્રમણ થઈ રહ્યું છે. કાશીનો વિદ્યાર્થી દક્ષિણમાં નહીં અને રામેશ્વરનો વિદ્યાર્થી કાશીમાં નહીં. આ પરિસ્થિતિ પર ગંભીરતાથી વિચાર કરવો જોઈએ. અખિલ ભારતીયતાનો આધાર શો હશે ? કઈ પ્રતિષ્ઠાના આધાર પર આપણે અખિલ ભારતીય જીવન-મંદિર ઊભું કરવા માગીએ છીએ ? એક પ્રતિષ્ઠા

શિક્ષણની હતી તે તો આપણે દૂર કરી દીધી. તોયે જાણે કાંઈ વાંધો નહીં, એમ માન્યું કે શિક્ષણ પોતપોતાની ભાષામાં મળે. પરંતુ આજે તો ડર એ છે કે આપણા ઈલાકામાં ક્યાંક બીજા ભાષાવાળાઓ મોટી સંખ્યામાં આવીને વસી ન જાય! આસામમાં અને બેલગામમાં આ જ ડર છે.

આપણો દેશ તો અદ્ભુત છે! એમાં કેવળ તાજમહાલની જ અજાયબી નથી. ભાષાકીય લઘુમતી આ દેશમાં શરણાર્થીય બની શકે છે! એક ભાષા બોલનાર લોકો બીજી ભાષાવાળા પ્રાન્તમાં નિરાશ્રિત બની જાય છે! આ દેશના નેતાઓ સામે આ શું સમસ્યા નથી? આવું અગાઉ તમે કદી સાંભળ્યું છે? પહેલાં સાંપ્રદાયિક નિરાશ્રિતો થયા અને આજે ભાષિક નિરાશ્રિતો! આનું પરિણામ શું આવશે? ભગવાન ન કરે, પણ જો એવું થાય કે વડોદરા–અમદાવાદમાં મરાઠી–ગુજરાતી વચ્ચે ઝઘડો થઈ પડે તો મરાઠી બોલનારાઓએ ગુજરાતી મહોલ્લામાંથી અને ગુજરાતી બોલનારાઓએ મરાઠી મહોલ્લામાંથી ભાગવું પડશે. પછી એમણે એકમેકના પ્રાંતમાંથી ભાગવું પડશે.

આ સમસ્યા પોલીસ કે લશ્કરના સિપાઈને હવાલે ન કરી શકાય. આ દેશના જે Best Brains—સર્વોત્તમ વિચારવાન પુરુષો છે અને ઉદારતમ હૃદયવાન દેશભક્તો છે એમની સૌની સામેની આ સમસ્યા છે. વિનોબાના મુઠ્ઠીભર શાંતિ-સૈનિકોય આ કામ નહીં કરી શકે. તેઓ પોતાની આહુતિ દઈ શકશે. પરંતુ દેશના સમજદાર, વિદ્વાન પ્રતિષ્ઠિત નાગરિકોએ એવો નિશ્ચય કર્યો હોય કે ભિન્નભાષીઓ એકસાથે રહી જ ન શકે અને તેઓ રહેવા ઇચ્છતા હોય તોય અમે સમાજજીવનમાં તે સારુ અવસર નહીં રહેવા દઈએ તો વિનોબા તો શું એના પિતામહ કે પ્રપિતામહ આવે તોય કાંઈ નહીં કરી શકે. એનો સંકલ્પ તો સાધારણ નાગરિકે કરવાનો છે. એને માટે તે આવશ્યક છે, અને તે આ કરી શકશે.

એનું મૂળભૂત કારણ એ છે કે મનુષ્યની વિશેષતા ભાષા નહીં, વાણી છે. ભાષા મનુષ્યનો સંસ્કાર છે, વાણી મનુષ્યનો સ્વભાવ છે. મનુષ્ય અને પશુમાં જે ભેદ છે તે વાણીને કારણે છે, ભાષાને કારણે નહીં. ભાષા દ્વારા મનુષ્યની માનવતાનો વિકાસ નથી થતો, એની વાણીનો વિકાસ થાય છે. ભાષા સંસ્કારજન્ય છે, એ એક સાધન છે. ભાષા બદલાઈ પણ શકે છે કારણ કે એ મનુષ્યનો સ્વભાવ નથી. કાકાસાહેબ અને મામાસાહેબ ફડકેના દાખલા તમારી સમક્ષ મોજૂદ છે. મહારાષ્ટ્રમાં એવા કેટલાય પરિવારો છે, જેઓ ગુજરાતી કરતાં મરાઠી વધુ સારી જાણે છે. ઉત્તર પ્રદેશમાં પહાડી વિસ્તારમાં ઘણા મરાઠી પરિવારો છે, જે આજે મરાઠી ભાષાનો અક્ષરેય નથી જાણતા. ભાષા જો સ્વાભાવિક હોત તો બદલાત કેવી રીતે? આગલી પેઢીમાં તો એવા કેટલાય વકતા હતા જે માતૃભાષામાં નહીં પણ માત્ર અંગ્રેજીમાં જ ભાષણ કરી શકતા.

એક વાર એક મોટા મહારાષ્ટ્રીયન નેતાને અધ્યક્ષ બનાવ્યા. તેઓ અધ્યક્ષીય ભાષણ કરવા ઊભા થયા. પોતે અંગ્રેજીમાં જ બોલી શકશે એમ કહેવા શરૂઆતમાં બે-એક વાકય મરાઠીમાં બોલ્યા : आपण माला कुरशीत घातल्या बदल मीं आपल्या आभारी आहे —તમે મને ખુરશીમાં ઘાલ્યો તે બદલ હું તમારો આભારી છું. એમણે તો I thank you for having put me in the chairનો મરાઠીમાં વફાદાર અનુવાદ કરી નાખ્યો! હું તમને કહેવા એ માગું છું કે ભાષા એવી હોય છે જે બદલાઈ નથી શકતી, એ અનેક લોકભ્રમોમાંનો સૌથી મોટો એક ભ્રમ છે. ભાષા માણસનો સ્વભાવ નથી હોતી એનું આ એક કારણ છે.

બીજું કારણ એ છે કે મનુષ્યમાં ને પશુમાં મોટું અંતર છે. પશુની ભાષાનો અનુવાદ નથી થઈ શકતો. ગધેડાની બોલીનો

અનુવાદ કૂતરાની બોલીમાં નથી થઈ શકતો. જ્યારે માણસમાં તો એમ કહેવાય છે કે આ બહુ મોટો લેખક છે, કેમ કે એના પુસ્તકોનો અનુવાદ દુનિયાભરની અનેક ભાષાઓમાં થયો છે. આજે જે સંકીર્ણ ભાષાવાદી ઢબે વિચારાય છે તે ઢબે તો આ વાતથી ખૂબ દુઃખ થવું જોઈએ કે પોતાની ભાષા છોડીને બીજી ભાષાઓમાં અનુવાદ થાય છે? આજના જેવો ભાષાનો પ્રેમ હોય તો તો કહેવું જોઈએ કે હું બીજી ભાષામાં નહીં બોલું, નહીં લખું અને મારી ભાષામાં બોલેલું ને લખેલું બીજી ભાષાવાળાઓને નહીં સાંભળવા દઉં, નહીં વાંચવા દઉં, નહીં સમજવા દઉં. થવું તો આમ જોઈએ.

### ઇશારા ને હાવભાવની ભાષા પર આવી જવું છે?

પરંતુ આમ થતું નથી, કેમ કે એ મનુષ્યનો સ્વભાવ નથી. મનુષ્ય બોલે છે શા માટે? સંભળાવવા સારુ, સમજાવવા સારુ અને અભિવ્યક્તિ સારુ. હું બોલી રહ્યો હોઉં અને તમે સમજી ન શકો તો ઇશારા ને હાવભાવથી સમજાવવું પડશે. મારે પાણી જોઈતું હોય અને પાણી કે water કહેવાથી તમે સમજો નહીં તો મારે તમારા મોંની સામે હાથના હાવભાવથી સમજાવવું પડે. તો શું આ જ અખિલ ભારતીય ભાષા હશે કે?—ઇશારા ને મુક્કાની? હિંદીનું નામ લઈએ છીએ તો દક્ષિણવાળાઓને રુચતું નથી. પડોશની કોઈ ભાષા તરફ પ્રેમથી જોવાતું નથી. આમ એકમેકની ભાષા બોલવા-લખવા-સમજવાનો ઇન્કાર કરીશું તો હવે આંતર-પ્રાંતીય વ્યવહારની એક જ ભાષા રહેશે ને? મુક્કાબાજીની.

આંતરપ્રાંતીય વ્યવહાર શું આંતરરાષ્ટ્રીય વ્યવહારની જેમ સીમિત રહેવાનો છે? એક તરફથી વાહનવ્યવહારનાં સાધનો વધી રહ્યાં છે. વિમાનોમાં બેસીને મદ્રાસનો માણસ ત્રણ કલાકમાં કાશ્મીર પહોંચશે. બીજી તરફથી આખા જીવનમાં asperantoism—એકસરખાપણું આવતું જશે. વડોદરાના મકાનમાં અને ત્રિવેન્દ્રમના મકાનમાં શો ફરક છે? મદ્રાસની સડકમાં ને વડોદરાની સડકમાં

શું અંતર છે? આધુનિક બુશકોટ, પેન્ટ, બાટાના જોડા વગેરેને લઈને પોશાકની ભિન્નતા ઘટતી જાય છે. આ શું asperanto પોશાક નથી? આમ સમસ્ત જીવનમાં બહારથી એકતા આવી રહી છે ત્યારે અંદરથી વિભાજનનાં તત્ત્વો પ્રબળ બની રહ્યાં છે.

આનો ઈલાજ શો? સમિતિઓ નીમવાથી એ ઈલાજ નહીં મળે. National Integration Committeeએ બહુ સારાં સૂચનો કર્યાં છે. એનો અમલ કરવામાં આવે. પણ સમિતિઓ ભલામણો કરતી જાય અને એની કોઈ અસર આપણા ચિત્ત પર ન થાય તો સમિતિ વ્યર્થ સાબિત થશે. એકતાની પ્રેરણા, ચેતના, પ્રબોધ તમારા ને મારા ચિત્તમાં થવો જોઈશે. જો થઈ શકે તો દરેક પ્રાંતમાં પડોશી ભાષાનું શિક્ષણ અનિવાર્ય મનાવું જોઈએ કેમ કે ઝઘડો પડોશી સાથે જ થાય છે. બે વ્યક્તિ બહુ નિકટ આવે ત્યારે જો એમની વચ્ચે સદ્ભાવ હોય તો આલિંગન થાય છે અને સદ્ભાવ ન હોય તો કુસ્તી થાય છે. તેથી પડોશની ભાષાઓ વચ્ચે સંપર્ક ખૂબ વધવો જોઈએ. અને આ સંપર્ક માત્ર સાહિત્યકારોનો જ નહીં પરંતુ સામાન્ય લોકોનો, વિદ્યાર્થીઓનો.

### આશય અને માધ્યમ બંને વ્યાપક બનાવીએ

એ ખેદની વાત છે કે ભાષાકીય આંદોલનોમાં સૌથી વધુ ભાગ યુવાન વિદ્યાર્થીઓએ લીધો છે. મેં એમને પૂછેલું કે "તમે ઇંગ્લાંડ–અમેરિકા નથી જવાના કે?" તો કહે કે "કેમ નહીં? એ તો અમારા જીવનની મહત્ત્વાકાંક્ષા છે." "તો ત્યાં જઈને શું ગુજરાતીમાં વાતચીત કરશો?" "નહીં સ્તો. અમે તો પહેલેથી જ એ વાસ્તે conventમાં જઈએ છીએ." અને convent માં જઈને ઝઘડો શાનો કરો છો? તો કે શિક્ષણ માતૃભાષામાં અપાવું જોઈએ. અર્થાત્ અમારા સિવાય બીજા બધાનું! કેમ કે અમને તો ઇંગ્લાંડ–અમેરિકા જવાનો મોકો મળવો જોઈએ. ભણેલા-ગણેલા માણસનું આ વિચ્છિન્ન વ્યક્તિત્વ—split personality છે.

એ સમજવાની આવશ્યકતા છે કે શિક્ષણનું માધ્યમ જેટલું વ્યાપક હશે, એનું પરિણામ પણ એટલું જ ઉદાત્ત હશે. પરંતુ આજે તો પરિણામ પણ વ્યાપક નથી અને માધ્યમ પણ વ્યાપક નથી. તુલસીદાસ, જ્ઞાનેશ્વર, નરસિંહ મહેતા વગેરેનું માધ્યમ વ્યાપક નહોતું, પણ એમનો આશય વ્યાપક હતો પરંતુ આપણા તો આજે માધ્યમ ને આશય બંને સંકીર્ણ છે.

આ દેશના સામ્યવાદી પક્ષ સામે મારી મોટી ફરિયાદ છે. રશિયાનું ઉદાહરણ લઇને એમણે ગમે તે યોજનાનો સ્વીકાર કરી લીધો, એ ભૂલીને કે ભારતવર્ષ રશિયા નથી. એમણે પાકિસ્તાનને સંમતિ આપી દીધી. પાછળથી કહ્યું કે ભૂલ કરી. પરંતુ ભૂલનું જે પરિણામ આવવાનું હતું તે તો આવી જ ગયું. ભાષાવાર રાજ્ય-રચનાનોય એમણે સ્વીકાર કરી લીધો. પામ દત્તે ૧૯૪૦માં કહ્યું કે ભારતવર્ષ એક રાષ્ટ્ર છે. પછી રશિયાના માણસે લેખ લખ્યો કે આ શી બેવકૂફીની વાત કરી? આ તો બિન-સામ્યવાદી વાત થઈ ગઈ. સામ્યવાદીએ આમ ન કહેવું જોઇએ. તો એણે બીજી આવૃત્તિમાં પોતાની વાત બદલી નાખી. આમ કોઈ સિદ્ધાંત જ નથી જાળવતા.

### મોટી ભૂલ થઇ ગઇ છે

સૌ પ્રથમ અંગ્રેજી સામે વિરોધ ઊઠયો. અંગ્રેજી વિદેશી ભાષા છે, અમારી માતૃભાષામાં શિક્ષણ મળવું જોઈએ, એમ આરંભ થયેલો. કૉંગ્રેસે, ગાંધીજીએ, વિનોબાએ, આપણે સૌએ આ વાત ઉપાડી લીધેલી. ગાંધીના, વિનોબાના, સૌનાં અનુયાયી ભાષાપ્રેમી છે, સ્વભાષાવાદી છે. મને એમ લાગે છે કે ભૂલ થઇ ગઈ છે, અને બધાંની ભૂલ થઇ છે. એને સુધારવાની જરૂર છે. શિક્ષણનું માધ્યમ ગુજરાતી ભલે હોય પણ દરેક ગુજરાતીને મહારાષ્ટ્રના મહાપુરુષોનાં, સંતોનાં, નેતાઓનાં જીવનની ઝાંખી કરાવો, પડોશની પ્રજાની રહેણીકરણીનું જ્ઞાન આપો. શિવાજી મહારાજની મૂર્તિ મુંબઈમાં જોઈ ને મને આનંદ થયો પણ એ મૂર્તિ મેં જો અમદાવાદમાં જોઈ

હોત તો મને અધિક આનંદ થાત. નરસિંહ મહેતાનું એક ભજન તો જાણે ગાંધીને કારણે પ્રસિદ્ધ થઈ ગયું. પણ એનાં ભજનો મહારાષ્ટ્રમાં ઘેરઘેર ગવાતાં હોત તો ઘણો આનંદ થાત. પણ આજે તો રવીન્દ્રનાથ ને સુભાષ બંગાળીઓના થઈ ગયા. ઝાંસીની રાણી મરાઠીઓની અને તેમાંયે કરાડી બ્રાહ્મણોની થઈ ગઈ. આ તો Tailors & Outfittersની જાણે દુકાનો નીકળી છે! દેશની સંસ્કૃતિને, રાષ્ટ્રીય મહાપુરુષોને આપણે પોતપોતાના માપના બનાવી મૂકીએ છીએ!

## થોડાં સૂચનો

તેથી કહું છું કે જુદી જુદી ભાષાના લોકો વચ્ચે સંપર્ક વધારો, પરસ્પરની અને એટલી વધુ ભાષા શીખો. લોકો કહે છે કે બાળકો પર ચાર ચાર ભાષા શીખવાનો બોજો શીદને નાખો છો? હવે આમને શું કહું? સ્વિટ્ઝરલૅન્ડનો છોકરો ત્રણ-ત્રણ ભાષાઓ બોલે છે અને સમજે છે. મારા પિતાજી સરકારી નોકર હતા એટલે એમની બદલી એક પ્રાંતથી બીજા પ્રાંતમાં થયા કરતી. આને કારણે અમે ત્રણ–ચાર ભાષા આસાનીથી બોલતા ને સમજતા. તમારી વચ્ચે બેઠો હોઉં તો ગુજરાતી સમજી લઉં છું, બંગાળી વચ્ચે બેઠો હોઉં ત્યારે બંગાળી સમજી લઉં છું. મને કયારેય એમ નથી લાગ્યું કે મારા દિમાગ પર બોજો પડે છે. ઊલટાની મને તો એનાથી ખુશી થ.ય છે. અને નાનાં બાળકોને તો આનાથી ખૂબ જ આનંદ થાય. તેઓ ફુલાઈને કહેતા હોય છે કે અમે ગુજરાતી, હિંદી, બંગાળી બોલી શક.એ છીએ, સમજી શકીએ છીએ. હવે હું એમને શું એમ કહું કે થોભી જા, થોભી જા, તારા માથા પર બહુ બોજો થઈ જશે? મતલબ કે જેટલો ભિન્ન ભાષીઓનો પરસ્પર સંપર્ક વધશે એટલું ભ.ષાનું જ્ઞાન પણ વધશે. આપણે તો પુસ્તકો મારફત ભાષા શીખવવા માગીએ છીએ. સંપર્ક વિના જ્ઞાન સજીવન નહીં થાય, અને એનો બોજો રહેશે. માટે ભિન્ન ભાષીઓનો સંપર્ક વધવો જોઇએ. નારાયણની પત્નીની ભાષા

ઓડિયા છે, એની પોતાની ભાષા ગુજરાતી છે અને એનાં સંતાન આંતરપ્રાંતીય છે. એમની કઇ ભાષા છે? મેં જોયું કે નવબાબુ સાથે કે ઓરિસ્સાના લોકો સાથે ઓડિયામાં વાત કરે છે, ઘરમાં ગુજરાતીમાં અને મારી સાથે હિંદીમાં બોલે છે. મને તો એમાં ક્યાંય બોજો નથી જણાયો. પુસ્તકો મારફત ભાષા શીખવા જતાં તેનો બોજ લાગશે પરંતુ જેમ જેમ પરસ્પરનો સંપર્ક વધશે તેમ તેમ પરસ્પરની ભાષાનું જ્ઞાન પણ સરળતાથી વધતું જશે. બાળકોને તો ભિન્ન ભિન્ન ભાષા સમજતાં ખુશી જ થાય છે. માટે મારું પહેલું સૂચન એ છે કે ભિન્ન ભિન્ન ભાષીઓ વચ્ચેનો સંપર્ક વધવો જોઇએ.

મારું બીજું સૂચન એ છે કે દરેક પ્રાંતની નોકરીમાં અન્ય પ્રાંતોના અમુક ટકા લોકો હોવા જ જોઈએ અને પડોશના પ્રાંતના તો અવશ્ય હોય. દરેક કોલેજમાં કેટલાક પ્રાધ્યાપકો બીજા પ્રાંતોના હોવા જોઈએ. દરેક યુનિવર્સિટીમાં બીજા પ્રાંતોના વિદ્યાર્થીઓ માટે અમુક જગ્યા અનામત રહેવી જોઈએ. આની આજે બહુ આવશ્યકતા છે.

ત્રીજું સૂચન એ છે કે આખાયે દેશમાં ઉચ્ચ શિક્ષણ અખિલ ભારતીય ભાષામાં જ અપાવું જોઈએ. આનો સ્વીકાર થાય ન થાય હું તમારી સામે નમ્રતાથી કહું છું કે કેટલાક હિંદીને અખિલ ભારતીય નથી માનતા, કેમ કે એ મારા ભાઇની ભાષા છે! અખિલ ભારતીય ભાષા એ જ હોઈ શકે જે કોઈ એક પ્રદેશની ભાષા ન હોય! આ ભાષા અખિલ ભારતીય ભાષા ન થઇ શકે. કેમ? તો કે હિંદીવાળાઓને એ આવડે છે. એમને આવડે છે એ જાણે એમનો અપરાધ થઈ ગયો. આ દુઃખદ પરિસ્થિતિ છે, પરંતુ હિંદી ન સ્વીકારી શકે તો અંગ્રેજી સ્વીકારો, પણ ઉચ્ચ શિક્ષણ અખિલ ભારતીય ભાષામાં જ અપાવું જોઈએ.

### લિપિ અને ભાષાને સંપ્રદાય સાથે ન જોડાય

અત્યારે આટલું નહીં થાય તો આ દેશમાં અખિલ ભારતીય

જીવન લગભગ અશક્ય બની જશે. માસ્તર તારાસિંઘે કહ્યું કે હું શીખો માટે અલગ રાજ્ય નથી માગતો, પંજાબીભાષી સુબાની વાત કરું છું. અને પંજાબી ભાષાનો સંબંધ ગુરુમુખી લિપિ સાથે જોડે છે. આપણા દેશમાં માત્ર ભાષાનો જ નહીં, લિપિનોય વાદ છે. આપણા જેવા પરાક્રમી દુનિયામાં બીજા કોઈ નથી. ઊર્દૂ લિપિ વિશે વિવાદ છે. કઈ ચીજનો વાદ નથી ? ઊર્દૂ શબ્દ તો દરેક ભાષામાં આવે છે. ગુજરાતી, મરાઠી, બંગાળીમાં ઊર્દૂ શબ્દ નથી આવતા કે ? કાકા સાહેબે કહ્યું કે બે લિપિઓ ચાલવા દો. મેં પહેલેથી જ એનો વિરોધ કરેલો; કેમ કે લિપિને કોઈ સંપ્રદાય સાથે જોડી દેવી ન જોઇએ. આપણા દેશમાં પારસીઓનો અલગ ધર્મ છે, પરંતુ પારસીઓની થોડી જ કોઈ લિપિ કે ભાષા છે ? ભગવાનનું નામ શું કોઈ પણ ભાષામાં ન લઈ શકાય ? આ દેશમાં ભાષા સંપ્રદાય સાથે જોડાયેલી હોવાથી અહીં કેવળ ભાષાવાદી રાજ્યો જ નહીં, સાંપ્રદાયિક રાજ્યો પણ છે. એને કારણે જ એક બંગાળનાં બે બંગાળ તથા એક પંજાબનાં બે પંજાબ થયાં. ભાષા તો એક જ હતી. અહીં જો કોઈ તરુણ સુબુદ્ધ મુસલમાન હોય તો એના ચરણોમાં મારું નિવેદન છે કે શું ઈંગ્લાંડનો મુસલમાન ઊર્દૂ, અરબી કે ફારસીમાં બોલવાનો છે ? આ દેશનું એ દુર્ભાગ્ય છે કે અહીંની સંસ્કૃતિ, ઈતિહાસ, ભાષા, લિપિ બધું સંપ્રદાય સાથે ચાલે છે. આજે અહીં ગમે તેટલી મુસ્લિમ પરિષદ ભરો પરંતુ નમ્રતાપૂર્વક મારે કહેવું છે કે એક દિવસ તમારે વિચારવું પડશે કે ભાષાનો કોઈ સંબંધ સંપ્રદાય સાથે ક્યારેય નહીં હોય અને એનો આરંભ આ દેશના મુસલમાનોએ કરવો પડશે.

### જાતિવાદનો અંત લાવવો પડશે

બીજી વાત આ દેશના લોકોએ વિચારવાની છે તે જાતિ સંસ્થાની. રાષ્ટ્રીય એકતા અંગે વિચારીએ છીએ એટલે આ જાતિવાદના એને અનુરૂપ એક જ પાસા વિશે પ્રકાશ પાડીશ.

ડૉક્ટર આંબેડકર અને એમના સાથી બૌદ્ધ બની ગયા. ડૉ. આંબેડકર કોણ હતા? કોઈ સામાન્ય માણસ તો નહોતા. આપણા દેશના બંધારણના ઘડવૈયાઓમાંના એક હતા. જે બંધારણમાં આપણે કહ્યું છે કે આ દેશમાં કોઈ અસ્પૃશ્ય નથી, જે કોઈ માણસ બીજાને અસ્પૃશ્ય માનશે તે અપરાધી છે. બંધારણમાં તો આટલે સુધીની બાંહેધરી અપાઈ છે. પરંતુ સામાજિક જીવનમાં ડૉક્ટર આંબેડકરને એવો અનુભવ થયો કે હું તો ક્યાંયનો નથી. તો તેઓ હિંદુ મટી શું બન્યા? કેટલોક વખત વાત ઊડી કે તેઓ શીખ ધર્મ અંગીકાર કરવાના છે. તો શીખોએ ગ્રંથસાહેબ નાગરી લિપિમાં છાપ્યો. પરંતુ જ્યારે બંધારણમાં એ સવાલ આવ્યો કે અસ્પૃશ્યો માટે કેટલીક જગ્યાઓ અલાયદી રખાવી જોઈએ, ત્યારે શીખો ઊભા થઈ ગયા કે શીખ અસ્પૃશ્યો માટે પણ જગ્યા જોઈએ. સરદાર તો આ સાંભળીને અવાક્ થઈ ગયા. આંબેડકર પણ દંગ થઈ ગયા. એમને તો એમ કે શીખોમાં અસ્પૃશ્યતા છે જ નહીં. હવે ક્યાં જવું? જૈનોમાં ભેદ છે જ. ખ્રિસ્તીઓમાં પણ કાળા-ગોરાના ભેદ છે. મુસલમાન બને તો ભારતબાહ્યનિષ્ઠાનો દોષ આવે. તો ધર્મપરિવર્તન સિવાય જાતિ-પરિવર્તન નથી થઈ શકતું. જાત્યંતરનો એક જ ઉપાય છે—ધર્માંતર. તેથી આ દેશમાં જેટલા ધર્માંતર થયાં છે એનું કારણ હિંદુ સમાજની જાતિસંસ્થા છે. મુસલમાનોના સંપ્રદાયવાદનો જનક હિંદુઓનો આ જાતિવાદ છે. અને એ સંપ્રદાયવાદ કોઈ એની વિરુદ્ધના હિંદુ સંગઠનથી કે લાઠી-લેજીમથી દૂર નહીં થઈ શકે. એને દૂર કરવાનો એકમાત્ર ઉપાય એ છે કે આ દેશમાં હિંદુઓની જાતિસંસ્થાનો અંત આવે. એ સિવાય એનો બીજો કોઈ ઉપાય નથી.

**નવાં પાકિસ્તાનો માટે અનુકૂળતા ઊભી કરી આપવી છે કે?**

જબલપુરમાં કેટલાક હિંદુઓ કહેતા હતા કે આ મુસલમાનો ઘણા ઉદ્દંડ બની ગયેલા, એમને થોડો મેથીપાક મળ્યો તે સારું જ

થયું. એમને તો જમલપુરમાં રહેવું ભારે કરી નાખીશું ઠીક છે. મુસલમાનોના મહોલ્લામાં ગયો તો તેઓ બિચારા અત્યંત દુઃખી હતા, હેરાન પરેશાન હતા. તેઓ કહેવા લાગ્યા કે અહીં નહીં રહેવા દે તો અમે જ્યાં મુસલમાનો મોટી સંખ્યામાં છે ત્યાં જઈને રહીશું. આનું પરિણામ શું આવશે? ફરી દેશમાં એવા પ્રદેશો ઊભા થશે, જ્યાં મુસલમાનો ઘણી મોટી સંખ્યામાં હોય. અને પછી તેઓ પોતાના અલગ પાકિસ્તાનની માગણી કરશે.

આનો ઉપાય શો? મુસલમાનોને મારી દરખાસ્ત છે કે તમારે હંમેશ માટે સંકલ્પ કરવો જોઇએ કે સંસ્કૃતિ અને ભાષાનો સંપ્રદાય સાથે કોઈ સંબંધ નથી. હિંદુઓએ સંકલ્પ કરી લેવો જોઇએ કે જ્યાં સુધી અસ્પૃશ્યતા અને જાતિભેદ છે ત્યાં સુધી ધર્માંતર થતું રહેશે. અને જ્યાં સુધી ધર્માંતર થતું રહેશે ત્યાં સુધી આ સમસ્યાનો કોઈ ઉકેલ તમારી પાસે નથી.

આમ એકીકરણનાં મૂળ ઘણાં ઊંડા હોય છે. તેથી આ બધી બાબતોનો ગંભીરતાપૂર્વક વિચાર કરવો જોઇએ. પણ એ કરે કોણ? આજે તો દરેકને પોતાના પક્ષને સંગઠિત કરવાની ફિકર છે, પોતાના રાષ્ટ્રને સંગઠિત કરવાની નહીં. દરેક પક્ષે પોતાને જ રાષ્ટ્ર માની લીધું છે. તો એવી જ રીતે દરેક ભાષા એમ માનશે કે હું જ રાષ્ટ્ર છું, દરેક સંપ્રદાય એમ માનશે કે હું જ રાષ્ટ્ર છું. કોંગ્રેસના આંધ્રના પક્ષનું એક રાષ્ટ્ર છે, કેમ કે એ એમ કહે છે કે કૃષ્ણા–ગોદાવરીનું પાણી અમારું છે. આ બાજુ ચવાણ કહે છે કે એ અમારું છે. કોંગ્રેસ કહે છે કે બંનેનું છે. બંને વચ્ચે કુસ્તી થઈ રહી છે. હૃદયથી હૃદય બાથડી રહ્યાં છે. આવી રીતે કોઈ સમસ્યા ઊકલવાની નથી. તેથી મેં જાણી જોઇને કઠોર શબ્દોમાં અને વિદારક બુદ્ધિથી આ સમસ્યાનું વિશ્લેષણ કર્યું છે. આપણે આજે હવે જાગી જવું જોઇએ. ઓછામાં ઓછું સાધારણ નાગરિકે.

## એમના ખાનદાનની વૃદ્ધિ થાઓ

આજે રાષ્ટ્રીય વ્યાસપીઠ માત્ર વિનોબા ને એમના સાથીઓની રહી છે. આજે પણ તેઓ જ્યાં જાય છે ત્યાં લોકો એમ માને છે કે તેઓ કોઈ પક્ષના કે પ્રાંતના નથી. પક્ષીય નેતાઓમાંથી તો રાષ્ટ્રીય વ્યક્તિત્વવાળી માત્ર બે જ વ્યકિત રહી છે—જવાહરલાલ અને કૃપલાણી, જેમને વિશે કોઇ એમ નહીં કહી શકે કે એમની કોઈ ભાષા છે અને એમનો કોઈ પ્રાંત છે. ગાંધી પણ અત્યારે જો દુર્ભાગ્યથી જીવતો હોત અને કયારેક એના મોંએથી એમ નીકળી જાત કે મુંબઈનું સ્વતંત્ર રાજ્ય બનાવો તો મહારાષ્ટ્રવાળા કહેત કે ગાંધી આખરે તો ગુજરાતી ખરો ને ! વિનોબા આખરે તો મરાઠી જ ને—એમ કહેવામાં ગુજરાતીઓ અચકાયા નથી, તો પક્ષીય નેતાઓમાંથી માત્ર બે જ એવા છે જેમનો કોઈ પ્રાંત નથી, કોઇ ભાષા નથી. શું તમે ભગવાનને એવી પ્રાર્થના કરશો કે એમના ખાનદાનની વૃદ્ધિ થાય ? પોતાને અખિલ ભારતીય નાગરિક માન-નારાઓની સંખ્યા વધે, એની આજે અત્યંત આવશ્યકતા છે. अनेन प्रसविष्यध्वमेष वोऽस्त्विष्टकामधुक्—આ યજ્ઞ કરતા રહીને તમે વૃદ્ધિને પામો અને એ યજ્ઞ તમને કામધેનુની પેઠે ઇષ્ટ ફળને આપનારો થાઓ. તમારે અભિવૃદ્ધિ જ કરવી હોય તો એવી કોશિશ ન કરશો કે વસ્તીગણતરીમાં આસામીઓની, મુસલ-માનોની, બ્રાહ્મણુની સંખ્યા વધે. કોશિશ કરવી હોય તો એવી કરજો કે આવતી વસ્તીગણતરીમાં જવાહરલાલ અને કૃપલાણીની સંખ્યા વધે. આજે એની આવશ્યકતા છે. મહારાષ્ટ્રની, ગુજરાતની, આસામની, બંગાળની વિદ્યાપીઠોમાંથી શું આવા વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકો બહાર આવશે કે ?

વળી અખિલ ભારતીય વ્યાસપીઠ કેવળ વિનોબાની જ હોય એ અમારે માટે ગૌરવનો વિષય નથી, બલ્કે દુર્ભાગ્યની વાત છે. એવી અનેક અખિલ ભારતીય વ્યાસપીઠ હોવી જરૂરી છે. એમ તો અખિલ ભારતીય મુસલમાન પરિષદ, અખિલ ભારતીય રામરાજ્ય

પરિષદ મોજૂદ છે. અખિલ ભારતીય બ્રાહ્મણ સભા અને ક્ષત્રિય સભા પણ અસ્તિત્વ ધરાવે છે. પરંતુ તે બધી અખિલ ભારતીય સભા નથી. અખિલ ભારતીયતા માટે તો ભૂમિકા સર્વવ્યાપક હોવી જોઇએ. એમાં સંખ્યા ભલે ઓછી હોય પણ ભૂમિકા સર્વ-વ્યાપક હોય. આ પ્રકારની અખિલ ભારતીય સંસ્થાઓની આ દેશને આજે ખૂબ જરૂર છે.

ભાષિક રાજ્ય અને ભાષા પ્રેમમાં શું અંતર છે? ભાષાવાદ કોને કહે છે? ભાષાનો પ્રેમ કોને કહે છે? ભાષાનો રાષ્ટ્ર સાથે શો સંબંધ છે? બીજાં રાષ્ટ્રોએ આ સમસ્યા કેવી રીતે ઉકેલી છે? સ્વિટ્ઝરલૅન્ડમાં શું, અમેરિકામાં શું, ગ્રેટ બ્રિટનમાં શું, રશિયામાં શું થયું છે?—આ બધી બાબતો મેં છોડી દીધી છે, કેમ કે આ બધું એક જ ભાષણમાં ન આવી શકે. રાષ્ટ્રીય એકતાની ભૂમિકાનું વિવેચન મેં માત્ર ભાષાવાદ એટલે કે ભાષિક રાજ્યવાદ અને સાંપ્રદાયિક રાજ્યવાદની ભૂમિકાથી કર્યું છે. ભાષિક રાજ્યવાદ શું છે? ભાષિક રાજ્યવાદમાંથી બહુરાજ્યવાદનો જન્મ કેમ થયો? સાંપ્રદાયિક રાજ્યવાદ શું છે? સાંપ્રદાયિક રાજ્યવાદ-માંથી દ્વિરાષ્ટ્રવાદ કેમ આવ્યો?—આ બધી બાબતોનો થોડો સંકેત મેં કર્યો છે. સંકેત બાદ જે વસ્તુસ્થિતિ છે, જેનો આજે સ્વીકાર કરવો પડે છે, એની તીવ્રતા ઓછી કરવા સારુ રાષ્ટ્રીય એકતા તરફ ડગ માંડવા માટે કયા ઉપાય હોઈ શકે એનોય થોડોક નિર્દેશ કર્યો છે. બે શબ્દ વધુ બોલાઈ ગયા હોય તો કૃપા કરીને કાઢી નાખજો, અને ઓછા બોલાયા હોય તો એની પૂર્તિ કરી દેજો.

### રાષ્ટ્રીયતાની ભાવનાનું બીજારોપણ કરીએ

તમારી સમક્ષ આ વિવેચન ઔપચારિક દૃષ્ટિએ નહીં પણ સહૃદયતાપૂર્વક કર્યું છે. ઘનિષ્ઠ મિત્રો વચ્ચે જેમ heart to heart—દિલપૂર્વક વાત થાય છે તેમ મારું દિલ તમારી સમક્ષ રાખી દીધું. મિત્રો, દેશનું રક્ષણ સેના દ્વારા નહીં પણ નાગરિકની

નિષ્ઠાથી થાય છે. જો નાગરિકોના હૃદયમાં નિષ્ઠા ન હોય તો કોઈ સેના એનું સંરક્ષણ ન કરી શકે. જે પ્રદેશમાં આજે ચીન પ્રવેશ કરી રહ્યું છે, તે પ્રદેશમાં રહેનારા લોકો ભારતવર્ષનું નામેય નથી જાણતા, એ વાતની શું તમને ખબર છે? નાગા લોકો ભારતને નથી ઓળખતા, Indiaને ઓળખે છે, જે શબ્દ એમને ખ્રિસ્તી મિશનરીઓએ શીખવ્યો છે. દેશની સરહદ પર રહેનારાઓના ચિત્તમાં તમારી સાથે કોઈ એકતાની ભાવના નથી. આજે એ અવસર છે કે ફરી રાષ્ટ્રીયતાની ભાવનાનું બીજારોપણ કરીએ, એનું સંવર્ધન કરીએ, પરિપોષણ કરીએ અને આખરે ફૂલી-ફાલેલી જોઈએ. મને ખબર નથી કે અમારી પેઢીને આ સદ્ભાગ્ય પ્રાપ્ત થશે કે નહીં. યુવાનોના ચરણોમાં મારું નિવેદન છે કે તમારું ભારતવર્ષ એવું ભારતવર્ષ હોવું જોઈએ, જેમાં નાગરિકોની દુર્દમ્ય નિષ્ઠા અને અદમ્ય દેશપ્રેમને કારણે દુનિયાભરના કોઈ રાષ્ટ્ર કે ગમે તેવી મોટી શસ્ત્રધારી જમાતની તાકાત નથી કે એની તરફ આંખ ઊંચી કરીને જોઈ શકે. ☆

[ આજે સંકીર્ણ રાજ્યવાદના તાંડવને કારણે દેશ છિન્ન-વિચ્છિન્ન થઈ જવાનો ભય છે. ભારતીય એકતા પ્રાચીન ભારતમાં એક સિદ્ધ વસ્તુ રહી છે, પણ આજે ભારત એક દેશ છે કે નહીં એવી શંકાઓ ઊઠે છે. આજે અખિલ ભારતીય જીવન ક્યાંય જણાતું નથી. આ અદ્ભુત દેશમાં એક ભાષા બોલનારા લોકો બીજી ભાષાવાળા પ્રાંતમાં નિરાશ્રિત બની જાય છે. મનુષ્યની વિશેષતા ભાષા નહીં, વાણી છે. ભાષા મનુષ્યનો સંસ્કાર છે, વાણી સ્વભાવ છે. તેથી ભાષા બદલાઈ શકે છે. એકમેકની ભાષા બોલવા-લખવા-સમજવા ઈન્કાર કરીશું તો આંતર-પ્રાંતીય વ્યવહારમાં ઈશારા ને હાવભાવની ભાષા પર આવી જવું પડશે. એકતાની પ્રેરણા માણસના ચિત્તમાં થવી જોઈએ. ભિન્નભિન્ન ભાષાના લોકો વચ્ચે સંપર્ક વધવો જોઈએ. દરેક પ્રાંતની નોકરીમાં અને વિદ્યાપીઠોમાં અન્ય પ્રાંતના લોકો માટે અમુક જગ્યા અનામત રહેવી જોઈએ. ઉચ્ચ શિક્ષણ અખિલ ભારતીય ભાષામાં જ અપાવું જોઈએ. લિપિ કે ભાષાને કોઈ ધર્મ કે સંપ્રદાય સાથે જોડી દેવી ન જોઈએ. રાષ્ટ્રીય વ્યક્તિત્વવાળી વ્યક્તિઓની સંખ્યા વધવી જોઈએ. ]

# યજ્ઞ પ્રકાશન

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | શિક્ષણ-વિચાર | વિનોબા | | ૨-૦૦ |
| ૨ | શાંતિ-સેના | | | ૧-૨૫ |
| ૩ | સત્યાગ્રહ | ,, | | ૧-૦૦ |
| ૪ | સામ્યસૂત્ર | ,, | | ૦-૬૫ |
| ૫ | ભૂદાનગંગા ખંડ ૧-૨-૩ | ,, | પ્રત્યેકનો | ૧-૦૦ |
| ૬ | વ્યાપારધર્મ | ,, | | ૦-૨૫ |
| ૭ | વિશ્વમંદિર | ,, | | ૦-૨૫ |
| ૮ | સર્વોદય-પાત્ર | | | ૦-૩૧ |
| ૯ | ગાંધીજનને | | | ૦-૫૦ |
| ૧૦ | ગાંધીજીના ગુજરાતને | ,, | | ૦-૨૫ |
| ૧૧ | ગ્રામદાન એટલે અભયદાન | ,, | | ૦-૨૫ |
| ૧૨ | શુચિતા-સપ્તક | | | ૦-૨૦ |
| ૧૩ | ચીનનો સવાલ | ,, | | ૦-૨૦ |
| ૧૪ | બહેનોને | ,, | | ૦-૧૫ |
| ૧૫ | બુદ્ધ-શંકર-માર્ક્સ-ગાંધી | દાદા-વિનોબા | | ૦-૫૦ |
| ૧૬ | શાંતિ-વિચાર | દાદા ધર્માધિકારી | | ૦-૪૦ |
| ૧૭ | વિચારક્રાંતિ (પૂર્વાર્ધ-ઉત્તરાર્ધ) | ,, | પ્રત્યેકના | ૨-૦૦ |
| ૧૮ | યુગ પલટાય છે | રવિશંકર મહારાજ | | ૦-૨૫ |
| ૧૯ | યજ્ઞ-સંદેશ | બબલભાઈ મહેતા | | ૦-૩૫ |
| ૨૦ | પરોઢનાં સમણાં | હર્ષકાન્ત વોરા | | ૦-૨૫ |
| ૨૧ | ભૂદાન પોથી | સુભદ્રા ગાંધી | | ૦-૩૧ |
| ૨૨ | ભૂમિપુત્રની વાતો ભાગ ૧-૨-૩ | (સંપાદિત) | પ્રત્યેકના | ૦-૨૫ |
| ૨૩ | ધરતીનાં ગીતો | (સંકલિત) | | ૦-૧૨ |
| ૨૪ | પ્રાર્થના પોથી | | | ૦-૦૬ |
| ૨૫ | સામ્યયોગી વિનોબા (જીવનચરિત્ર) | પ્રબોધ ચોકસી | | ૧-૨૫ |
| ૨૬ | ગરીબનો મરો | તોલ્સ્તોય | | ૨-૦૦ |
| ૨૭ | લોકસ્વરાજ્ય | જયપ્રકાશ નારાયણ | | ૦-૫૦ |
| ૨૮ | વિશ્લેષણ | દાદા ધર્માધિકારી | | ૧-૨૫ |
| ૨૯ | ઉપનિષદોનો અભ્યાસ | વિનોબા | | ૧-૦૦ |

યજ્ઞ પ્રકાશન

કીમત રૂ. ૧-૨૫